વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦/-

વર્ષ : ૪૪મું
સપ્ટેમ્બર - ૨૦૧૯
અંક : ૪૯૬


મંગલ મંદિર ● સપ્ટેમ્બર-૨૦૧૯ ● ૧
(કુલ પાના : ૬૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-શુભિમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org


gala
INSPIRED BY PERFECTION
BOPAL'S NEW BUSINESS DESTINATION
5 floors of premium commercial space
near Basant Bahar Gymkhana
POSSESSION SHORTLY
SONY
RETAIL AND OFFICE SPACES | EASY ACCESS TO BRTS | BANK LOAN AVAILABLE
gala hub ANX
THE CENTRE OF LIFE
Site address: Gala HUB ANX, Next to Basant Bahar Gymkhana, Gala Gymkhana Road, Bopal, Ahmedabad 380058.
CALL: 8141680000 | 9586134100
Email: perfection@galainfra.com | www.galainfra.com
PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA01015/131217 | gujrera.gujarat.gov.in

**DEEP Industries Limited**

**Oil & Gas Exploration Production & Services**



- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT


● CONTACT DETAILS ●

**Deep Industries Limited**

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com




# કચ્છી સર્જકો અને કચ્છી સાહિત્યનાં વિવિધ પુસ્તકો





| | | |
|---|---|---|
| કાગવાણી ભાગ - 1 | દુલા ભાયા કાગ | 100 |
| કાગવાણી ભાગ - 2 | દુલા ભાયા કાગ | 120 |
| કાગવાણી ભાગ - 3 | દુલા ભાયા કાગ | 170 |
| પી. કથાનકો અને રૂપકો (કા.વા. 4) | દુલા ભાયા કાગ | 140 |
| બાવન ફૂલડાંનો બાગ (કા.વા. 5) | દુલા ભાયા કાગ | 180 |
| ભૂદાનમાળા (કા.વા. 6) | દુલા ભાયા કાગ | 170 |
| મા (કા.વા. 7) | દુલા ભાયા કાગ | 125 |
| યોગીમાળા (કા.વા. 8) | દુલા ભાયા કાગ | 125 |
| કાગમાળા | સંપા. જગદીશ ત્રિવેદી | 50 |
| કચ્છીકથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 140 |
| જીવન એક ઉત્સવ (પ્રેરક લેખો) | હરેશ ધોળકિયા | 150 |
| વિચારોની રખડપટ્ટી (પ્રેરક લેખો) | હરેશ ધોળકિયા | 125 |
| અંગદનો પગ (નવલકથા) | હરેશ ધોળકિયા | 150 |
| નિયતિનું સંતાન (નવલકથા) | હરેશ ધોળકિયા | 125 |
| લાંબું સ્વપ્ન (નવલકથા) | હરેશ ધોળકિયા | 200 |
| અદશ્ય પાત્રો (વાર્તાસંગ્રહ) | હરેશ ધોળકિયા | 125 |
| સાંજનો સૂર્યોદય (વાર્તાસંગ્રહ) | હરેશ ધોળકિયા | 170 |
| મહર્ષિ અરવિંદ (જીવનચરિત્ર) | હરેશ ધોળકિયા | 125 |
| યોગીરાજ લાહિડી મહાશય (જીવનચરિત્ર) | હરેશ ધોળકિયા | 50 |
| કિસકો લાગૂં પાય ? (જીવનચરિત્ર) | હરેશ ધોળકિયા | 100 |
| મહાભારત ચરિત્રવિમર્શ (પાત્ર-પરિચય) | દર્શના ધોળકિયા | 120 |
| પરિચયપર્વ (જીવનચરિત્ર) | દર્શના ધોળકિયા | 125 |
| આઠે પહોર આનંદ રે... (વિવેચન) | દર્શના ધોળકિયા | 125 |
| નરસિંહ ચરિત્રવિમર્શ (વિવેચન) | દર્શના ધોળકિયા | 300 |
| શ્વાસમાં વાગે શંખ (ભક્તિકાવ્યોનો આસ્વાદ) | દર્શના ધોળકિયા | 225 |
| સહૃદય ધર્મ (અનંતરાય મ. રાવળના લેખો) | સંપા. દર્શના ધોળકિયા | 260 |
| અવધૂત આનંદઘન પદલહરી (આસ્વાદ) | માવજી કે. સાવલા | 110 |

| | | |
|---|---|---|
| કોઈ ઝબકે, કોઈ ઝબકાવે (જીવનચરિત્ર) | ધીરેન્દ્ર મહેતા | 120 |
| આપણે લોકો (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 115 |
| અદશ્ય (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 80 |
| ખોવાઈ ગયેલી વસ્તુ (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 100 |
| ભંડારી ભવન (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 175 |
| વલય (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 100 |
| છાવણી (પુરસ્કૃત, નવલકથા)) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| ચિહ્ન (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 200 |
| ગંઠાઈ ગયેલું લોહી (વાર્તાસંગ્રહ) | ધીરેન્દ્ર મહેતા | 140 |
| હું એને જોઉં એ પહેલાં (વાર્તાસંગ્રહ) | ધીરેન્દ્ર મહેતા | 100 |
| તમે માનશો ? (લઘુનવલ) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| પ્રત્યંચાનો કંપ (કાવ્યો) | ધીરેન્દ્ર મહેતા | 125 |
| નંદશંકરથી ઉમાશંકર (વિવેચન) | ધીરેન્દ્ર મહેતા | 250 |
| દર્શક અને બીજા વિશે (વિવેચન) | ધીરેન્દ્ર મહેતા | 180 |
| રણની આંખમાં દરિયો (વાર્તાસંગ્રહ) | સંપા. ધીરેન્દ્ર મહેતા | 150 |
| મનબંધણ (નવલકથા) | હંસરાજ સાંખલા | 425 |
| ફેસબૂકમાંના ચહેરાઓ (નવલકથા) | મનીષા ગાલા | 300 |
| ખરા બપોર (વાર્તાસંગ્રહ) | જયંત ખત્રી | 110 |
| બસ, હવે હું જાઉં છું (વાર્તાસંગ્રહ) | ધીરજ બારુપાર | 90 |
| ખોવાઈ ગયેલું ગામ (વાર્તાસંગ્રહ) | માવજી માહેશ્વરી | 130 |
| જવનિકા (વાર્તાસંગ્રહ) | બિપિન ધોળકિયા | 150 |
| કચ્છી બોલી (સંદર્ભ) | મહેન્દ્ર સાકરચંદ દોશી | 140 |
| કેડે કટારી, ખભે ઢાલ (કચ્છી સત્યકથાઓ) | કુમારપાળ દેસાઈ | 100 |
| કચ્છીકવિતા - આસ્વાદના આલોકમાં (વિવેચન) | પ્રભાશંકર ફડકે | 80 |
| ધીણોધર સંભરન (કચ્છ વિષયક વાર્તાઓ, નિબંધો) | સંપા. વીનેશ અંતાણી | 240 |
| કચ્છી કથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 140 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હોલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૩ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- 'એક રાષ્ટ્ર, એક બંધારણ' – નૂતન કાશ્મીર તરફ એક નજર ........ ૭
- અગત્યના દિન : રાષ્ટ્રીય અને વિશ્વ ........ ૮
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૯

**દીપશીખા**

- નિષ્ફળતા અને માનસિક સંતુલન ● આશામય સફળતા ● સફળતાની બાધક : શંકા ........ ૧૦
- હાર-જીતને પચાવતા શીખો ........ **ડૉ. પૂજા કોટક** .... ૧૧

**YOUTH CLUB**

- Some Golden Rays ........ ૧૧

**સંકલ્પ**

- આજીવન રક્તદાન – મૃત્યુ પછી ચક્ષુદાન, દેહદાન ........ **કમલેશભાઈ બાબુભાઈ શાહ** .... ૧૨

**પ્રાસંગિક**

- ગાંધીજીની સાથે એક અઠવાડિયું – (૨) ........ **લુઇ ફિશર, અમેરિકન પત્રકાર** .... ૧૪
  **પ્રેષક : મગનલાલ સંઘવી**

**'ક્ષમા વીરસ્ય ભૂષણમ્'**

- ક્ષમા : વ્યક્તિની ઓળખ ........ **ભગીરથ બ્રહ્મભટ્ટ** .... ૧૭

**સિદ્ધિ**

- નેક કામનું ફળ! ........ **ડૉ. આઈ.કે. વીજળીવાલા** .... ૧૯

**વિચાર મંથન**

- આવા બધા ભભકા અને દેખાડા શા માટે? ........ **ડૉ. યાસીન દલાલ** .... ૨૦

**અહેસાસ**

- "પ્રેમનો રિવાજ" ........ **સુનિતા એ. શાહ** .... ૨૨

**કચ્છ**

- કચ્છના કર્મઠ કેળવણીકાર : કુંજભાઈ મહેતા ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૨૬
- કચ્છની હસ્તકળાનો પર્યાય ........ ૨૮
- કચ્છમાં માંડવી તાલુકામાં ગોધરા ગામે આવેલું 'અંબેધામ' ........ ૨૮

**આરોગ્ય**

- "મારો સ્વજન થોડા સમયથી બહુ જ બોલે છે, ..... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** .... ૨૯
  ના પાડવા છતાં અટકતો જ નથી" – (૪) : સારવાર – ૨ **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## બંધુત્વ સે પ્રેમ

● "ઈતિહાસ બોધ" ..................... **દામજી માણેક ગડા**.... ૩૧

## હળવાશની ક્ષણો!

● સાસરીમાં ધામા!! ..................... **ચિત્રસેન શાહ, નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જીઈબી)** .... ૩૩

## વૈવિધ્ય

● આંજો કાગર ..................... ૩૫
● અન્ય સંસ્થાના સમાચાર ..................... ૩૫
● વિવિધ માહિતી ..................... ૩૬
● ઈન્ટરનેટની સલામતી (Most Important) ..................... ૩૮
● જૈન ધર્મની એકસુત્રતા ..................... **રમણિકલાલ કુંવરજી ગોસર**.... ૩૯
● પ્લીઝ પ્રભુ પ્લીઝ ..................... **અરવિંદ સોમૈયા**.... ૩૯
● ગેમ્સ ગેલેરી : લવ લેટર ..................... **ભાવના એ. ઝવેરી**.... ૪૦
● જ્ઞાન ગમ્મત ..................... **કિરણબેન પી. ઠક્કર**.... ૪૧

## મનોરમ્ય

● મૈં જિંદગીકા સાથ નિભાતા ચલા ગયા!! ..................... **જાદવજી કાનજી વોરા**.... ૪૩
● વાંઢો પુત્તર અને બાપાસે કજીઓ ........... **રતુ (ભાચ્છા), પ્રેષક : લીલાધર લખમશી વિસરીયા**..... ૪૪
● અંતર વરસે અનરાધાર : **સુનિતા એ. શાહ** ● રસ્તો કપાતો જાય છે : **રણછોડ વી. પરમાર** ........... ૪૫
● ખૂબ ખૂબ ઈશ્વર આભાર તારો ..................... **અરવિંદ સોમૈયા**.... ૪૫
● મૈં હી નહીં, પરિવર્તન : **'આરસી' શાહ** ● લગ્ન એટલે : **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર 'શાંત'** ............... ૪૬
● કચ્છ જી કમાલ ..................... **કમલાબેન અશ્વિન ચંદન 'કપીલા'**..... ૪૬

## નિયમિત વિભાગો

● *Nano Nine* શબ્દ રમત-૧૫૫ ● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૧૧૩) **સંકલન : રજનીકાંત પારેખ**...... ૪૭
● બાલુડેં જ્યું ગાલિયું ..................... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**.... ૫૦
● વલોવતન ..................... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**..... ૫૧
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ : નિમંત્રણ ..................... ૫૩
● સંસ્થા સમાચાર ..................... ૫૪
● ટ્રસ્ટ મંડળના સભ્યોની યાદી : વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ..................... ૫૬
● કારોબારી સમિતિના સભ્યોની યાદી : વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ..................... ૫૭
● ઊડતી નજરે ..................... ૬૪

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# 'એક રાષ્ટ્ર, એક બંધારણ' – નૂતન કાશ્મીર તરફ એક નજર...

કેન્દ્ર સરકારે કાશ્મીરને મળેલી વિશિષ્ટ પ્રકારની સ્વાયત્તતાઓનો અને અન્ય રાજ્યો કરતાં તદ્દન વિપરીત અને વિશિષ્ટ હક્કોનો જે જરૂખો હતો તે તાજેતરમાં રદ કર્યો, નાબૂદ કર્યો છે. સીધી રીતે જોઈએ તો કાશ્મીરનું વિભાજન કરવામાં આવ્યું છે. સરકારની આ પ્રકારની કાનૂની કાર્યવાહીની ત્યાંના વિસ્તારમાં કેવી અસર થઈ છે અથવા તો કેવા પ્રત્યાઘાત છે તે જાણવા માટે થોડો સમય જોઈશે. પ્રથમ દષ્ટિએ ત્યાંનું જનજીવન ધીરે ધીરે વ્યવસ્થિત થતું હોય તેમ જણાય છે. આ કારણે સરકારને સારા પ્રતિભાવ મળવા લાગ્યા છે. આપણે જાણીએ છીએ તેમ, જમ્મુ અને કાશ્મીર હવે પહેલાની જેમ નથી રહ્યું. તેનું વિભાજન થયું છે. બે નવા કેન્દ્રશાસિત વિસ્તારો ઊભા થયા છે. તે પૈકી એક છે લડાખ અને બીજું છે જમ્મુ અને કાશ્મીર. જમ્મુ કાશ્મીરના બે ભાગો થયા તેમજ લડાખ કેન્દ્રશાસિત પ્રદેશ બન્યો છે. તા. ૫ અને ૬ ઓગસ્ટ, ૨૦૧૯ના સરકારને ત્રણ અલગ અલગ મુદ્દાઓની સંસદમાં મંજૂરી લેવામાં સફળતા મળી હતી. આ ત્રણ મુદ્દા એટલે બંધારણની ૩૭૦મી કલમને દૂર કરવી અને ક્લોઝ-૩ માં સુધારો કરવો તથા કેન્દ્રશાસિત પ્રદેશ અંગે નિર્ણય. આ રીતે બે કેન્દ્રશાસિત વિસ્તારોની રચના થઈ. સંસદમાં આ પ્રક્રિયામાં કેટલાક વિરોધ પક્ષના સભ્યોએ પણ પોતાનો ટેકો આપ્યો હતો. એક જટીલ પ્રશ્ન હતો કલમ ૩૭૦ અને ૩૫એ નાબૂદ કરવાનો. જેનો હાલના તબક્કે અંત આવ્યો છે. ભારતની વર્તમાન સરકારની તાકાતનો અનેક સ્થળોએ સારો પ્રતિસાદ પ્રાપ્ત થયો છે. વિશ્વની મહાસત્તાઓએ પણ આ કામગીરીની નોંધ લીધી છે. કેન્દ્ર સરકારનો આ એક હિંમતભર્યો, દૂરોગામી નિર્ણય છે. તમામ સ્તરે અભૂતપૂર્વ ગણી શકાય તેવા આ નિર્ણયને પગલે હવે કાશ્મીરની ગણના પણ દેશના અન્ય રાજ્યોની જેમ થશે કારણકે વિશિષ્ટ અધિકારોની નાબૂદી થઈ છે. બીજી રીતે જોઈએ તો છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલી અલગતાવાદી ચળવળનો પણ અંત આવશે. **આ બધી કવાયતના અંતે સરકારે કહ્યું છે કે દેશના અન્ય રાજ્યોની જેમ કાશ્મીરનો પણ દરેક સ્તરે વિકાસ થશે અને ત્યાંના પંડિતો કાશ્મીર વિસ્તારમાં ત્વરીત ધોરણે પુનઃ સ્થાપિત થશે.** દેશ માટે આ બધી મહત્ત્વની બાબત છે. સરકારના આ નિર્ણયને રાષ્ટ્રના કોર્પોરેટ જગતે પણ આવકાર્યો છે. ઉદ્યોગ ક્ષેત્રની અગ્રીમ હરોળની વ્યક્તિઓએ જણાવ્યું છે કે કલમ ૩૭૦ની નાબૂદીના પગલે કાશ્મીર ખીણ વિસ્તારમાં શાંતિ, સમૃદ્ધિ અને સંવાદિતાનો પ્રસાર થશે. **અત્રે એક વસ્તુ ચોક્કસ છે કે આ પ્રકારના નવા વિઝન માટે સૌ કોઈએ સાથે મળીને ચાલવું પડશે. એટલું જ નહીં પરંતુ નવી સફરમાં દરેક વર્ગે સાથ-સહકાર આપવો પડશે.** આ બધું શક્ય થશે એટલે તે સીમાચિહ્નરૂપ કામગીરી સાબિત થશે. આ વિષયે સફળતા મેળવવા ભારત સરકારે પણ સાવચેતી રાખવી પડશે કે આ પ્રકારની રાષ્ટ્રની આંતરિક બાબતને સંયુક્ત રાષ્ટ્ર જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં લઈ જઈને અન્ય દેશો દ્વારા તેને વિવાદનો મુદ્દો બનાવવામાં ન આવે.

બીજી તરફ, રીયલ એસ્ટેટ ક્ષેત્રે કાર્યરત દેશના અગ્રીમ કક્ષાના ઉદ્યોગ ગૃહે આ અંગે પ્રતિભાવમાં જણાવ્યું કે, કલમ ૩૭૦ નાબૂદ થવાના કારણે દાયકાઓથી આતંકવાદને સહન કરી રહેલા આ સરહદી ખૂબ જ રમણીય વિસ્તારને નવજીવન પ્રાપ્ત થયું છે. આ કાર્યવાહીના કારણે હવે જમ્મુ - કાશ્મીર અને લડાખમાં આર્થિક વૃધ્ધિ માટેની નવી ક્ષિતિજો ખૂલી છે. તેના પરિણામે બેરોજગારી જેવા પ્રશ્નો પણ હલ થઈ શકશે. આ પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો આ એક અતિ મહત્ત્વપૂર્ણ નિર્ણય છે. તે વિસ્તારના વિકાસ અંગે ખાસ્સી જહેમત ઉઠાવવી પડશે. **તે માટે ત્યાંની સ્થાનિક પ્રજાએ પણ સંપૂર્ણ રીતે તૈયારી બતાવવી પડશે.** સત્તાધીશોએ કાશ્મીરની સુંદરતાને આંચ ન આવે

તેવા પગલા ભરીને તથા પર્યાવરણને નજરમાં રાખીને ત્યાંના વિકાસની નવી કેડી કંડારવી પડશે. આઝાદ ભારતના ઈતિહાસની આ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ ઘટના છે. તે સાથે રાષ્ટ્રના એકીકરણનું સરદાર પટેલનું સ્વપ્ન સાકાર થયું છે. **અત્યારે દેશના સાર્વભૌમત્વ અને અખંડતાની વાત છે એટલે રાષ્ટ્રની પ્રજાએ એકતાના દર્શન કરાવવા પડશે.**

ઉદ્યોગોની સંસ્થા એસોચેમે પણ સરકારના નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે કલમ ૩૭૦ની નાબૂદીથી જમ્મુ - કાશ્મીરમાં શાંતિ અને વિકાસનો માર્ગ મોકળો થશે તથા તેની સાથે રાષ્ટ્રનો પણ સર્વાંગી વિકાસ થશે. 'એક રાષ્ટ્ર, એક બંધારણ'ના લક્ષ્ય તરફ આગળ વધવા માટે આ પગલું મહત્ત્વનું અને નિર્ણાયક સાબિત થશે અને રાષ્ટ્રની અર્થ વ્યવસ્થાને મજબૂત કરવામાં અગત્યનો રોલ અદા કરશે, તેવી અપેક્ષા રાખી શકાય. ■


## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

### માસ : સપ્ટેમ્બર

૦૫ શિક્ષક દિન (ડૉ. રાધાકૃષ્ણનનો જન્મદિન)
૧૧ દેશ ભક્તિ દિન
૧૪ હિંદી દિવસ, અંધજન દિન

### માસ : ઓક્ટોબર

૦૨ મહાત્મા ગાંધી અને લાલબહાદુર શાસ્ત્રી જન્મદિન
૦૮ ભારતીય વાયુસેના દિન
૦૯ પ્રાદેશિક સેના દિન
૧૦ રાષ્ટ્રીય ટપાલ દિન
૧૧ જયપ્રકાશ નારાયણ જન્મદિન
૨૪ 'સંયુક્ત રાષ્ટ્ર' દિન (યુએન ડે)
૩૧ રાષ્ટ્રીય એકતા દિન (ઇન્દિરા ગાંધીની પુણ્યતિથિ) સરદાર પટેલ જન્મદિન



## વિશ્વ : અગત્યના દિન

### માસ : સપ્ટેમ્બર

૦૮ વિશ્વ સાક્ષરતા દિન
૧૬ વિશ્વ ઓઝોન દિન
૨૫ વિશ્વ નૌકા દિન
૨૬ વિશ્વ બધિર દિન
૨૭ વિશ્વ પ્રવાસન દિન

### માસ : ઓક્ટોબર

૦૧ વિશ્વ સંગીત દિન, વિશ્વ પ્રૌઢ દિન
૦૨ વિશ્વ અહિંસા દિન
૦૩ વિશ્વ પશુ દિન, વિશ્વ નિવાસ દિન
૦૪ વિશ્વ વન્ય જીવ દિન
૦૫ વિશ્વ રહેઠાણ દિન
૦૬ વિશ્વ શાકાહાર દિન
૧૦ વિશ્વ ટપાલ દિન
૧૪ વિશ્વ સ્ટાન્ડર્ડ્સ દિન
૧૬ વિશ્વ ખાદ્ય (અન્ન) દિન, બૉસ ડે
૧૭ વિશ્વ ગરીબી નાબૂદી દિન
૨૪ 'સંયુક્ત રાષ્ટ્ર' દિન (યુએન ડે)
૩૦ વિશ્વ બચત દિન

## આપની તસવીર સાથે મૌલિક લેખ / કૃતિ આવકારપાત્ર

*'મંગલ મંદિર'ને અનુરૂપ તથા તેના નીતિ-નિયમોને આધીન મૌલિક લેખ / કૃતિ વગેરે પ્રકાશિત કરવા અર્થે મોકલાવવા તજજ્ઞ લેખકશ્રીઓ તથા સમાજના પરિવારજનોને આહ્વાન આપીએ છીએ. આપશ્રીની કોઈપણ પ્રકારની કૃતિ મોકલાવો ત્યારે તેની સાથે આપની એક તસવીર જરૂર મોકલાવશો.*

# આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯ સવારે ૯.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્નેહમિલન સમારંભ અને સ્વામિવાત્સલ્ય જમણવાર |
| ● રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯ સવારે ૧૦.૦૦થી ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સરસ્વતી સન્માન સમિતિ | બાળ વર્ગ (કે.જી.)થી ધોરણ-૯ સુધીના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ. |
| ● રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯ સવારે ૧૦.૦૦થી ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મહિલા ઉત્કર્ષ સમિતિ | ● કુકિંગ ડેમોન્સ્ટ્રેશન માટે રજિસ્ટ્રેશન.<br>● બહેનો માટે મેમોગ્રાફી અને પેપ ટેસ્ટ રજિસ્ટ્રેશન કેમ્પ. |
| ● ગુરુવાર, તા. ૧૯-૦૯-૨૦૧૯ શુક્રવાર, તા. ૨૦-૦૯-૨૦૧૯ (બે દિવસ) સવારે ૦૬.૦૦ વાગે | પ્રસ્થાન : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિ | બે દિવસ માટે યાત્રા કાર્યક્રમ. જેમાં નવા તીર્થ રાજગૃહી, શાશ્વત તીર્થ શત્રુંજય - હસ્તગીરી, મહુવા, તળાજા વગેરે. |
| ● બુધવાર, તા. ૨૫-૦૯-૨૦૧૯ બપોરે ૨.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મહિલા ઉત્કર્ષ સમિતિ | ન્યૂટ્રિસ્નેક્સ – કુકિંગ ડેમોન્સ્ટ્રેશન |
| ● બુધવાર, તા. ૦૨-૧૦-૨૦૧૯ રાત્રે ૮.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ | નવરાત્રી રાસ - ગરબા કાર્યક્રમ. |
| ● તા. ૦૩-૧૨-૨૦૧૯થી તા. ૧૪-૧૨-૨૦૧૯ | અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ | શિખરજી પંચતીર્થી ભાગલપુર સાથે બનારસ યાત્રા પ્રવાસ |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

*નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોની વિગતવાર માહિતી સંસ્થા સમાચાર વિભાગમાં જે તે સમિતિના અહેવાલમાં ઉપલબ્ધ છે.*

## ॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

*પર્વાધિરાજ પર્યુષણ પર્વના સંવત્સરિ પ્રસંગે*
*સર્વે પરિવારજનો, કાર્યકર્તાઓ,*
*સાહિત્ય ક્ષેત્રે લેખન સામગ્રીઓનું પ્રદાન કરનાર લેખક - કવિશ્રીઓ,*
*વાચકવર્ગ, પ્રિન્ટર્સ, વિજ્ઞાપનકારો*
*વગેરે સૌને અંતઃકરણપૂર્વક*

**'મિચ્છામિ દુક્કડમ્.'**

## નિષ્ફળતા અને માનસિક સંતુલન

જીવન એક નૌકા છે, તેની ગતિ હંમેશાં સ્થિર કે સરળ હોતી નથી. ક્યારેક તેનું લક્ષ્ય ઝડપથી પાર પડે છે, ક્યારેક તેના માર્ગમાં તોફાન આવે છે. જીવન સફળતા - નિષ્ફળતા, સગવડ - અગવડથી ભરેલું છે. તેથી વ્યક્તિએ દરેક પરિસ્થિતિમાં સંતુલન (Balance) રાખતા શીખવું પડે છે. ખાસ તો, નિષ્ફળતાના માહોલમાં માનસિક સંતુલન રાખવું પડે છે.

જો કે આજના સ્પર્ધાત્મક વાતાવરણમાં દરેક વ્યક્તિને દરેક ક્ષેત્રમાં ઉત્તમ સફળતા, જ્વલંત સફળતાની ઈચ્છા હોય છે, પરંતુ તે શક્ય બનતું હોતું નથી. તમામ વ્યક્તિ તમામ જગ્યાએ સફળ થતી નથી. કોઈકને તો નિષ્ફળતાનો સામનો કરવો પડે છે. વ્યક્તિને જ્યારે નિષ્ફળતા મળે છે ત્યારે તે હતાશ, નિરાશ કે નાસીપાસ થઈ જાય છે, પણ તે તેનો ઉકેલ નથી. નિષ્ફળતાને પચાવવા અને તેમાંથી પદાર્થપાઠ મેળવતા શીખવું પડે છે કેમકે મનોવિજ્ઞાનના સંશોધન પ્રમાણે નિષ્ફળતા એ નજીવી કે મોટી પણ તુલનાત્મક વધુ હોય છે. અન્ય જેવી સફળતા ન મળે (પ્રથમ ક્રમ ન આવે કે છેલ્લા ક્રમે આવે) તો તે નિષ્ફળતા નથી. ફક્ત અન્યની તુલનામાં પાછળ હોઈએ છીએ. સતત તુલનાને નિષ્ફળતા ગણવી એ એક મનોવૈજ્ઞાનિક સમસ્યા કે રોગ છે. તેનાથી દૂર રહેવું પડે છે.

બીજી એક વાત. નિષ્ફળતા ચાહે નાની કે મોટી આવશે તેવો ભય કે ભ્રમ મનમાંથી કાઢી નાખવો પડે છે. નિષ્ફળતા આવે તો તેને સહન કરવા કટીબદ્ધ રહેવું પડે છે. જો કે તેનો આધાર વ્યક્તિની શારીરિક શક્તિ, માનસિક વિકાસ, બાળપણના અનુભવો, માતા-પિતાનો પ્રેમ, શિક્ષણ, સામાજિક વાતાવરણ વગેરે ઉપર રહે છે. છતાં **જો વ્યક્તિ પોતે આત્મવિશ્વાસથી ભરપૂર રહે અને માનસિક સંતુલન કેળવે તો તે ગમે તેવી નિષ્ફળતાને દૂર કરી શકે છે.** કોઈપણ નિષ્ફળતામાં માત્ર એક જ કારણ નથી હોતું. તેથી વ્યક્તિએ કદી પોતાનો દોષ ન જોવો. દોષ હોય કે જણાય તો તેના સુધારાત્મક માર્ગો વિચારવા પડે છે. નિષ્ફળતાને લીધે થતી તકલીફો કે પ્રત્યાઘાતોનું યોગ્ય પૃથક્કરણ કરી તેના નિરાકરણના પ્રયત્નો કરવા જોઈએ. આ માટે માનસિક સંતુલન રાખવું પડે છે. અન્યથા શારીરિક, આર્થિક કે અન્ય તકલીફો વધે છે જે વધુ નિષ્ફળતા તરફ લઈ જાય છે. વ્યક્તિગત સંતુલનના પ્રયત્નો ઉપરાંત સામાજિક સહારો જ નિષ્ફળતામાંથી ઉગારે છે. નિષ્ફળતાને સફળતા માટેનો બોધપાઠ ગણી આગળ વધનાર જ સફળતા મેળવે છે.

જાણીતા કવિ ઉમાશંકર જોશીની પંક્તિ છે : **'મને મળી નિષ્ફળતા અનેક, કંઈક તેથી થયો હું સફળ કંઈક.'**

## આશામય સફળતા

આશા એ એક એવું તત્ત્વ છે જે તમને સફળતા તરફ લઈ જાય છે. આશા અને વિશ્વાસ વગર કાંઈ પણ કરી નથી શકાતું. આ વાક્ય છે મહાન 'હેલન કેલર'નું જે પોતે અંધ અને બહેરા હતા પણ વિશ્વાસથી ભણીને તેમણે આર્ટસની ડિગ્રી પ્રાપ્ત કરી. **(તેઓ વિશ્વની પ્રથમ એવી વ્યક્તિ હતી જેણે અંધ હોવા છતાં આ ડિગ્રી પ્રાપ્ત કરી હોય).** તેમણે ૧૨ પુસ્તકો લખ્યા હતા. એવું કહેવાય છે કે ભગવાનનો એક એવો નિયમ છે કે **આ જગતમાં શ્રમ વિના કંઈ પ્રાપ્ત થતું નથી. જે પૂરા આત્મવિશ્વાસથી પરિશ્રમ કરે છે, તે બધું મેળવીને જ રહે છે અને ક્યારેય નિરાશ થતો નથી.** દરેક કાર્યના પ્રારંભે સફળતા હોય તે શક્ય નથી પણ સફળતા હશે જ એવી આશા રાખનારો માનવી સફળ જ થાય છે. જે આશાવાદી છે તેની પાસે સર્વસ્વ છે કેમકે આ દુનિયા જ આશા પર ટકી છે. પુરુષાર્થ દરમિયાન તમારે સીમિત નિરાશા સ્વીકારવી પડે પણ તેની સામે અસીમિત આશા ક્યારેય ના છોડવી.

## સફળતાની બાધક : શંકા

શંકા, જેને આપણે સૌ જાણીએ છીએ અને અનુભવીએ પણ છીએ. તેને સંદેહ, વહેમ કે દહેશત પણ કહેવાય છે. તે મનુષ્યની એક નકારાત્મક બાબત કે શક્તિ છે અને તેનાં પરિણામો સારાં હોતા નથી. **શંકા ઇલાજ વિનાની બીમારી છે. જૂની કહેવત છે, 'શંકાના ઓહડ (ઔષધ) ન હોય.' શંકાશીલ વ્યક્તિ શારીરિક અને માનસિક બંને રીતે બીમાર ગણાય છે.** શંકાશીલ વ્યક્તિ ક્યારેય પણ મન - દિમાગથી શાંત રહી શકતી નથી. તેથી તે યાદશક્તિ પણ ગુમાવતી જોવા મળે છે. અન્ય ઉપર શંકા કરવી એક રોગ છે. શંકા એ 'કીડો' છે.

પરંતુ પોતાના ઉપર, પોતાની ક્ષમતા તથા શક્તિ ઉપર શંકા કરવી તે મહા મનોરોગ છે. પોતાની શક્તિ, પોતાની પ્રતિભા અને ક્ષમતા પર શંકા કરતા લોકો જીવનના દરેક ક્ષેત્રમાં નિષ્ફળ રહે છે. તેમના થકી કોઈ મહત્વપૂર્ણ કાર્ય સંપૂર્ણ થવાની વાત છોડો, સામાન્ય કાર્યની પણ આશા રાખી શકાતી નથી. તેઓને હંમેશાં એ શંકા રહે છે કે તે 'નકામા' છે. કોઈ કાર્યમાં તેમને સફળતા નહીં મળે તેમ ધારીને આગળ ચાલતા નથી, પ્રયત્ન કરતા નથી. પરિણામે નિષ્ફળ નીવડે છે. **તેમની શંકા જ તેમની પ્રગતિ અને સફળતાની એક બાધક બને છે. આ એક દૂષણ છે.**

શંકા નાની હોય કે મોટી હોય, સાચી હોય કે ખોટી હોય, યોગ્ય હોય કે અયોગ્ય – તે તરત જ અવરોધ તો બને જ છે.

કોઈ શંકા પૂર્ણ કે અંશતઃ કદાચ સાચી પછીથી નીવડે તો પણ પ્રારંભિક ઉત્સાહને નડે છે. શંકા રાખવી નહીં. હકારાત્મક બનવું તે જ સાચો માર્ગ છે. ભય, સંદેહ, દહેશત કોઈ કાર્યમાં જણાય તો સાવચેતી કે નિર્ધારીત કાર્યને વિસારે ન પડાય. પરીક્ષાર્થીઓને પણ પોતાની સફળતામાં આ લાગુ પડે.

## હાર-જીતને પચાવતા શીખો

ભારતીય સંસ્કૃતિમાં એકમ શબ્દ છે 'સમત્વ.' તેનો સીધો અર્થ થાય છે સમતા - સંતુલન. ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને ઉપદેશ આપેલ છે કે, 'તું સમત્વ જાળવીને યુદ્ધ કર.' આ ઉપદેશનો સાર એ હતો કે વાત અહીં હાર કે જીતની નથી, લાભ કે નુકસાનની નથી. વાત માત્ર એટલી જ હતી કે આજે હાર થાય તો કાલે જીતમાં પણ બદલી શકે છે. **હાર જીતને વ્યક્તિ કઈ રીતે જુએ છે તે મહત્ત્વપૂર્ણ છે.**

જીવનમાં હાર-જીત નાના મોટા સ્વરૂપે પ્રસંગોપાત થતી જ રહે છે. હંમેશાં કોઈ વ્યક્તિ જીતશે જ તેવો દાવો કરવો બહુ ખોટું છે. યુદ્ધ, રમત, સ્પર્ધા, પરીક્ષા કે હરીફાઈમાં જે હારે છે તે, કે જે જીતે છે તે જીવનનો એક અંશ કે ભાગ જ છે. તેથી જે વ્યક્તિ જીત મેળવીને હાર સહન નથી કરી શકતી તે અહંકારી બની જાય છે. આ અહંકાર નુકસાનકારક છે. કાયમ મળતી જીત વ્યક્તિમાં રહેલી સંઘર્ષ કરવાની વૃત્તિને પૂરી કરી દે છે. જ્યારે કાયમ મળતી હાર વ્યક્તિને નિરાશામાં ધકેલી દે છે. હાર નિરાશા લાવવા સાથે વ્યક્તિને હિંસક પણ બનાવી શકે છે. **તેથી વ્યક્તિએ હાર-જીતમાં સંતુલન જાળવવું જોઈએ. બંને સ્થિતિને સ્વીકારવાની ટેવ પાડવી પડે છે. બંનેને પચાવતા (Digest કરતાં) શીખવું પડે છે.**

તેથી વ્યક્તિ જો વિજય બાદ વિનમ્ર ન રહે કે હાર્યા પછી નિરાશા લાવે તો સંતુલન ગુમાવી દે છે. પરિણામે સ્થિતિ વિપરીત થાય છે. હારનારાએ ઉત્સાહનો પુનઃસંચાર કરીને કાર્યમાં વળગી જવું પડે છે. હાર-જીતનો ક્રમ શાશ્વત છે. જો તેની જાળવણી યોગ્ય રીતે થાય તો અશાંતિથી મુક્ત બની દિવ્ય સફળતા હાંસલ કરી શકાય છે.

– ડૉ. પૂજા કોટક

*જીવનદોરીના આપણે જ ભાગલા પાડ્યા છે. એના અમુક ભાગને આપણે બાળપણ કહીએ છીએ, યુવાની કહીએ છીએ કે વૃદ્ધાવસ્થા કહીએ છીએ. આપણે આટલેથી નથી અટક્યા પણ આ દોરી ઉપર આપણે વર્ષ - મહિના - દિવસ - કલાક અને સેકન્ડના અનેક કાપાઓ મૂક્યા છે. આપણે જીવનના ટુકડે ટુકડા કરી નાખ્યા છે પછી માનવજાતને શાંતિ ક્યાંથી મળે?*

# YOUTH CLUB

### *SOME GOLDEN RAYS....*

A person can not
achieve his real success
& happiness until he learns
the art of having tolerance,
sacrifice, care and respect
for others...!!!

If you can't find the right words for the certain situation, just give a smile. Words may confuse but a smile always convinces!!

If you feel like you're
losing everything,
remember that trees lose
their leaves every year and
they still stand tall and wait
for better days to come.

Be honest when in trouble
and simple, when in wealth
Be polite when in authority
and be silent when in anger
This is called
the life management.

People may forget what you
said but not what you did.

Your mind will answer
most questions, if you
learn to relax and
wait for the answer.

We can save many relations
if we understand a simple fact that
people are not difficult,
they are different.

સંકલ્પ

# આજીવન રક્તદાન – મૃત્યુ પછી ચક્ષુદાન, દેહદાન



કમલેશભાઇ બાબુભાઈ શાહ

જન્મ મરણના ફેરા કોઈ ટાળી શકે એમ નથી. અમરપટ્ટો આજસુધી કોઈ લખાવી લાવ્યું નથી અને ભવિષ્યમાં એવા કોઈ વર્તારા દેખાતા નથી. પણ સારા વાણી, વર્તન અને વ્યવહારથી સદ્‌ભાવના, સત્કાર્ય, માનવસેવા થકી મૃત્યુ પછી પણ માણસ ચિર સમય સુધી લોક હૃદયમાં અમર રહી શકે છે. ધારો તો એક સહેલો અને સરળ રસ્તો છે : આજીવન રક્તદાન અને મૃત્યુ બાદ ચક્ષુદાન - દેહદાન.

આ લેખમાં રક્તદાન ઉપર પ્રકાશ પાડીશું.

આપણે સૌ જાણીએ છીએ કે આપણા શરીરનું અતિ મહત્ત્વનું એક ઘટક છે “રક્ત.” આપણે જે શુધ્ધ - સાત્ત્વિક ભોજન લઇએ છીએ તેનું પાચન થઇને રક્તમાં રૂપાંતર થાય છે અને ધમની - શીરાઓ વાટે આખા શરીરમાં પરિભ્રમણ કરી પ્રોટિન - વિટામિન્સ જેવી અસંખ્ય જીવન જરૂરી ઘટકો શરીરના અનંત કોષોને પહોંચાડે છે અને આપણું શરીર નિરંતર આજીવન કાર્ય કર્યા કરે છે.

ઘણીવાર, શરીરમાં કોઈ કારણોસર રક્ત બનવાની આ પ્રક્રિયા ધીમી પડી જાય ત્યારે... કે અકસ્માત વખતે શરીરમાંથી ઘણું રક્ત વહી જાય ત્યારે... કે ગંભીર ઑપરેશન દરમિયાન રક્તના બોટલ ચઢાવવા પડે ત્યારે... કે ક્યારેક પ્રસુતિ વખતે જે સ્ત્રીએ ખૂબ રક્ત ગુમાવ્યું હોય ત્યારે... કે પછી જન્મથી જ આ ખામી હોય જેને આપણે “થેલેસેમિયા” કહીએ છીએ, ત્યારે બહારથી અન્ય માણસનું રક્ત આપવાની જરૂર ઊભી થાય છે અને તો જ દર્દી બચી શકે છે. **જો રક્ત ચઢાવવામાં ન આવે તો દર્દીનું મૃત્યુ નિશ્ચિત છે. પણ જો શરીરની બહારથી અન્યનું રક્ત મળી જાય તો પાછું ચેતનવંતુ થઈ જાય - નવજીવન મળી જાય છે.** હવે જો કોઈ સ્વેચ્છાએ રક્તદાન કરે તો જ દર્દીને નવું જીવન મળે, નહિ તો મોત નક્કી જ છે.

વિજ્ઞાને ખૂબ ખૂબ પ્રગતિ કરી છે છતાં માનવ રક્તને જ્યાં સુધી આપણે કોઈ લેબોરેટરીમાં કે ફેક્ટરીમાં બનાવી નથી શક્યા, કુદરતે હજી આ મોનોપોલી પોતાની પાસે રાખી છે, ત્યાં સુધી આપણા ભાઈ-બંધુઓને બચાવવા આપણે સ્વૈચ્છિક રક્તદાન કરવું જ રહ્યું.

● **રક્તદાનનું વિજ્ઞાન :**

જો કોઈપણ વ્યક્તિને કમળો થયો હોય, એઇડ્સ હોય, સિફિલિસ હોય અથવા ડાયાબિટીસ હોય, બી.પી. હોય, હિમોગ્લોબિન ૧૨થી ઓછું હોય, ટી.બી., સંગ્રહણી, માનસિક રોગ હોય કે કોઈપણ રોગની દવાઓ ચાલુ હોય તેવા સંજોગોમાં તમારી રક્તદાન કરવાની તૈયારી હોય છતાં ડૉક્ટરો તમારું રક્ત સ્વીકારતા નથી.

● **ફાયદાઓ :**

★ રક્તદાતાએ આપેલ રક્તનું લેબોરેટરીમાં પરીક્ષણ કરવામાં આવે છે. જેથી બ્લડ કયા ગ્રુપનું છે અને હિમોગ્લોબિન કેટલું છે તે ખબર પડે છે. ઉપરાંત V.D.R.L., M.P., H.B.%, HIV, HEPATITIS-B, HEPATITIS-C જેવા રોગો છે કે નહીં તે પણ વિનામૂલ્યે પરીક્ષણ થઈ જાય છે. જેનો અંદાજિત ખર્ચો આજે રૂા. ૭૫૦/-થી રૂા. ૯૦૦/- જેટલો થવા જાય છે. આ પરીક્ષણમાંથી પાસ થાય તો જ આ રક્ત અન્ય દર્દીને આપવામાં આવે છે.

★ રક્તદાનથી શરીરમાં નવા રક્તનું ઝડપથી ઉત્પાદન થાય છે. જેથી શારીરિક તંદુરસ્તી વધે છે, શરીર સ્ફુર્તિલું રહે છે.

★ દર્દીને મોતના મુખમાં જતો બચાવી શકાય છે. એને જીવનદાન મળે છે અને આપણા ખરાબ કર્મો ખપી જઈ સારા કર્મોનો ઉદય થાય છે. એટલે કે તેનું પુણ્ય મળે છે.

★ અન્નદાન, વસ્ત્રદાન, રૂપિયાનું દાન – આ બધા જ સારા દાન છે. **પણ રક્તદાનની આ બધા સાથે તુલના ન થઈ શકે એવું ઊંચેરું દાન છે.** માટે રક્તદાનને મહાદાન કહેવાયું છે. રક્તદાતાને તેનો જબરદસ્ત આત્મસંતોષ થાય છે અને એ તો જે રક્તદાન કરે એ જ અનુભવી શકે.

★ બજારમાં જઇને રૂપિયાથી મનોબળ ખરીદી શકાતું નથી. રક્તદાન કરવાથી, પહેલા જે ડર લાગતો હતો તે નીકળી જાય છે અને મજબૂત મનોબળ આવે છે અને દ્રઢ થતું જાય છે. જે વ્યવહારિક જીવનમાં ઘણી જગ્યાએ કામમાં આવે છે.

સામાન્ય રીતે પુખ્ત વયની કોઈપણ (જાડી કે પાતળી) વ્યક્તિના શરીરમાં ૪.૫થી ૫ લીટર જેટલું રક્ત હોય છે. આ રક્ત રોજેરોજ સતત નવું બનતું રહે છે. દર ત્રીજે અઠવાડિયે તમારું રક્ત બદલાઈને તદ્દન નવું થઈ જાય છે. આજે તમારી ઉંમર ૨૫ વર્ષની હોય તો ૪૦૦થી ૫૦૦ વખત બદલાઈ ગયું – ફ્રેશ થઈ ગયું હોય. પરમેશ્વરે આપેલી આ અદ્ભુત રચનામાંથી સામાન્ય રીતે ડૉક્ટરો, પ્રાથમિક ચેક-અપ કર્યા પછી બ્લડ ડોનરને કોઈપણ જાતની તકલીફ પડે એમ નથી, એવું ખાતરી કર્યા પછી જ શરીરના ટોટલ ૪૫૦૦ / ૫૦૦૦ મિલિ લિટર રક્તના જથ્થામાંથી માત્ર ૩૦૦ મિલિ લીટર રક્ત – એટલે કે કુલ જથ્થાના આશરે પંદરમા ભાગનું જ રક્ત બોટલમાં કલેક્ટ કરવામાં આવે છે. **જોવાની ખૂબી એ છે કે આ ૩૦૦ મિલિલીટર લોહી આશરે દોઢથી બે દિવસમાં જ આસાનીથી નવું ભરપાઈ થઈ જાય છે.** કુદરતની આ જબરદસ્ત રચનાનો આપણે લાભ ઉઠાવવો જ જોઈએ.

એટલે... રક્તદાન કરવા સક્ષમ હોવા છતાં કોઈ ડરથી કે ખોટી માન્યતાઓથી જો આપે આજ સુધી રક્તદાન ન કર્યું હોય તો આ જાણકારી આપને બહુ ઉપયોગી થશે. મનમાં કોઈ અસમંજસ હોય તો નીકળી જશે અને ડર્યા વગર આપ રક્તદાન કરી શકશો. અમદાવાદમાં જ એવા અસંખ્ય લોકો છે જેમણે ૫૦થી ૧૦૦નો આંકડો વટાવીને એટલી વખત રક્તદાન કર્યું છે. એમને આજ સુધી કાંઈ થયું નથી અને આરામથી હરે ફરે છે, રોજીંદા કાર્યો કરે છે અને સાચી ખુમારીથી જીવે છે. આપણા સમાજ પરિવારના **ભાઈશ્રી મનીષ આણંદજી વીરા (નાડકો ડ્રેસિસ)એ ૧૦૪ વખત રક્તદાન કર્યું છે અને શ્રી શૈલેન વિજયસેન શાહે ૧૧૨ વખત રક્તદાન કર્યું છે.** તેઓને લાખ લાખ સલામ છે. આવા વીરલાઓને અને દરેક રક્તદાતાઓને જે પોતાના લોહીનો કતરો આપીને અન્યની મહામૂલી જિંદગી બચાવવામાં સહભાગી બને છે, અખૂટ પુણ્ય કમાય છે, પરમેશ્વરનો પ્રેમ મેળવે છે અને એ રીતે ભગવાનની ભક્તિ કરે છે (કારણકે દરેક જીવમાં છે શિવ.)

આપને જાણીને આનંદ થશે કે આપણા દેશમાં રક્તદાનમાં ગુજરાત પ્રથમ સ્થાને છે અને આખા વિશ્વમાં પાંચમા સ્થાને છે. જે ગુજરાતી તરીકે આપણા માટે ગૌરવની વાત છે. આપણે ધારીએ તો થોડા સમયમાં જ ગુજરાતને વિશ્વમાં પ્રથમ સ્થાને લાવી શકીએ તેમ છીએ. એના માટે બસ જોઈએ, થોડું ખમીર! આપણે કચ્છી તરીકે આપણી ઓળખાણ આપતા હોઈએ છીએ કે ખંત + ખાંખત + ખમીર = કચ્છી માણસ. એમ મૂછે તાવ પણ દેતા હોઈએ છીએ.

એટલે જ્યારે જ્યારે હવે રક્તદાન - ચક્ષુદાન - દેહદાનની વાત આવે અને આપણે આપણું ખમીર બતાવીએ નહિં તો એ આપણને શોભે નહીં.

રક્તદાન કરવાથી જો માણસને મૃત્યુના મુખમાંથી બચાવી શકાય, કોઈનો બુઝાતો જીવનદીપ ફરી પ્રજ્વલિત કરી શકાય તો એનાથી મોટું બીજું કોઈ દાન નથી કે એનાથી મોટો બીજો કોઈ ધર્મ નથી. દુનિયાના ધર્મોની ઈમારતો અલગ અલગ ડિઝાઈનની, ભાતભાતની વેરાયટીની ખરી, **પણ દરેકના પાયામાં તો એક જ ધર્મ છે અને તે છે માનવ ધર્મ.**

**આ માનવ ધર્મ નિભાવવા ૬૫ વર્ષથી નીચેની દરેક વ્યક્તિએ વર્ષમાં કમ-સે-કમ એકવાર રક્તદાન કરવું જ જોઈએ. વર્ષ દરમિયાન ૪ વખત રક્તદાન કરી શકાય.** યુવા પેઢી, જે પોતાને 'ફાસ્ટ ફોરવર્ડ' ગણે છે, તેમણે તો વર્ષમાં ૩થી ૪ વાર રક્તદાન કરવું જ જોઈએ. યુવાનોએ 25 At 25 નો 'સુવર્ણ સંકલ્પ' કરવો જોઈએ. એટલે કે યુવાન ૨૫ વર્ષનો થાય ત્યાં સુધીમાં એણે ૨૫ વખત રક્તદાન કરી નાખવું જોઈએ.

અહીં "સંકલ્પ" શબ્દ આપણા કચ્છી યુવા પાંખને વધારે સ્પર્શે છે. અને તો જ સંકલ્પના મેમ્બર થવું યથાર્થ ગણાય.

તો ચાલો, આપણે દરેક જણ સંકલ્પ કરીએ, રક્તદાન કરવા તત્પર રહીએ અને રક્તદાન કરતા રહીએ.

### *રક્તદાન એટલે.....*

*માનવતાની મહેક છે લોહીમાં*
*ઈશ્વરની ઈબાદત છે લોહીમાં*
*પ્રાણ કહો તો પ્રાણ છે લોહીમાં*
*દાન કહો તો દાન છે લોહીમાં*
*ફરજ, નિષ્ઠા ને ઈમાન છે લોહીમાં*
*મોતને આરે બેઠેલા માટે જીવનદાન છે લોહીમાં.*

***કન્વીનર : ચક્ષુદાન-દેહદાન સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## "ગેમ : લવ લેટર"નો જવાબ

*લિ. તમારો*
*મન કા મીત*

*મારી પ્યારી : સપનોં કી રાની, માય લવ.*

*પ્રેમપત્ર, પહેચાન, નવી દિલ્હી, બોમ્બે ટુ ગોવા, દિવાના, આવારા, પ્રેમ પૂજારી, કાશ્મીર કી કલી, આરાધના, જિંદગી, ઈત્તફાક, કિસ્મત, ઘર બસા કે દેખો, લાખો મેં એક, તલાશ, હકીકત, નિકાહ, હનીમૂન, એરાઉન્ડ ધ વર્લ્ડ, પરિવાર, રામ-લખન, બંદગી, ઘર એક મંદિર, અમરપ્રેમ, જવાબ.*

*તારીખ : નૌ દો ગ્યારહ*
*નામ : અનામિકા*
*સરનામું : તીસરી મંઝીલ.*


પ્રાસંગિક

# ગાંધીજીની સાથે એક અઠવાડિયું – (૨)

લુઇ ફિશર,
અમેરિકન પત્રકાર

**(ગતાંકથી ચાલુ)**

(શ્રીમતી નાયડુનો એક કટાક્ષ જાણીતો છે. 'ગાંધીજીએ ગરીબની રીતે જીવવામાં ખૂબ પૈસા ખરચવા પડે છે.' કટાક્ષ સાંભળીને ગાંધીજીને ખૂબ મજા પડી હતી.)



'હિતધારી ધનવાન લોક કોંગ્રેસને નાણાં આપે છે એની કોંગ્રેસની નીતિ પર અસર નથી પડતી? એનાથી નૈતિક જવાબદારી નથી ઊભી થતી?'

'એનાથી ગુપ્ત ઋણ તો જરૂર ચઢે છે જ, પરંતુ પ્રત્યક્ષ વ્યવહારમાં ધનવાનોના વિચારોનો અમારા ઉપર બહુ જ ઓછો પ્રભાવ પડી શકે છે. પૂર્ણ સ્વાધીનતાની અમારી માંગણીથી એ લોકો ક્યારેક ક્યારેક ગભરાઈ ઊઠે છે. ધનવાન પરિગ્રહીઓ ઉપર કોંગ્રેસને આધાર રાખવો પડે છે એ દુઃખની વાત છે. દુઃખની વાત છે એટલું જ. એથી અમારા સિદ્ધાંત કે પ્રવૃત્તિને અસર નથી થતી.'

'એનું એ પરિણામ નથી આવ્યું કે સામાજિક અને આર્થિક પ્રશ્નોને કોરે મૂકવા પડ્યા છે ને રાષ્ટ્રવાદની વાત ઉપર જ ભાર મૂકવો પડ્યો છે?'

'નહિ,' ગાંધીજીએ તરત જ ઉત્તર આપ્યો, 'કોંગ્રેસે વખતોવખત, અને ખાસ કરીને પંડિત નહેરુની અસરને લીધે, આર્થિક નિયોજન માટે પ્રગતિશીલ સામાજિક કાર્યક્રમો તથા યોજનાઓનો સ્વીકાર કર્યો જ છે.'

ગાંધીજીના આશ્રમને, હરિજનના અને ગામડાંઓના ઉદ્ધાર માટેની સંસ્થાઓને તથા રાષ્ટ્રભાષા પ્રચારને માટે મોટા ભાગના પૈસા ઘનશ્યામદાસ બિરલા પાસેથી મળતા હતા. બિરલાએ ગાંધીજીને પહેલવહેલા ૧૯૨૦માં કલકત્તામાં જોયેલા, ત્યારથી તેઓ એમના ભક્ત બની ગયા છે. તેઓ ગાંધીજીની અનેક નીતિ સાથે સંમત નો'તા થતા, પરંતુ એ વાત એમને આડે આવી નો'તી. તેઓ ગાંધીજીને 'બાપુ' કહેતા હતા. તેઓ ગાંધીજીને જે કંઈ આપતા તેનો કદી પણ હિસાબ રાખતા ન હતા. પરંતુ ગાંધીજી એમને પોતાને હાથે ખરચાયેલી પાઈએ પાઈનો હિસાબ રાખતા ને તેનો હિસાબ બિરલાને આપતા પણ ખરા. તેઓ એ જોયા વિના જ ગાંધીજીની આગળ ફાડી નાખતા. ગાંધીજીની મૈત્રીને લીધે બિરલાને માન મળતું હતું. સંતોષ પ્રાપ્ત થતો હતો, એ ખરું, પરંતુ વખત આવ્યો હોત તો ગાંધીજીએ બિરલાની મિલના મજૂરોની હડતાળમાંય દોરવણી આપી હોત. એમને આર્થિક સહાય કરનાર ને એમના મિત્ર અંબાલાલ સારાભાઈની બાબતમાં એમણે એ કામ કર્યું પણ હતું. ગાંધીજી મૂડીવાદી શોષણના વિરોધી હોવા છતાં મૂડીવાદીઓ પ્રત્યે ઉદારભાવ રાખનારા હતા. એમને પોતાના અંતરની શુદ્ધતા વિશે, પોતાના ઉદ્દેશ વિશે એટલો વિશ્વાસ હતો કે પોતે કલુષિત થઈ શકશે એવો એમને ખ્યાલ પણ આવતો ન હતો. ગાંધીજીને સારુ કોઈ અછૂત નો'તું – ન કોઇ બિરલા, ન કોઈ સામ્યવાદી; ન કોઈ હરિજન, ન કોઈ સામ્રાજ્યવાદી. જ્યાં એમને નેકીની ચિનગારી દેખાતી, ત્યાં તેઓ એ ચિનગારીને સળગાવવા મથતા. એમના હૃદયમાં માનવ પ્રકૃતિની ભિન્નતાઓને - મનુષ્યના હેતુઓની વિવિધતાને સમજવાની શક્તિ હતી.

૧૯૪૨ના જૂનનું અઠવાડિયું મેં સેવાગ્રામમાં વિતાવ્યું તે અઠવાડિયાના પ્રારંભથી જ એટલું તો જાહેર થઈ ગયું હતું કે ગાંધીજીએ ઇંગ્લેન્ડની વિરુદ્ધ 'હિંદ છોડો'નું આંદોલન ઉપાડવાનો પાકો નિર્ણય કરી લીધો હતો. 'ભારત છોડો' એ એ આંદોલનનું યુદ્ધસૂત્ર બનવાનું હતું.

બ્રિટિશ સરકાર વિરુદ્ધ આંદોલન ઉપાડવાને સારુ જે કારણો ગાંધીજીને ઉત્તેજિત કરી રહ્યાં હતાં તેની ગાંધીજી એક દિવસ બપોરે વિસ્તારથી ચર્ચા કરી રહ્યા હતા. તે વખતે મેં કહ્યું, 'મને લાગે છે કે અંગ્રેજો ભારત તદ્દન ખાલી કરી જાય એ બની શકે એમ નથી. એનો અર્થ તો ભારતને જાપાનને હવાલે કરી દેવા જેવો થાય. એ માટે ઇંગ્લેન્ડ કદી પણ તૈયાર નહીં થાય. એ યુનાઇટેડ સ્ટેટ્સને પણ મંજૂર નહીં હોય. જો

અંગ્રેજો બિસ્તરા પોટલાં ઉપાડીને ચાલતા થાય એવી આપની માંગણી હોય તો આપ એ અશક્ય વસ્તુ માંગી રહ્યા છો. આપનું કહેવું એવું તો નથી ને કે એ લોકો એમનું લશ્કર પણ ખેંચી લે.'

ગાંધીજીએ ઓછામાં ઓછું બે મિનિટ મૌન જાળવ્યું. ઓરડામાં નિસ્તબ્ધતા વ્યાપી ગઈ. છેવટે ગાંધીજીએ કહ્યું, 'તમારી વાત બરાબર છે. હા, બ્રિટન, અમેરિકા ને બીજા દેશો અહીં પોતાનું લશ્કર રાખી શકે ને હિંદની ભૂમિનો લશ્કરી મથક તરીકે ઉપયોગ કરી શકે. યુદ્ધમાં જાપાન જીતે એવું હું નથી ઇચ્છતો. પરંતુ મારી ખાતરી છે કે હિંદની પ્રજા સ્વતંત્ર ન થાય ત્યાં સુધી અંગ્રેજો જીતી શકવાના નથી. બ્રિટન ભારત પર શાસન કરતું હશે ત્યાં સુધી તે કમજોર રહેશે. એ પોતાની નીતિનો બચાવ નહીં કરી શકે.'

'પરંતુ લોકશાસનવાદી દેશો ભારતને યુદ્ધમથક બનાવવા જાય તો જાતજાતની ગૂંચવણો ઊભી થાય. લશ્કર કંઈ હવામાં રહી શકતું નથી. ઓછામાં ઓછું પશ્ચિમી દેશોને રેલમાર્ગોની સારી સગવડની જરૂર રહેશે.'

'હા, હા.' ગાંધીજીએ ઊંચે સાદે કહ્યું, 'એ લોકો રેલવેનું તંત્ર હાથમાં રાખી શકશે. જે બંદરો પર એમનો સરંજામ ઊતરતો હોય ત્યાં એ લોકોનું તંત્ર કાયમ રહેશે. પણ મુંબઈ અને કલકત્તામાં હુલ્લડો થાય એવું તો એ લોકો નહીં જ માંગે. એવી બાબતોમાં પરસ્પર સહકારની અપેક્ષા રહેશે.'

'શું આ પરસ્પર સહકારની શરતોનો મિત્રતાની સંધિમાં સમાવેશ થઈ શકશે?'

'હા,' ગાંધીજીએ સંમતિ દર્શાવી, 'લેખિત કરારનામું થઈ શકે.'

'આપે એ વાત અત્યાર સુધી કેમ કહી નહીં?' મેં કહ્યું, 'મારે કબૂલ કરવું જોઈએ કે મેં સત્યાગ્રહની વાત સાંભળી ત્યારે મારા મનથી મેં એનો વિરોધ કર્યો હતો. મને લાગે છે કે એનાથી યુદ્ધ પ્રયત્નમાં અંતરાય નડશે. જો ધરી રાજ્યો (જર્મની વગેરે) જીતે તો દુનિયામાં અંધકાર ફેલાઈ જશે એવું મને તો લાગે છે. મને લાગે છે કે આપણે જીતીશું તો આપણને એક નવી દુનિયાનું ઘડતર કરવાનો મોકો મળી જશે.'

'આ બાબતમાં હું પૂરેપૂરો સંમત નથી થતો.' ગાંધીજીએ દલીલ કરી. 'બ્રિટન પોતે પાખંડનો આંચળો ઓઢી રાખે છે. તે વાયદા કરે છે ને પાછળથી નિભાવતું નથી. લોકશાસનવાદી રાષ્ટ્રો જીતે તો વધારે સારો મોકો રહે એટલી વાત હું સ્વીકારું છું.'

'આપણે કેવી શાંતિ રાખીએ છીએ તેના ઉપર એનો આધાર છે,' મેં કહ્યું.

'એનો આધાર તમે યુદ્ધમાં શું કરો છો એના ઉપર છે,' ગાંધીજીએ મારી ભૂલ સુધારી. યુદ્ધ પછી સ્વતંત્રતા મળે એમાં મને રસ નથી. હું અત્યારે જ સ્વાધીનતા માગું છું. એનાથી ઇંગ્લેન્ડને યુદ્ધ જીતવામાં મદદ મળશે.'

મેં ફરી પૂછ્યું, 'આપે આપની એ યોજના વાઇસરૉય સુધી પણ કેમ પહોંચવા ન દીધી? વાઇસરૉયને એટલું તો માલૂમ પડવું જોઈએ કે મિત્રરાષ્ટ્રોની લશ્કરી પ્રવૃત્તિઓ માટે ભારતને યુદ્ધમથક બનાવવામાં આવે એમાં આપને વાંધો નથી.'

'કોઈએ મને પૂછ્યું નથી,' ગાંધીજીએ શાંતિથી ઉત્તર આપ્યો.

હું આશ્રમમાંથી રવાના થયો તે અગાઉ મહાદેવ દેસાઈએ એવી ઇચ્છા વ્યક્ત કરી કે હું વાઇસરૉયને કહું કે ગાંધીજી આપને મળવા માંગે છે. ગાંધીજી સમજુતી કરવા ને સત્યાગ્રહનો વિચાર છોડી દેવા તૈયાર હતા તે પછી પ્રમુખ રૂઝવેલ્ટને આપવા સારું ગાંધીજીનો એક પત્ર મને દિલ્હીમાં મળ્યો. સાથેના કાગળમાં ગાંધીજીની વિશિષ્ટતાના સૂચક શબ્દો હતા : 'આપને ઠીક ન લાગતું હોય તો એ ફાડી નાખજો.'

ભારતની બાબતમાં લોકશાસનવાદી દેશોનું જે વલણ હતું તે ન સમજી શકાય એવું હતું એવું ગાંધીજીનું માનવું હતું. રૂઝવેલ્ટ કે લિનલિથગો એ સ્થિતિને બદલીને તેમને રોકી શકે તેમ હતું, પણ એમના મનમાં કશી શંકા ન હતી. નહેરુ અને આઝાદ શંકા કર્યા કરતા હતા. મહાત્માજી સાથે મતભેદ પડતાં રાજાજી કોંગ્રેસનું નેતૃત્વ છોડી ગયા, પરંતુ ગાંધીજી ડગ્યા નહીં. નહેરુ અને આઝાદને ગળે તો એમણે એમની વાત ઉતારી. નહેરુને બહારની ને આંતરિક પરિસ્થિતિ અનુકૂળ લાગતી ન હતી. ગાંધીજીએ કહ્યું હતું, 'મેં એમની સાથે એકધારી સાત દિવસ સુધી ચર્ચા કરી હતી. તેમણે જે આવેગથી મારા વિચારોનો વિરોધ કર્યો તેનું હું વર્ણન કરી શકતો નથી. પરંતુ આશ્રમમાંથી જતાં પહેલાં તેમને મારી દલીલોમાં રહેલું તથ્ય સમજાયું. એમણે નમતું આપ્યું.' અને પછી તો એવું બન્યું કે નહેરુ ગાંધીજીએ સૂચવેલ સત્યાગ્રહના એવા ચુસ્ત હિમાયતી બની ગયા કે મેં થોડા દિવસ પછી મુંબઈમાં એમને પૂછ્યું કે ગાંધીજીએ વાઇસરૉયને મળવા જવું જોઈએ કે નહીં, ત્યારે એમણે કહ્યું : 'નહીં. શા માટે?' જ્યારે ગાંધીજીને તો હજુ પણ વાઇસરૉયની સાથે મુલાકાત થાય એવી આશા હતી.

ગાંધીજીમાં જબરી આકર્ષણ શક્તિ હતી. એમની પ્રકૃતિમાં અજબ વિચિત્રતા હતી : શાંત છતાં એવા અભિભૂત કરી દેનારા કે ખબર પણ ન પડે. એમની સાથેનો માનસિક સંપર્ક હંમેશાં આનંદ આપનારો નીવડતો. તેઓ એમનું હૃદય એવું ખોલી દેતા કે એ હૃદયનાં ચક્રો શી રીતે ચાલે છે તે સામા માણસને સ્પષ્ટ દેખાય. તેમને પોતાના વિચારોને પૂર્ણપણે વ્યક્ત કરવાનો પ્રયત્ન નો'તો કરવો પડતો. તેમનું હૈયું હોઠે આવીને બેસતું ને તેમની

વિચારધારા વાણીરૂપે પ્રગટ થતી રહેતી. એમની વાણી જ નહિ, એમના વિચારો પણ શ્રવણગમ્ય બની જતા. એમની નિર્ણય પર પહોંચવાની ક્રિયા આંખ સામે તરવર્યા કરતી. આથી તેમને પ્રચારક તરીકે વાત કરવાનું રહેતું જ નહીં. તેઓ મિત્રની માફક વાતો કરતા. એમને વિચારની આપ-લેથી આનંદ થતો. તેનાથીય વધારે આનંદ થતો અંગત સંબંધો સ્થપાય તેનાથી.

ગાંધીજીનું એવું કહેવું હતું કે સ્વતંત્ર ભારતમાં સંઘશાસનની જરૂર નહીં હોય. મેં એમને સંઘશાસનની ગેરહાજરીમાં થતી મુશ્કેલીઓ સમજાવી. એ વાત એમને ગળે ઊતરી નહીં. હું વ્યગ્ર થઈ ગયો. એમણે કહ્યું, 'હું જાણું છું કે મારા અભિપ્રાયની વિરુદ્ધ કેન્દ્રીય સરકાર રચાશે.' આ હતી ગાંધીજીની વિશિષ્ટતા. તેઓ અમુક સિદ્ધાંતોનું પ્રતિપાદન કરતા. તે સિદ્ધાંતોની વકીલાત પણ કરતા ને પોતે વ્યવહારુ નથી એ વાતનો સ્વીકાર પણ કરી લેતા. સમજૂતીની વાતો થતી હોય ત્યારે એમની એ વૃત્તિ ખૂબ દલીલો કરાવનારી ને વખતનો બગાડ કરાવનારી નીવડે તેવી હતી. ક્યારેક ક્યારેક તો એમને એમની કહેલી વાતોનું જ આશ્ચર્ય થતું. એમની વિચારસરણી પરિવર્તનશીલ હતી. ગાંધીજીનું કહેવું સાચું ઠરે એવું માનનારા ઘણા લોકો હતા, ગાંધીજી પણ એવું ઇચ્છતા. પરંતુ સામાન્ય રીતે તો તેઓ પોતાની ભૂલ સ્વીકારીને જ જીતી જતા.

વૃદ્ધ થઈ ગયેલા લોકોને જૂની વાતો યાદ આવ્યા કરતી હોય છે. લૉઇડ જ્યોર્જ તત્કાલીન પ્રશ્નોના ઉત્તર દેવા માંડતા ને તરત જ તેઓ એમણે પહેલું મહાયુદ્ધ કે સદીની શરૂઆતનું સુધારાનું આંદોલન કેવી રીતે ચલાવ્યું તેની વાતમાં ઊતરી પડતા. પરંતુ ૭૩ વર્ષના ગાંધીજી જૂની વાતોને યાદ નો'તા કરતા. એમનું ચિત્ત ઠરેલું રહેતું ભાવિ બનાવો પર. વર્ષનું એમને મન મહત્ત્વ ન હતું, કારણ એ તો અનંત ભાવિનો વિચાર કરનારા હતા. એમને કલાકનું મહત્ત્વ હતું, કારણ ભવિષ્યને તેઓ જે આપી શકે એમ હતું તેનું માપ એના ઉપરથી નીકળી શકે તેમ હતું.

ગાંધીજીમાં સામાન્ય પ્રભાવથી પણ કંઈક વિશેષ હતું. ગાંધીજી પાસે સત્તા હતી, પણ સામર્થ્ય કરતાં ઓછી અને ગુણમાં ચઢિયાતી. બળ એ યંત્રનો ગુણ છે, સત્તા વૈયક્તિક ગુણ છે. શાસકોમાં એ બંનેનું તત્ત્વ હોય છે. સરમુખત્યારોની પાસે કાયમનું બળ જામેલું રહે છે. એનો દુરુપયોગ અનિવાર્ય હોય છે. એ બળ એની સત્તા છીનવી લેતું હોય છે. ગાંધીજીએ સામર્થ્ય ત્યાગ કરીને એમની સત્તા વધારી. બળ પોતાના શિકારના લોહી અને આંસુ પી ને પુષ્ટ થાય છે. **સત્તા સેવા, સહાનુભૂતિ અને સ્નેહથી પુષ્ટ બને છે.**

એક દિવસ હું મહાદેવ દેસાઈને ચરખો કાંતતા જોઈ રહ્યો હતો. મેં કહ્યું, 'હું ગાંધીજીની વાતો ધ્યાનપૂર્વક સાંભળતો રહ્યો છું ને મારાં સ્મરણો વાગોળતો રહ્યો છું, પણ મને ખરું કુતૂહલ તો એ થઈ રહ્યું છે કે ગાંધીજીના જનતા પરના આટલા અમાપ પ્રભાવનું મૂળ શેમાં છે? જોકે હું તો એવા અનુમાન પર આવ્યો છું કે એનું મૂળ એમની અનાસક્તિમાં છે.'

'બરાબર છે,' મહાદેવભાઈએ જવાબ આપ્યો.

'એમની અનાસક્તિનું મૂળ શેમાં છે?' મેં પૂછ્યું.

મહાદેવભાઈએ સમજાવ્યું, 'દેહને વળગેલા તમામ વિષયોનો ચરમ ઉત્કર્ષ સાધવામાં એ અનાસક્તિ સમાયેલી છે.'

'કામાસક્તિ?'

**'કામ, ક્રોધ, મહત્ત્વાકાંક્ષા... ગાંધીજીનો પોતાના પર સંપૂર્ણ કાબૂ છે. એમાંથી અમિત શક્તિ અને અનાસક્તિ ઉત્પન્ન થાય છે.**

એ અનાસક્તિ હતી શમન કરેલી ને અપ્રગટ. એમનામાં માર્દવયુક્ત તીવ્રતા હતી, કોમળતાયુક્ત દ્રઢતા હતી, ધીરતાના વાઘામાં ઢંકાયેલી અધીરતા હતી. ગાંધીજીના સાક્ષીઓને ક્યારેક - ક્યારેક એમની એ તીવ્રતા, દ્રઢતા ને અધીરતા રોષિત કરી દેતી. પરંતુ પોતાના માર્દવ, કોમલતા અને ધીરતાથી તેઓ એ લોકોની એમના તરફની માનની ને પ્રેમની લાગણીને ટકાવી રાખતા.

ગાંધીજી એક અડગ પુરુષ હતા. એમની અડગતાનું કારણ હતું એમના વ્યક્તિત્વનું ઐશ્વર્ય, એમની સંપત્તિ નહીં. એમનું લક્ષ્ય હતું વર્તમાન ક્ષણ, પરિગ્રહ નહીં. ત્યાગમાં એમનો આનંદ હતો. એ અભય હતા તેથી એમનું જીવન સત્યમય હતું. એ અકિંચન હતા, પણ પોતાના સિદ્ધાંતોનું મૂલ્ય ચૂકવવાની એમનામાં શક્તિ હતી.

ગાંધીજી નૈતિક સિદ્ધાંત અને બાહ્ય આચારની એકતાના પ્રતીકરૂપ હતા. ઘરમાં વિવેક જાળવી શકતા હોઈએ, પણ કારખાનામાં, કચેરીમાં, શાળામાં કે બજારમાં ન જાળવી શકાય તો અનીતિનાં, ક્રૂરતાનાં, સરમુખત્યારશાહીનાં દ્વાર ખુલ્લાં થઈ જાય છે.

ગાંધીજીએ રાજનીતિ તથા આચારનીતિની ભાવનાને સમૃદ્ધ બનાવ્યાં. રોજના વિચારવા જેવા પ્રશ્નોને તેઓ શાશ્વત અને સર્વદેશીય મૂલ્યોની દૃષ્ટિએ વિચારતા. ક્ષણિક વસ્તુઓમાંથી સાર કાઢીને તેમાંથી શાશ્વત તત્ત્વ શોધી લેતા. આ રીતે તેઓ મનુષ્યનાં કાર્યોને કુંઠિત કરનારી પ્રચલિત વિચારસરણીઓને તોડીને બહાર નીકળી જઈ શકતા હતા. એમણે કાર્યોનો એક નવો નિયમ શોધી કાઢ્યો હતો. વ્યક્તિગત સફળતા કે સુખની લુબ્ધામાં પડ્યા સિવાય એમણે સમાજરૂપી અણુનું વિઘટન કરીને શક્તિનો નવો સ્રોત વહાવ્યો. એમાંથી એમને રક્ષણ ન હોય એવું પ્રતિકારનું સાધન મળી ગયું. દરેક જણ કરી શકે એવાં, છતાં કોઈ જ ન

(અનુ. : જુઓ પાના નં.-૧૮ ઉપર)

ક્ષમા વીરસ્ય ભૂષણમ્

# ક્ષમા : વ્યક્તિત્વની ઓળખ

ભગીરથ બ્રહ્મભટ્ટ

ક્ષમાના મૂળમાં ખમવું શબ્દ છે. જે ખમી ખાય છે તે સદ્‌ગુણી છે. ક્ષમા ભૂલ થયા પછીની ઘટના છે. એકવાર ભૂલ થાય એ માફ ક્ષમાથી થાય. ક્ષમા દ્વારા થયેલી ઘટનાની જવાબદારી ઘટે. તમે કોઇને ગાળ બોલ્યા એ તમને સમજાયું પછી તમે તે વ્યક્તિની માફી માંગો ત્યારે એ ક્ષમા બને છે. એટલે ગાળ બોલનારનું કતૃત્વ કંઈક અંશે ઓગળે છે. એ ગાળ બોલવાની ક્રિયા માફ થાય છે. આ દૃષ્ટાંત દ્વારા એટલું અવશ્ય સમજાય છે કે ગાળ એ અજાણ્યે કે જાણ્યે થયેલી ભૂલો ઉપર પોતું મારે છે. પણ એમ પોતા ફેરવવાથી બધું જ ચોક્ખું થતું નથી એ વાત સમજવાની છે. **ઔપચારિક રીતે માંગેલી ક્ષમા એ કેવળ વ્યવહારિક ઔપચારિકતા છે. તે ક્ષમા મૂળ ભૂલને સ્પર્શતી જ નથી.** આમ ભૂલને પહોંચી ન શકે. મૂળ ભૂલને આલિંગી ન શકે એવી ક્ષમા ક્ષમા હોતી જ નથી. "Sorry" શબ્દ એમ કેવળ ફોર્માલિટી બને છે. આવી અપૂર્ણ ક્ષમા દરેક માંગતા હોય છે. એ પ્રકારની ક્ષમાનો કોઈ અર્થ નથી. ક્ષમામાં અહમ્‌નો સહેજ પણ અહેસાસ ન હોવો જોઈએ. તકસાધુઓ અને ગુનેગારો આવી અહમયુક્ત ક્ષમા માગતા હોય છે અને એવી ક્ષમા સાચા અર્થમાં ક્ષમા નથી જ નથી. ક્ષમા બુધ્ધિથી નહીં, હૃદયથી અપાતી હોય છે. **ક્ષમા જો હૃદયથી અપાય તો જ એ ભૂલના મૂળ સુધી પહોંચી શકતી હોય છે.** સાચી ક્ષમા જ ભૂલોને આલિંગી શકે છે.

ક્ષમા એ સદ્‌ગુણા છે. એ સદ્‌ગુણ ક્યારે બને? જ્યાં માંગનાર એના ઊંડા હૃદયમાંથી માંગતો હોય ત્યારે માફી સાચી ઘટનાની હોય, ભૂલની હોય; માફી માંગનાર નમ્ર થઈ ગયો હોય, એ ભૂલનો અહેસાસ અનુભવતો હોય, એકવાર અજાણ્યે અન્યાય થઈ જાય, એકવાર અજાણ્યે ભૂલ પણ થઈ જાય, એકવાર અજાણ્યે કોઈને દુભવી નખાય. આ બધી ઘટના પછી જ્યારે એમ સમજાય કે આ જે કંઈ બન્યું છે તે ખોટું થયું છે એ બરાબર સમજાયા પછી એમાંથી બહાર નીકળવું કેવી રીતે? એ ઘટના પૂર્ણ થઈ ગઇ. હવે ના થઈ એમ થવાનું જ નથી એટલે એની પૂર્ણ અસરમાંથી થોડી અસરકારકતા દૂર કરવાનો એક રસ્તો છે એ ક્ષમાનો છે.

કલાપી કહે છે – **'હા પસ્તાવો! વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે.'** એમાં પસ્તાવો એ પ્રકારાંતરે ક્ષમા છે. તેનો પ્રભાવ પડે છે બનેલી ઘટના ઉપર થયેલી ભૂલ ઉપર. પસ્તાવાનો જન્મ પવિત્ર સ્વર્ગમાંથી થાય છે એટલે ચોક્ખા, નિર્મળ દિલમાંથી ક્ષમા જન્મે છે એ અર્થ ઘટાવાનો છે. માફી આપવી એટલે ક્ષમા આપવી. માફ કરવામાં જે ભાવવલયો છે તે સજા કરવામાં જોવા મળતા નથી.

ક્ષમા માગનાર માણસ નાજુક દિલ ધરાવતો હોય છે. તેની આંખોમાં, હૃદયમાં અણુએ અણુમાં થયેલી ભૂલ પ્રત્યેની જવાબદારીનો સ્વીકાર અને માફી માંગવાની સજ્જતા હોય છે. માફી માંગનારો ક્ષમતા વગરનો હોતો નથી. **જેના હૃદયમાં પ્રેમ હોય તે જ માફ કરવાની સજ્જતા ધરાવે છે. એટલે તો કહેવાયું છે કે – 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્.'**

ક્ષમા એ ક્ષમતાવાળા, હિંમતવાળાની શોભા છે, આભૂષણ છે. ક્ષમા માંગવામાં આવી હિંમત હોય છે. અહમ્ વગરનો માણસ જ આવી હિંમત ધરાવે છે. ક્ષમા માંગવી અને ક્ષમા આપવી એમ બે પક્ષો છે. ક્ષમા આપનાર અને ક્ષમા માંગનાર બંનેની માનસિકતા અંગે વિચાર થવો ઘટે. ક્ષમા માંગનાર છે એ પોતાની ભૂલનું પ્રાયશ્ચિત કરે છે અને ક્ષમા આપનાર એ ભૂલ કરનારને માફ કરે છે. ક્ષમા માંગનારો સાચા દિલથી ક્ષમા માંગે ત્યારે તેમાંથી અહમ્ ઓગળી ગયો હોય છે. નિષ્પાપ, નિર્મલ, વિમલ દિલથી એ યાચના કરતો હોય છે ત્યારે રીતસર પ્રાર્થના કરતો હોય છે. **એટલે ક્ષમા માંગનારને આપણે ઘણીવાર ક્ષમાપ્રાર્થી કહેતા હોઈએ છીએ.** ક્ષમા એક અર્થમાં પ્રાર્થના છે. પ્રાર્થનાની કોટીએ ક્ષમાનું સ્થાન છે. ક્ષમાના દ્વારે પ્રવેશનારો હંમેશાં નિર્મલ હોય છે. તે બુધ્ધિથી નહીં, હૃદયથી પ્રવેશ કરે છે અને એ ક્ષમા ગૃહમાં પ્રવેશ્યા પછી ધન્ય બની જતો હોય છે. પ્રામાણિકપણે માંગેલી હૃદયપૂર્વકની ક્ષમા એ અગ્નિ સમક્ષ માંગેલી પ્રાર્થના છે. ક્ષમા માંગનારો કોઈ વંચના કરતો જ નથી. કેવળ હૃદયપૂર્વકની આજીજી કરતો હોય છે, પોતાની ભૂલનો સ્વીકાર કરતો હોય છે. ક્ષમા આપનારા પણ હિંમતવાળા હોય છે. તેનું દિલ પણ ખુલ્લું હોય છે. ભૂલ કરનારને સહી લે છે અને માફ કરે છે. માફી માંગવાની તે તક આપતો નથી. સામેથી માફ કરે છે. આમ, ક્ષમા ઉભયપક્ષે વિમલ વહેણનું ઝરણું છે.

ક્ષમા ક્રિયાના પરિણામને કારણે જન્મે છે. ક્ષમા ભૂલનો ઉત્તર છે. ક્ષમા ભૂલને ઓળખવા માટે નહીં, ઓળંગવા માટે હોવી ઘટે. **જ્યાં સુધી ક્ષમા માંગનાર ભૂલનું પૂરું પ્રાયશ્ચિત ન કરે ત્યાં સુધી ક્ષમા અપૂર્ણ છે, અપંગ છે.** બંનેમાં ભૂલને વિસારે પાડવાની છે. ભૂલનાં પગલા પકડવાના નથી, ભૂલમાં પગ પકડવાનું કામ ક્ષમાએ કરવાનું હોય છે. ક્ષમા માંગવા ખાતર નહીં, ટેવવશ નહીં, દિલથી મંગાય તો જ એનું સાર્થક્ય. ક્ષમામાં અહમનો અહેસાસ ન થાય. હૃદયપૂર્વકની ક્ષમા જોઈને ક્ષમાને એ અગ્નિ સમક્ષ સપ્તપદી ફરતા વરવધૂ જેવી સમર્પિત હોવી જોઈએ. ક્ષમાને મિત્ર માનો તો ભૂલને પત્ની માનવી જોઈએ. ભૂલે ક્ષમારૂપે આવેલા મિત્રના ઘરને દીપાવવાનું છે. ક્ષમાર્થીને અસત્ય સાથે નાતો હોય જ નહીં. ક્ષમાને સંગાથી માનો. આમ, ક્ષમા એ ભૂલનો કેવળ સ્વીકાર ન રહેતાં દિલમાં ડૂબકી મારી પોતાની સ્વચ્છ હૃદયભાવના પ્રતિબિંબિત બની રહે છે. ક્ષમા દ્વારા કેવળ વ્યક્તિ નહીં પણ તેનું વ્યક્તિત્વ પરખાય છે.

આપણે સૌ માનવજીવો ક્ષમાપ્રાર્થી બનીએ અને ક્ષમા આપનારો પરમાત્મા આપણી ઉપર કૃપા વરસાવતો રહે એ અભ્યર્થના.

## ગાંધીજીની સાથે એક અઠવાડિયું – (૨)

**(અનુ. : પાના નં.-૧૬ ઉપરથી ચાલુ)**

કરતું હોય એવાં કામ કરવામાં એમની મહત્તા હતી.

ગાંધીજીના જીવનકાળમાં જ ટાગોરે લખ્યું હતું : 'કદાચ એ સફળ નહીં થાય; મનુષ્યમાં રહેલી ખેલવૃત્તિને કાઢવામાં બુદ્ધ અને ઈસુને મળેલી એવી નિષ્ફળતા કદાચ એમને પણ મળે, પરંતુ એમની ગણતરી હવે પછીના અનંત યુગો માટે પોતાના જીવનને આદર્શરૂપ બનાવી જનારાઓમાં થયા કરશે.'

***(સંપૂર્ણ)***

*પ્રેષક : મગનલાલ સંઘવી - અમદાવાદ*

*"Swaraj means a continuous attempt to free ourselves from the government regulations. It does not matter whether the government is an alien government or our own. If, after the coming of Swaraj the people of India will keep on looking to the government for regulating every detail of their lives, then that Swaraj will be meaningless.*

***– Gandhiji***

## સાફ દિલ

અત્યારે વર્તમાન યુગમાં ચોખ્ખી વસ્તુ મેળવવા માટે માણસ ખૂબ પ્રયત્ન કરે છે. ઉત્પાદકો પણ જાહેરાત આપે છે ત્યારે "શુધ્ધ" શબ્દનો પ્રયોગ કરી ગ્રાહક વર્ગ મેળવવા પ્રયત્ન કરે છે. પરંતુ અનુભવે ૧૦% કિસ્સા બાદ કરતા, કોઈ વસ્તુ શુધ્ધ મળતી નથી. શુધ્ધતાને ગ્રહણ લાગી ગયું છે.

સમાજ પણ ખૂબ વિકસિત થતો ગયો. લોકો ભૌતિક રીતે સુખી વધારે છે. સુખ, સગવડની વસ્તુઓ પણ ખૂબ મળે છે. લોકો તેવી વસ્તુઓ વસાવે છે, ભોગવે છે **પરંતુ માણસમાં હૃદયની શુધ્ધતા લુપ્ત થતી જાય છે. દરેક માણસ કોઇને કોઈ કારણસર સામી વ્યક્તિ તરફ "દિલ"થી જોડાયેલ નથી.** ૯૦% જોડાણ ઔપચારીક છે. અમુક ફરજના ભાગરૂપ હોય છે, જે વાત સૌએ સ્વીકારવી પડે છે.

**વસ્તુની જેમ માણસોમાં પણ દિલની શુધ્ધતા ઘટતી જાય છે.** કોઈપણ વ્યક્તિ, કોઈપણ સંબંધમાં અથવા તો કોઈ વિષયમાં ખૂલીને વ્યક્ત થતો નથી કે વાત કરતો નથી. સંબંધ કોઇ પણ હોય મા-બાપ, પિતા-પુત્ર, ભાઈ-બહેન, પતિ-પત્ની તેમજ એ સિવાયના દરેક સામાજિક સગપણ જુઓ તો **સમર્પણવાળા સગપણ ઘટી ગયા છે.**

તમે આપો, આપીને ભૂલી જાવ; સેવા કરો, સેવા કરીને ભૂલી જાવ. તમારો નબળો સમય આવે ત્યારે તમારી કરેલ સેવા તમને પરત ન પણ મળે.

ઈશ્વરની હાજરી હોવાથી કે તેના ડરથી તમારું આપેલું કે તમે કરેલી સેવાવાળી વ્યક્તિ બદલી જાય પણ અન્ય વ્યક્તિ પાસેથી વ્યાજ સાથે પરત મળે છે ખરી. સેવા સગાની કરી હોય, વળતર કોઈ સારા મિત્ર મારફત મળે. સેવા મિત્રની કરી હોય, વળતર કોઈ સાચા સ્નેહી પાસેથી મળે. ટૂંકમાં, બેલેન્સ જાળવવાનું કામ ઈશ્વર કરે છે.

**હું કોઈ પાસેથી શુધ્ધ દિલની લાગણી ઇચ્છું તો મારે પણ શુધ્ધ દિલથી સામી વ્યક્તિને લાગણી આપવી પડે.** પરંતુ યુગની સૌથી વધુ અસર માનવીય સંબંધો ઉપર દેખાય છે. એક ફિલ્મી શાયરે આ માટે બહુ સરસ લખ્યું છે :

*"જબ ભી જી ચાહે, નયી દુનિયા બસા લેતે હૈં લોગ,*
*એક ચહેરે પે કઈ ચહેરે લગા લેતે હૈં લોગ."*

બહુ સાચી વાત વ્યક્ત કરી છે. આપણી સાથે થતા વ્યવહારમાં આપણે અનુભવ કરીએ તો ૯૦% બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા વર્ગ વચ્ચે આપણે જીવન પસાર કરીએ છીએ.

*પ્રેષક : ગુલાબચંદ ડી. સાવલા*
*૧૩/૧૫૦, મારુતિ એપાર્ટમેન્ટ, સોલા હાઉસિંગ,*
*સોલા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૬૩. મો. ૯૧૩૭૬ ૯૩૦૬૯*

સિદ્ધિ

# નેક કામનું ફળ!

ડૉ. આઈ.કે. વીજળીવાળા

૧૮૯૨ની સાલની આ વાત છે.

અમેરિકાની સ્ટાનફૉર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો એક યુવાન એક દિવસ અત્યંત નિરાશ થઇને બેઠો હતો. કૉલેજની ફી ભરવાના દિવસો વીતી ગયા હતા, પરંતુ ઘણા પ્રયત્ન પછી પણ પૈસાનો મેળ થઈ શક્યો નહોતો. એનું બાળપણ અનાથાશ્રમમાં વીત્યું હતું, એટલે એવા કોઈ સગાંઓ પણ એના નહોતા કે જેમને કહી શકાય. એ ખરેખર ખૂબ જ મૂંઝાઈ ગયો હતો.

અચાનક એના મનમાં એક વિચાર આવ્યો. એ એના મિત્ર પાસે ગયો અને પોતાનો વિચાર જણાવ્યો. બંને મિત્રોએ યુનિવર્સિટી કેમ્પસમાં એક સંગીત પાર્ટીનું આયોજન કરવાનું નક્કી કર્યું. ટિકિટના પૈસામાંથી જે કોઈ સંગીતકાર આવે એનો ખર્ચ નીકળી જાય અને ફીના પૈસા પણ મળી જાય, એવી એમની ગણતરી હતી.

એમના સારા નસીબે બરાબર એ જ વખતે જગવિખ્યાત પિયાનો આર્ટિસ્ટ આઈ.જે. પેડ્રેવસ્કી એ શહેરમાં જ હતા. બંને યુવાનોએ પેડ્રેવસ્કીનો શો રાખવાનું નક્કી કર્યું. એ સમયે પેડ્રેવસ્કી એક શોના ૨૦૦૦ ડોલર ફી લેતા હતા. બંને યુવાનોએ પેડ્રેવસ્કીના મેનેજરને મળીને ૨૦૦૦ ડોલરમાં એમનો શો નક્કી કરી નાખ્યો.

કાર્યક્રમ નક્કી થતાં જ બંને યુવાનો કામે લાગી ગયા. ટિકિટ છપાવવી, બધાનો સંપર્ક કરવો, ટિકિટ વેચવી વગેરે કામોમાં સમય ખૂબ ઝડપથી પસાર થઈ ગયો. પૂરી ટિકિટો વેચાય એ પહેલા તો નક્કી કરેલો દિવસ આવી પહોંચ્યો. પેડ્રેવસ્કીએ પિયાનોવાદક તરીકેની પોતાની બધી જ કળા રજૂ કરીને લોકોને ખુશ કરી દીધા.

કાર્યક્રમના બીજા દિવસે બંને યુવાનો પેડ્રેવસ્કીનો આભાર માનવા અને એમની ફી ચૂકવવા માટે ગયા. પૂરી ટિકિટો ન વેચાવાના કારણે એ લોકો ફક્ત ૧૬૦૦ ડોલર જ એકઠા કરી શક્યા હતા. એમના મનમાં હતાશા છવાયેલી હતી. કૉલેજની ફી ભરવાની વાત તો દૂર રહી, એ લોકો પેડ્રેવસ્કીને આપવાની થતી ૨૦૦૦ ડૉલરની રકમ પણ ભેગી કરી શક્યા નહોતા.

છતાં એ લોકો ૧૬૦૦ ડૉલર લઈને પેડ્રેવસ્કીની પાસે પહોંચ્યા. એમને ૧૬૦૦ ડૉલર આપ્યા. ઉપરાંત ૪૦૦ ડૉલરનો ચેક આપીને કહ્યું, 'સર, અમને ક્ષમા કરજો. અમે પૂરી રકમ એકઠી નથી કરી શક્યા. અમારી કૉલેજ ફી ભરી શકાય એ માટે અમે આ આયોજન કર્યું હતું, પરંતુ ઓછી ટિકિટ વેચાવાના કારણે અમે લાચાર થઈ ગયા છીએ. હાલ અમારી પાસે એટલી વ્યવસ્થા નથી એટલે આપ આ ચેકનો સ્વીકાર કરો. આપના બાકી નીકળતા ૪૦૦ ડૉલર આપને જલદીથી મળી જાય એવો અમે પ્રયત્ન કરીશું.'

પેડ્રેવસ્કી એક મહાન કલાકાર હોવાની સાથોસાથ એક ઉમદા ઇન્સાન પણ હતા. થોડીવાર એ આ બંને યુવાનોના ચહેરાને નીરખતા રહ્યા. પછી બોલ્યા, 'નહીં! બિલકુલ નહીં. આ બરાબર ન જ કહેવાય.' એટલું કહી એમણે ૪૦૦ ડૉલરનો ચેક ફાડી નાખ્યો. પછી ૧૬૦૦ ડૉલર પેલા યુવાનોને પાછા આપતા બોલ્યા, 'દોસ્તો! જે કામ માટે મારા શોનું આયોજન થયું હોય એ કામ પરિપૂર્ણ થવું જોઈએ. આ પૈસા તમે પાછા લઈ જાવ. તમારી કૉલેજની ફી ચૂકવાઈ જાય, શોના આયોજન પાછળ તમે કરેલો ખર્ચ ભરપાઈ થઈ જાય એ પછી જે રકમ વધે એ જ તમારે મને આપવાની છે!'

બંને યુવાનો અત્યંત આશ્ચર્ય અને અહોભાવપૂર્વક પેડ્રેવસ્કીને જોઈ રહ્યા. એમનો દિલથી આભાર માનીને બંનેએ વિદાય લીધી. એમની કૉલેજની ફીનો અને **બીજી રીતે જોઇએ તો જિંદગીનો પ્રશ્ન એક મહાન પિયાનોવાદકે આસાનીથી ઉકેલી દીધો હતો.**

એ પછી પેડ્રેવસ્કી પોલૅન્ડના રાષ્ટ્રપ્રમુખ બન્યા હતા. તેઓ એક ખૂબ જ સારા શાસક અને રાજનેતા હતા, પરંતુ કમનસીબે એ જ અરસામાં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું હતું. એમાં બિચારા પૉલેન્ડનો ખો નીકળી ગયો. એમના દરિયાકાંઠા દુશ્મનોએ બંધ કરી દીધા. એના કારણે એક એવો સમય આવ્યો કે પૉલેન્ડની ૧૫ લાખની વસતિને ભૂખે મરવાનો વખત આવી ગયો.

રાષ્ટ્રપ્રમુખ પેડ્રેવસ્કી બરાબરના મૂંઝાયા. કોની પાસે મદદ માટે હાથ ફેલાવવો એ નહોતું સમજાતું. અંતે અમેરિકા જઇને

(અનુ. : જુઓ પાના નં.-૨૫ ઉપર)

વિચાર મંથન

# આવા બધા ભભકા અને દેખાડા શા માટે?



ડૉ. યાસીન દલાલ

દિલ્હી જાવ ત્યારે અનેક સ્થળો જોવાલાયક છે. દા.ત. લાલ કિલ્લો, જુમા મસ્જિદ, જંતરમંતર, સંસદ ભવન, તીન મૂર્તિ – આ બધા ઉપરાંત રાષ્ટ્રપતિ ભવન. આ બધામાં રાષ્ટ્રપતિ ભવનની સાહ્યબી જોવા જેવી છે. વાઇસરોય લોર્ડ હાર્ડિંગ તેમની પત્ની સાથે ભારત આવેલા, દેશના વિવિધ રજવાડાઓ પણ ભેટ સોગાદો સાથે દિલ્હી આવ્યા; બ્રિટિશ સમ્રાટ જ્યોર્જ પાંચમા પણ ત્યાં હાજર હતા. દિલ્હી ખાતે યોજાયેલા આ દરબારની ભવ્યતા અને જાહોજલાલી જોઈને વાઇસરોયને વિચાર આવ્યો કે ભારતની રાજધાની કલકત્તાને બદલે દિલ્હી હોય તો? ૧૯૧૨માં રાજધાની કલકત્તાથી લાવવાની યોજના તૈયાર થઈ ગઈ. પ્રશ્ન એ થયો કે દિલ્હીમાં વાઇસરોય ક્યાં રહેશે. આ નક્કી કરવા ત્રણ સભ્યોની બનેલી એક સમિતિ નક્કી થઈ. એણે જગ્યા પસંદ કરી લીધી – રાયસીના હિલ્સ. લંડન સ્કૂલ ઑફ આર્કિટેક્ટના એડવીન લુટીયન્સ નામના આર્કિટેક્ટે આ જવાબદારી ઉપાડી લીધી. એણે વિચાર્યું કે વાઇસરોય માટેનું મકાન ભવ્ય અને વિશાળ તો હોવું જ જોઈએ. ઉપરાંત દિલ્હીથી અળગું ન પડવું જોઈએ. આ મકાન સ્વયં સંપૂર્ણ હોવું જોઈએ. ઇટાલીથી મંગાવાયેલા મારબલ સિવાયની બધી સામગ્રી ભારતની વાપરવામાં આવી. ૩૩૦ એકરમાં પથરાયેલી આ ભૂમિ ઉપર નિર્માણકાર્ય શરૂ થયું તે પહેલાં જ વિશ્વયુધ્ધ શરૂ થયું એટલે કામ અટકી ગયું. ૧૯૨૧માં ફરીથી શરૂ થયું. બીજી બાજુ આઝાદીનું આંદોલન પણ ચાલુ જ હતું. ૨૩ હજાર મજૂરોની દિનરાતની મહેનત પછી ૧૭ વરસે એટલે કે ૧૯૨૮માં પૂરું થયું. આર્કિટેક્ટ લુટીયન્સને યુરોપિયન શિલ્પ પસંદ હતું. એની પત્ની એમેલીને ભારતીય કલા પસંદ હતી. લુટીયન્સે પત્નીની પસંદગીને પણ ધ્યાનમાં રાખી. ભવન નિર્માણના ૧૭ વરસમાં એણે પત્નીને ૨૫૦૦ પત્રો લખ્યા. આમ એ પોતે ઇચ્છતો હોય કે ન ઇચ્છતો હોય પણ એમાં ઠેકઠેકાણે ભારતીય કલા અને સંસ્કૃતિ હાજર થઈ ગઈ. પાંચ એકરના ભવનમાં ૧૫ લાખ ટ્યુબીક ફુટ પથ્થરો, લગભગ સાડા ચાર લાખ ઈંટો, ૭૫ સો ટન સિમેન્ટ, ૧૩૫૦ ટન લોખંડ વપરાયા હતા. નિર્માણ દરમિયાન લુટીયન ૧૮ વખત ભારત આવ્યો. દિલ્હીની વિશાળ છત અને સુંદર જાળીઓ તેમજ કલાત્મક રેલીંગ્સ, ઠેકઠેકાણે ઊભા કરાયેલા હાથીઓના શિલ્પ, દીવાલો ઉપરની મોગલ રાજપુત અને બુધ્ધિષ્ઠ શૈલીની કલાઓ રૂપે દરેક જગ્યાએ ભારતીયતા ડોકાતી હતી. એમાં ગ્રીક ટચ આપવા ઇટાલીથી મારબલ મંગાવ્યો હતો. સફેદ મારબલ જોધપુરથી, લીલા રંગનો મારબલ વડોદરા અને અજમેરથી, લીંબુ રંગનો મારબલ હમીરપુરથી અને પીળા રંગનો ચમકતો મારબલ જેસલમેરથી ખાસ મંગાવ્યો.

ચાર માળનો રાષ્ટ્રપતિ ભવનની ઇમારતમાં ૩૪૦ ઓરડા છે. એમને જોડતી ૩૫ ગેલેરીઓ છે જે ૨૨૭ થાંભલા ઉપર ટકેલી છે. રાષ્ટ્રપતિ ભવનમાં ૧૨ લિફ્ટ છે. દરબાર હોલ, અશોક હોલ, મુગલ ગાર્ડન વગેરેવાળી આ ભવ્ય ઇમારતમાં એક સમયે વાઇસરોય રહેતા હતા. હાલ આપણા રાષ્ટ્રપતિ રહે છે. નવી સરકારની શપથવિધિ દરબાર હોલમાં યોજાય છે. આ હોલ વિશે કહેવાય છે કે આ હોલ વિશ્વનો સૌથી ભવ્ય હોલ છે. મંચની સામે ગાંધી તથા અન્ય રાષ્ટ્રીય નેતાઓની તસવીરો મૂકવામાં આવી છે. તેની પૃષ્ઠભૂમિમાં ગુંબજ આકારનો વિશાળ ભવન છે. આ ભવન તેની ઊંચાઈ કરતાં વધુ ભવ્ય લાગે છે. ભવનના ઉત્તરના ભાગે રાષ્ટ્રપતિઓના સગાઓને રહેવાના ઓરડા છે. મહેમાનો માટેના ઓરડા દક્ષિણ ભાગમાં છે. અશોક હોલમાંની ૬૪૦ કિલોની ચાંદીની ખુરશી પર રાષ્ટ્રપતિ બેસે છે. બ્રિટિશ સમ્રાટ જ્યોર્જ પાંચમાએ ૧૯૧૨માં ભરાયેલા દિલ્હી દરબારમાં આ ખુરશીનો ઉપયોગ કર્યો હતો. બધે જ જાતજાતની રંગીન શેતરંજીઓ પાથરેલી છે અને વિક્ટોરિયન શૈલીનું ફર્નિચર છે જે ફર્નિચર લ્યુટીયન્સે રૂમના ઉપયોગને ધ્યાનમાં રાખીને પસંદ કર્યું છે. સીડીઓની એકબાજુ બધા જ રાષ્ટ્રપતિઓની વિશાળ તસવીરો લટકાવી છે. તસવીરો ઉપર એક વિશાળ પેઇન્ટિંગ છે. પોલોસ્કીએ બનાવેલા આ પેઇન્ટિંગમાં ગાંધીજીની હત્યાનું ચિત્ર છે.

૧૨૦૦ ફુટ લાંબા આંગળામાં આવેલો ૧૨૫૦ ફુટ ઊંચો જયપુર સ્તંભ રાષ્ટ્રપતિ ભવનનું ખાસ આકર્ષણ છે. આ સ્તંભ જયપુરના મહારાજા સવાઇ માધવસિંહે ૧૯૧૨માં યાદગીરી રૂપે ભેટ આપ્યો હતો. સ્તંભના ઉપરના ભાગે એક ચમકતો તારો બનાવવામાં આવ્યો છે. ભવનનું બીજું આકર્ષણ મોગલ ગાર્ડન છે. એના ઉપરથી જ ભવનની ભવ્યતાનો અંદાજ આવી જાય છે. અહીં અઢીસોથી પણ વધુ પ્રકારના ગુલાબ છે. એમાંનું

એક ગુલાબ ગુલાબના વંશની જનની કહેવાય છે. બોગનવેલની ૧૦૧ પ્રકારની જાતો છે. એમાં ૬૦થી વધુ જાત અહીં જોવા મળે છે પણ કરુણતા એ છે કે આવી ભવ્ય ઈમારત બનાવનાર આ ભવનમાં રહી શક્યો જ નહોતો. તે મૂલકમાં પાછો ફર્યો એ પહેલા આ ભવનને બરાબર જોઈ લીધું હતું અને પછી જતો રહ્યો હતો. બ્રિટનના અંતિમ વાઈસરોય લોર્ડ માઉન્ટ બેટને અહીં બેસીને જ ભારતને આઝાદી આપવાનો અંતિમ નિર્ણય લીધો હતો. ભારત-પાક ભાગલાની ચર્ચા પણ અહીં જ થઈ. રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ અહીં રહેતા હતા. પ્રણવ મુખર્જી પણ રાષ્ટ્રપતિ પદે આવી ગયા. એ પહેલા રાધાકૃષ્ણન, રાજેન્દ્ર પ્રસાદ અને ફકરુદ્દીન અલી અહેમદ પણ આવી ગયા, તો પણ ભવનની ભવ્યતા જરા જેટલી ઘટી નહીં. એવો વિચાર પણ કોઇને આવ્યો નહીં. એવો વિચાર આવ્યો હોય તો તરત જ જતો રહેતો પણ કોઇએ એમ ન વિચાર્યું કે ભારત એક ગરીબ દેશ છે. ગરીબ દેશના રાષ્ટ્રપતિની ઈમારત આટલી બધી ભવ્ય ન હોય. એની ભવ્યતા ઓછી કરવા ઘણા રસ્તા હતા. એમાં અમુક ઓરડાઓ કાઢીને બીજા કોઈ ઉપયોગ માટે કામમાં લઇ શકાય. પ્રધાન મંડળના અમુક ખાતા પણ એમાં બેસાડી શકાય. એનાથી ભવનની ભવ્યતા બિલકુલ ઓછી ન થાત. બલકે ગરીબ દેશના ભવનની ગરીમા એથી વધી હોત.

આવો જ બીજો મુદ્દો આપણે ત્યાં ઉભા થયેલા પૂતળા કલ્ચરનો છે. દુનિયાભરમાં જાણીતા નેતાઓના પૂતળા મૂકવામાં આવે છે. આ રિવાજ મૂળ પશ્ચિમમાંથી આવ્યો છે. પેરિસ કે ન્યુયોર્ક જાવ તો પણ ત્યાં પૂતળા જોવા મળશે. પેરિસ યુનિવર્સિટીના રસ્તા ઉપર જ થોમસ પેઇનનું પૂતળું દેખાશે. આપણે ત્યાં હવે એનો પણ અતિરેક થાય છે.

**એવો એક અંદાજ છે કે મુંબઈમાં નેતાઓના ૧૨ હજાર અને દેશમાં અઢી લાખથી વધુ બાવલા છે.** બાલ ઠાકરેના પત્ની કે આંબેડકરના પૂતળા જોડે છેડછાડ થઇ એમાં હિંસા ફાટી નીકળી. કોઈ રાજકીય પક્ષના નેતાના પૂતળા સાથે ચેડા થાય કે તરત જ હિંસા ફાટી નીકળે છે. આપણા દેશમાં જાહેર માર્ગો ઉપર કે સર્કલમાં પૂતળા મૂકવાનું રાજકારણ ચાલે છે, તે જોતાં એને અંકુશમાં લેવાની જરૂર છે. મોટેભાગે આ તમામ પૂતળા વર્ષમાં એક-બે વખત જ તંત્રનું ધ્યાન ખેંચે છે. પૂતળું હોય તે નેતાની જન્મતિથિ કે પુણ્યતિથિ હોય ત્યારે સફાઈ સ્ટાફ તેના પરની ધૂળ સાફ કરે છે અને પૂતળાને હારતોરા કરે છે. મોટેભાગે આવી જગ્યાઓ રેલી કે દેખાવોનું કેન્દ્ર સ્થાન બને છે. આંદોલનકારો પોતે આંદોલન માટે અહીં બેસતા હોય છે અને ફોટોગ્રાફરોના કેમેરામાં કેદ થવા ધક્કામુક્કી કરે છે. **ખરેખર તો જે તે મહાનુભાવે દેશના વિકાસમાં નક્કર પ્રદાન કર્યું હોય એમના જ બાવલા મૂકવા જોઈએ.** ધાર્મિક કે જ્ઞાતિઓના નેતાઓના પૂતળા જે તે જ્ઞાતિ કે ધર્મના સ્થળે રાખવા જોઈએ. આપણે ત્યાં જે પક્ષ સત્તા પર હોય એના નેતાઓના પૂતળા મૂકવાની ફેશન ચાલે છે. યુ.પી.માં માયાવતી મુખ્યપ્રધાન હતા ત્યારે એક વિક્રમ કર્યો. સામાન્ય રીતે નેતા અવસાન પામે ત્યારે એમના પૂતળા મૂકાય છે પણ માયાવતીબેને પોતાની હયાતીમાં જ યુ.પી.માં ઠેરઠેર પોતાના પૂતળા મૂકાવ્યા. ઉપરાંત પોતાના પક્ષનું પ્રતીક હાથી છે એના પૂતળા પણ ઠેરઠેર મૂકાવ્યા. માયાવતીમાં કોઈ એવો ગુણ નથી કે જેને કારણે એમને પૂજવા પડે.

આપણે ત્યાં ૨૬મી જાન્યુઆરીએ દિલ્હીમાં ભવ્ય પરેડ નીકળે છે. સવારના પહોરમાં શરૂ થતી પરેડ છેક બપોર સુધી ચાલે છે. કેટલાક લોકોને મન આ એક તમાશા જેવું થઈ ગયું છે. એમાં યુદ્ધમાં શહીદ થઈ ગયેલી હસ્તીઓના સગાવહાલા જે જુદા જુદા ચક્ર લેવા આવતા હોય એ જરૂર યાદગાર હોય છે પણ એ સિવાય જુદા જુદા રાજ્યોના ટેબ્લોની લાઈન લાગેલી હોય છે. આખા દેશમાંથી ઘણાખરા રાજ્યોના ટેબ્લો આ પરેડમાં હોય છે. પણ ટેબ્લોની મુશ્કેલી એ છે કે એમાં લશ્કરી તાકાત પણ બતાવાય છે. આપણા લશ્કરમાં છેલ્લે જે વિમાનો કે સબમરીનો દાખલ થઈ હોય એ બતાવવામાં આવે છે. વિમાનો ઉપર ઉડતા હોય છે અને એમની કલા અને કરતબ બતાવાય છે. મૂળ તો પાડોશી દેશોને આશ્ચર્ય આપવા આવું થતું હોય છે. ઉપરાંત કોઇને કોઈ પાડોશી દેશના વડા ખાસ હાજર રહે છે. **આપણી લશ્કરી તાકાત દર્શાવતી પરેડ પાછળ જંગી ખર્ચ થાય એ સ્વાભાવિક જ છે. ગરીબ દેશને આવા ખર્ચા પોસાય નહીં.**

દરેક દેશમાં આવી પરેડ યોજાતી નથી. રશિયામાં પરેડ યોજાય છે પણ દર ચાર વરસે. **કેટલાક દેશો પોતાની લશ્કરી તાકાત પોતાના નાગરિકોને પણ બતાવતા નથી.** આજે આપણે ત્યાં અડધોઅડધ સાંસદો ઈચ્છે છે કે આ સો કરોડ બીજા વિકાસના કામોમાં વાપરવા જોઈએ તો આપણી વિકાસની ગતિ વધુ તેજ બને.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

*જે પોતાની નજર ધરતી પર રાખે છે એને કદી ઠોકર લાગતી જ નથી. ઠોકર તો એને જ લાગે છે કે જે ધરતીને ભૂલીને આકાશના તારા ગણવા બેસે છે! માથું નીચું જ રહેવું જોઈએ એ જ કુદરતી સ્થિતિ છે. ઈશ્વરના આશીર્વાદ એના પર ઉતરે છે કે જે પોતાનું માથું નમાવીને પ્રણામ કરે છે. ફૂલમાળા એના ગળામાં જ શોભે છે જે ધારણ કરતી વખતે પહેરાવનારા સમક્ષ પોતાનું માથું નીચે નમાવે છે.*

અહેસાસ

# "પ્રેમનો રિવાજ"



સુનિતા એ. શાહ

પલક આજે ઢળતી સાંજે તેના અમદાવાદ શહેરના પોશ વિસ્તારમાં આવેલા વિશાળ ફ્લેટની બાલ્કનીમાં હાથમાં કોફીના કપ સાથે બેઠા બેઠા શહેરની બદલાતી તસવીર નિહાળી રહી હતી. ૧૧મા માળની તેની બાલ્કનીમાંથી દૂર દૂર સુધી વિસ્તારતો અમદાવાદ શહેરનો નજારો કેટલો સુંદર દેખાઈ રહ્યો હતો. ઝરમર ઝરમર વરસાદ પણ શરૂ થઈ ગયો હતો. ખૂબ જ સુંદર વાતાવરણ થઈ ગયું હતું. ગરમ કોફીની ચુસકીઓની મજા લેતા લેતા અચાનક જ પલક તેના ભૂતકાળમાં સરી પડી...

તે અત્યારે કોઈકની વહાલસોયી પત્ની કે કોઈક દીકરીની મમતામયી માતામાંથી સોળ વરસની એક અલ્લડ હસતી રમતી છોકરી પલક બની ગઈ હતી.

પલકનું આજે નવમા ધોરણનું રીઝલ્ટ આવવાનું હતું. તે ઝડપથી નાહી ધોઈને તૈયાર થઇને શાળાએ જવા નીકળી. દર વખતની જેમ આ વખતે પણ તે ક્લાસ (વર્ગ)માં ફર્સ્ટ (પ્રથમ) આવી હતી. તે ખૂબ ખુશ હતી. એણે ઘેર જઇને બધાને તેનું રીઝલ્ટ જણાવ્યું. તે તેના ઘરમાં તેના માતા-પિતા અને બે બહેનો સાથે રહેતી હતી. ઘરમાં બધા તેના રીઝલ્ટથી ખૂબ ખુશ હતા.

પલકે હવે દસમા ધોરણમાં પ્રવેશ કર્યો હતો. આમ પણ તે ભણવામાં ખૂબ હોંશિયાર તો હતી જ અને તે પૂરી મહેનતથી અને ખંતથી અભ્યાસ કરી રહી હતી. એની ક્લાસમાં તેની સાથે ભાવિન નામનો વિદ્યાર્થી અભ્યાસ કરતો હતો. તેઓ પ્રથમ કક્ષાથી જ એક ક્લાસમાં સાથે ભણતા આવ્યા હતા. પરંતુ આટલા વખત તો બંનેને એકબીજા સાથે બોલવાનો પ્રસંગ બહુ ઓછો આવ્યો હતો. પરંતુ પહેલેથી સાથે ભણતા હોવાના કારણે પરિચય હતો. ભાવિન પણ અભ્યાસમાં આગળ પડતો હતો. એટલે દસમા ધોરણમાં નોટ્સની આપ-લે કરતા, એ રીતે પરિચય થોડો વધ્યો. ભાવિન ખૂબ જ સારા ઘરનો અને સંસ્કારી છોકરો હતો. પલકને ધીમે ધીમે તે ગમવા લાગ્યો હતો અને ભાવિન પણ પલક તરફ આકર્ષાયો હતો.

થોડા જ વખતમાં એમની દોસ્તી પ્રેમમાં પરિણમી હતી. બંને એકબીજાને અભ્યાસમાં મદદ કરતા હતા. એમનો પ્રેમ એમના અભ્યાસની આડે ક્યારે પણ આવતો ન હતો.

ધીમે ધીમે શાળાનો અભ્યાસક્રમ પૂરો કરીને તેઓ કૉલેજમાં આવી ચૂક્યા હતા. સાથે સાથે તેમનો પ્રેમ પણ વધારે ગાઢ થતો જતો હતો. કૉલેજના એ દિવસો, સાથે પ્રેમનો નશો... એ બંને જીવનના આનંદને ખોબે ને ખોબે માણી રહ્યા હતા. હજી સુધી એમને એમના પ્રેમની વાત ઘરે જણાવવાની જરૂર લાગી ન હતી. એમણે વિચાર્યું હતું કે એક વાર ડિગ્રી હાથમાં આવી જાય અને સારી જગ્યાએ જોબ મળી જાય અને આવક શરૂ થઈ જાય પછી જ ઘેર જણાવીશું.

પરંતુ કહેવાય છે ને કે **વિધિના વિધાન અકળ હોય છે.** જેને પામર મનુષ્ય તો શું દેવો પણ જાણી શક્યા નથી. એક ક્ષણમાં જ બાજી પલટાઈ જાય છે. રાજામાંથી રંક અને રંકમાંથી રાજા બની જવાય છે. સુખ અને દુઃખનું ચક્ર ફરતું ફરતું ક્યારે તમારી સમક્ષ તેની કઈ બાજુ ઉજાગર કરશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. **'ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે.'**

એક દિવસ પલકને તેની તબિયત સારી લાગતી ન હતી. સહેજ તાવ પણ હતો. એ દિવસે એ કૉલેજ ગઈ ન હતી. તેની મમ્મી સાથે તે ડૉક્ટર પાસે દવા લેવા ગઈ. ડૉક્ટરે યોગ્ય તપાસ કરીને કેટલાક ટેસ્ટ કરાવવાનું કહ્યું જે સામાન્ય રૂટિનમાં કરાવતા હોઈએ એવા જ ટેસ્ટ કરાવવાના હતા. પલક લેબોરેટરીમાં ટેસ્ટ કરાવી આવી. ત્યાંથી તેને સાંજે આવીને રિપોર્ટ લઇ જવાનું કહ્યું. પલક સાંજે રિપોર્ટ લેવા જાય એ પહેલા જ લેબોરેટરીમાંથી તેના ઉપર ફોન આવ્યો કે રિપોર્ટ લેવા તમારા માતા કે પિતાને સાથે લઇને આવજો.

પલકને થોડું આશ્ચર્ય તો થયું કે ફોનમાં આવું કેમ કહ્યું? પણ એણે એ વખતે એ વાત સહજતાથી લીધી. તે તેના પપ્પાને લઇને રિપોર્ટ લેવા પહોંચી. પણ ત્યારે તેને અંદાજ પણ ન હતો, આ એક રિપોર્ટ તેની જિંદગીમાં કેટલી હલચલ મચાવી નાખવાનો હતો. રિપોર્ટ તેના પપ્પાના હાથમાં આવતા તેમના પગ નીચેથી જાણે કે જમીન સરકી ગઈ હતી. કહ્યું છે ને કે દુઃખ જ્યારે આવે છે ત્યારે દસ્તક દઈને નથી આવતું. એ તો બસ અચાનક આવીને એવું તૂટી પડે છે કે જેના પર તૂટે છે તેને તોડીને ચકનાચુર કરી નાખે છે. પથ્થર જેવા માણસને પણ પીગળાવી નાખે છે. જિંદગીમાં ક્યારેય પણ ન

રડ્યા હોય તેવા માણસની આંખોમાં આંસુઓનો દરિયો ભરી દે છે.

અત્યારે આવી જ કંઈક હાલત પલકના પપ્પાની હતી. પલકના રિપોર્ટમાં બ્લડ કેન્સર ડિટેક્ટ થયું હતું. પલકને કહેવાની તો તેના પપ્પાની હિંમત જ થતી ન હતી. પલક તેના પપ્પાનો ચહેરો જોઈને એટલું તો સમજી જ ગઈ હતી કે રિપોર્ટમાં કંઈક અજુગતું છે. તેના પપ્પા ત્યાં બાંકડા પર જ ફસડાઇને બેસી ગયા. પલકે એમના હાથમાંથી રિપોર્ટ લઈ લીધો. જોઈને તે માની જ શકતી ન હતી કે આ એનો જ રિપોર્ટ છે. એની સામે જાણે બધું ગોળ ગોળ ફરતું દેખાતું હતું. તેની દુનિયા અચાનક જ બદલાઈ ગઈ હતી. એ પર્વતની ટોચ પરથી ઊંડી ખીણમાં પડી હોય એને એવો અનુભવ થતો હતો.

પિતા - પુત્રી બંને ભારે પગલે ઘેર પહોંચ્યા. જ્યારે તેની માતા અને બહેનોએ હકીકત જાણી ત્યારે પોતાના પર કાબૂ ના રાખી શક્યા અને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા. પલક તો જાણે લાકડું થઈને બેસી ગઈ હતી. તેની વિચારવાની કે સમજવાની જાણે કે શક્તિ જ ખોઈ ચૂકી હતી.

એણે બીજા દિવસથી કૉલેજ જવાનું બંધ કરી દીધું. એ ઘરમાં જ બેસી રહેતી. ના કોઈની સાથે બોલતી, ના હસતી... **એને ભાવિન સાથે સજાવેલા સપનાનો મહેલ તેની નજર સામે કડડડભૂસ થઇને તૂટતો દેખાઇ રહ્યો હતો.** એનામાં ભાવિનને આ વાત કરવાની પણ હિંમત ન હતી. ત્રણ-ચાર દિવસ પલક કૉલેજ ના આવી એટલે ભાવિનને પણ ચિંતા થવા લાગી. એ જમાનો લેન્ડ લાઈન ફોનનો હતો. ત્યારે મોબાઈલ ફોન તો અસ્તિત્વમાં આવ્યા પણ ન હતા. ભાવિન પલકના ઘરે ફોન કરતો, તો ફોન બીજુ કોઈ ઉપાડતું. એટલે એ ફોન મૂકી દેતો. પલકમાં તો ફોન ઉપાડવાની પણ હિંમત નહોતી.

પલકના મમ્મી-પપ્પા દરરોજ રિપોર્ટ લઇને એકથી બીજા ડૉક્ટરના ધક્કા ખાતા હતા. ડૉક્ટરની એવી સલાહ હતી કે પલકને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવી પડશે. પલકને તરત જ હોસ્પિટલમાં દાખલ કરીને તેની સારવાર શરૂ કરવામાં આવી. પલક અંદરથી ભાંગી ચૂકી હતી. તેની જીવવાની ઇચ્છા જ જાણે કે મરી ગઈ હતી. તેનું હાસ્ય તો ક્યાંય ગાયબ થઈ ગયું હતું.

આ બાજુ ભાવિનને ખૂબ જ ચિંતા થતી હતી. એટલે એણે પલકની એક બહેનપણી રીમાને તેના ઘેર હકીકત જાણવા મોકલી. રીમા જ્યારે પલકના ઘેર પહોંચી ત્યારે પલકની માંદગી વિશે જાણીને તેને ખૂબ આઘાત લાગ્યો. તે પલકને મળવા દોડતી હોસ્પિટલ પહોંચી. બંને બહેનપણીઓ એકબીજાનો હાથ પકડીને ખૂબ રડી. પલકે રીમાને ભાવિનને આ વિશે વાત કરવાની ના કહી. એણે કહ્યું : 'ભાવિન આ વાત સહન નહીં કરી શકે અને મારે એને દુઃખ પહોંચાડવું નથી. માટે તું એને આ સત્ય હકીકતથી અજાણ જ રાખજે. તું બીજું કોઈ પણ કારણ આપી દેજે, બીજું કોઈ પણ બહાનુ બતાવી દેજે.'

રીમા બીજા દિવસે કૉલેજ ગઈ ત્યારે ભાવિને પલક વિશે પૂછ્યું. પહેલા તો રીમાએ સાચી વાત ના જણાવી. પરંતુ પછી એને થયું કે આ વાત છૂપાવીને તે ભાવિન સાથે અન્યાય કરી રહી છે. તેણે ભાવિનને સાચી વાતથી વાકેફ કરી.

આ બાજુ પલક વિચારી રહી હતી કે મેં રીમાને કહેવાની ના તો પાડી છે પણ રીમાનો બહુ ભરોસો નહીં. એ કદાચ ભાવિનને સાચી વાત જણાવી પણ દેશે. મારી આ હાલત જાણ્યા પછી શું ભાવિન મને પહેલાની જેમ પ્રેમ કરશે? મને છોડીને જતો રહેશે તો? હજી તો બંનેના ઘરમાંથી કોઈને ખબર નથી. બંનેના માતા-પિતાને ખબર નથી. ભાવિન કદાચ મને છોડીને જતો રહે તો એમાં કોઈ નવાઈ પણ નથી. એક કેન્સરગ્રસ્ત છોકરીની પાછળ કોણ પોતાનો સમય બરબાદ કરે? અને આમ હણ હું હવે કેટલું જીવીશ કોને ખબર? પલક આમ વિચારોના ઘોડાપુરમાં તણાતી રહી.

ભાવિને જ્યારે રીમા પાસેથી પલક વિશે સાંભળ્યું ત્યારે તે પોતાના હોશકોશ ગુમાવી બેઠો. એના માથે જાણે આભ તૂટી પડ્યું. તે બધું જ ભૂલીને પલકને જે હોસ્પિટલમાં દાખલ કરી હતી ત્યાં દોટ મૂકી. તે જઇને પલકના પલંગ પાસે ઉભો રહ્યો. તે વખતે પલક પાસે તેના મમ્મી-પપ્પા તથા બહેનો બધા બેઠેલા હતા. એક અજાણ્યા છોકરાને આવેલો જોઈને તે લોકો નવાઈ પામી ગયા. તેના પપ્પાએ તેને પૂછ્યું, 'તું કોણ છે બેટા? કદાચ તું ભૂલથી ખોટા રૂમમાં આવી ગયો લાગે છે.' પલક અને ભાવિનની નજક એક થઈ અને તેમની આંખમાંથી ગંગા જમના વરસવા લાગ્યા.

એક પણ શબ્દ બોલ્યા વિના જાણે એકબીજાને કેટલું બધું કહી દીધું હતું તેમની નજરોએ. ઘણીવાર ન બોલાયેલા શબ્દો પણ ઘણું બધું કહી જતા હોય છે. અને બોલાયેલા શબ્દો કરતાં પણ તેની અસર વધારે હોય છે.

ભાવિન પલક પાસે તેના પલંગ ઉપર બેસી ગયો અને તેનો હાથ પોતાના હાથમાં લઈ લીધો. જાણે કહેતો હોય કે આ હાથ હવે જિંદગીમાં ક્યારેય પણ નહીં છૂટે. પલકના માતા-પિતા તથા બહેનો હજી અચંબામાં હતા. તેમને સમજણ ના પડી કે આ બધું શું થઈ રહ્યું છે! પરંતુ ભાવિને જ વાતની શરૂઆત કરી. એ અને પલક એકબીજાને કેવી રીતે મળ્યા, ક્યારથી એકબીજાને ચાહે છે એ વાત કહી અને લગ્ન કરવા

માંગે છે એમ કહ્યું. પલકના માતા-પિતા ભાવિનની વાત સાંભળી રહ્યા. પછી પોતાની આંખમાં આવતા આંસુઓ પર કાબૂ રાખીને ભાવિનને એક બાજુ લઇ જઇને સમજાવવાની કોશિશ કરી. 'તમે એકબીજાને પ્રેમ કરો છો એ વાત સાચી, પરંતુ હવે આ પ્રેમ અને લગ્ન શક્ય નથી. પલકને બ્લડ કેન્સર છે અને હવે તે કેટલા દિવસની મહેમાન છે તે ડૉક્ટરના હાથની પણ વાત નથી. માટે હવે તું અમારી દીકરીને ભૂલી જા. અને અહીંથી ચાલ્યો જા. પાછો વળી જા...' એમ કહીને બે હાથ જોડીને તે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. ભાવિન તેમના હાથ પોતાના હાથમાં પકડીને બોલ્યો, **'મેં પલકને પ્રેમ કર્યો છે, સાચો પ્રેમ. અને હવે તેને છોડીને કેવી રીતે જાઉં?** તે પણ આ હાલતમાં... ના વડીલ, અમે એકબીજાને આખી જિંદગી સાથ નિભાવવાના કૉલ આપ્યા છે. હવે તેને અડધા રસ્તે છોડીને કેવી રીતે જતો રહું? મારો પ્રેમ એટલો સ્વાર્થી, ડરપોક કે કાયર નથી. હું એને છોડીને ક્યાંય જવાનો નથી.'

'તારા ઘરમાં તારા માતા-પિતાને કે બીજા કોઈને તમારા પ્રેમ વિશેની જાણ છે?'

'ના, હજી સુધી અમે ઘરમાં કોઈને કહ્યું નથી. એકવાર સેટલ થઇ જઈએ પછી જ ઘરમાં કહેવું એવી પલકની જ ઇચ્છા હતી.'

'તો પછી બેટા, તારા માતા-પિતા શું આ વાત માનશે? એક પથારીવશ છોકરી સાથે લગ્ન કરવાની હા પાડશે? તેમના મનમાં પણ પોતાના દીકરા માટે કોઈ સુંદર સુશીલ વહુ લાવવાના કોડ હશે. આ વાતનો સ્વીકાર કરવો તેમના માટે પણ અઘરું હશે.'

'તમે ચિંતા ના કરો. હું હમણાં જ મારા ઘરે જઇને મારા માતા-પિતા સાથે વાત કરું છું.'

ભાવિન તરત જ એના ઘરે જવા રવાના થયો.

હોસ્પિટલથી ઘર સુધીનો રસ્તો કાપવો તેના માટે ખૂબ ભારે થઈ રહ્યો હતો. તે મનમાં વિચારતો હતો કે શું પોતાના માતા-પિતા આ વાત સ્વીકારશે? તેઓ પલકને અપનાવશે? જો કદાચ ના પાડે તો પોતે માતા-પિતાની વિરુધ્ધ જઈ શકશે? આવા કંઈક કેટલાયે સવાલો તેના મનમાં ઉઠતા હતા, જેના જવાબ તેની પાસે ન હતા. તેનું હૃદય જોર જોરથી ધડકી રહ્યું હતું. પોતાના ભવિષ્યનો ફેંસલો આજે થવાનો હતો.

તે ઘરે પહોંચ્યો. તેના ઘરમાં તેના માતા-પિતા તેમજ મોટાભાઈ - ભાભી રહેતા હતા. તે ઘેર પહોંચ્યો ત્યારે બધા જ ઘરમાં મોજૂદ હતા. તેણે કહ્યું, 'મારે તમારા બધાની સાથે એક અગત્યની વાત કરવાની છે. માટે બધા અહીં આવો. બધાને આશ્ચર્ય થયું કે એવી શું અગત્યની વાત હશે કે ભાવિન અમને બધાને એક સાથે બોલાવે છે?

ભાવિને બધાને પોતાની પાસે બેસાડીને સઘળી હકીકત જણાવી. આ સાંભળીને બધા સ્તબ્ધ થઈ ગયા. ભાવિન વારાફરતી બધાના મોઢા સામે જોતો હતો અને તેમના મોઢા પર આવતા ભાવને વાંચવાની કોશિશ કરી રહ્યો હતો. ભાવિનના માતા-પિતાએ એકબીજાની સાથે આંખોના ઈશારાથી જ વાત કરી લીધી અને પછી તેના પિતા બોલ્યા, **'ભાવિન, અમને નહીં લઈ જાય અમારી થવાવાળી વહુને મળવા?'** આટલી મોટી વાતનો નિર્ણય એમણે થોડીક ક્ષણોમાં જ લઈ લીધો હતો. ભાવિન આ સાંભળીને ઉછળીને ઊભો થઈ ગયો અને તેના પિતાને વળગી પડ્યો. પછી તરત જ બધા હોસ્પિટલ જવા રવાના થયા.

ભાવિનને તેના માતા-પિતાની સાથે આવતો જોઈને પલકની આંખમાં ચમક આવી ગઈ. ભાવિનની માતાએ પલકના માથા પર પ્રેમથી હાથ ફેરવતા કહ્યું, 'બેટા, તને કંઈ નહીં થાય. તું જલ્દી સારી થઈ જઈશ. અમે તને અમારા ઘરની વહુ બનાવીને અમારી સાથે લઈ જઈશું.'

ભાવિનની મમ્મીએ કહેલી આ વાત પલકના જીવનમાં જાણે કે જડીબુટ્ટી બનીને આવી. **ઘણી વખત કોઈકે કહેલું કે લખેલું એક નાનકડું વાક્ય પણ જિંદગીમાં મોટો બદલાવ લાવવા માટે પૂરતો હોય છે.**

પલકના મનમાં હવે જીવન માટે એક લગાવ પેદા થયો હતો. એની હવે મોત સામે લડવાની અને જંગ જીતવાની ઈચ્છા પ્રબળ બની ગઈ હતી. અને એમાં ભાવિને પૂરેપૂરો સાથ આપ્યો. ભાવિન અને તેના ઘરના સર્વે સવાર-સાંજ પલકને મળવા તેની પાસે આવતા.

પલકના મમ્મી-પપ્પા પણ શહેરના બધા જ સારા ડૉક્ટર્સને રિપોર્ટ બતાવી આવ્યા હતા અને તેમની સલાહ લેતા. અને એ પ્રમાણે સારવાર કરાવતા. આ સારવાર પારાવાર પીડાદાયક હતી. ધીમે ધીમે પલકના માથાના વાળ ખરવા લાગ્યા. તેના વાળ ભલે ઓછા થઈ ગયા પરંતુ ભાવિનનો પ્રેમ જરા પણ ઓછો થયો ન હતો. અને એ પ્રેમ જ એની શક્તિ હતી, એની તાકાત હતી.

આ બાજુ તેની મમ્મીએ બધા દેશી ઉપચાર પણ સાથે સાથે શરૂ કરી દીધા હતા. આ બધું કરવા માટે તેની મમ્મીની દિવસની ભૂખ અને રાતોની નિંદર હરામ થઈ ગઈ હતી. **પરંતુ મા કોને કહી છે? કહે છે ને કે ભગવાન બધી જગ્યાએ પહોંચી ના શકે માટે તેમણે મા નું સર્જન કર્યું છે.** મા, એ ભગવાનનું બીજું રૂપ છે. પલકની માતાને પોતાની કોઇ પરવા ન હતી. એને ચિંતા હતી તો ફક્ત પલકની... એનું એક જ લક્ષ્ય હતું, એક જ ધ્યેય હતો

પલકને સાજી કરવાનો... તેના પિતાનો પણ એમાં પૂરેપૂરો સહયોગ હતો.

ધીમે ધીમે પલકની તબિયતમાં સુધારો આવી રહ્યો હતો. દવા, દુઆ અને દરકાર બધું એક સાથે કામ કરી રહ્યું હતું. ડૉક્ટરે હવે તેને ઘેર જવાની રજા આપી દીધી હતી. પરંતુ ઘરે ગયા પછી પણ બધી જરૂર મુજબની સારવાર ચાલુ જ રાખવાની સલાહ પણ આપી હતી. પલકના ઘરના બધા, એ સૂચનોનું પાલન કરતા હતા. ધીમે ધીમે પલકની તબિયત સુધારા પર આવી ગઈ હતી. ભાવિનનો પ્રેમ અને માતાની કાળજીએ તેના જીવનમાં નવો પ્રાણ ફૂંક્યો હતો. જેવી રીતે સાવિત્રી સત્યવાનને મોતના મુખમાંથી પાછો લઈ આવી હતી, તેવી જ રીતે આજના આ યુગમાં ભાવિન સાવિત્રી બનીને સત્યવાન રૂપી પલકને પાછી લઈ આવ્યો હતો.

હવે પલક સંપૂર્ણ સાજી થઈ ગઈ હતી અને ભાવિનની તપસ્યાનો અંત આવ્યો હતો. ખૂબ જ ધામધૂમથી તેમના લગ્ન લેવાયા હતા. સમગ્ર પરિવાર ખૂબ ખુશ હતો. વરસના અંતે તો તેઓ એક સુંદર પરી જેવી દીકરીના માતા-પિતા બની ગયા હતા. કહેવાય છે કે **પ્રેમમાં એવી તાકાત હોય છે કે તે અશક્યને પણ શક્ય બનાવી નાખે છે.**

*'જ્યારે પવિત્ર માણસ પ્રેમ કરે ને સાહેબ, તો પરમાત્મા ખુદ તેની પ્રેમિકા બનવા તૈયાર થઈ જાય છે.'*

*પ્રેમનો જ તો આ રિવાજ હોય છે સાહેબ,*
*એક બીમાર તો બીજો એનો ઈલાજ હોય છે.'*

★

પલક તેના વિચારોના વમળમાંથી બહાર આવી અને જોયું તો સાંજ ઢળી ચૂકી હતી અને અંધકારના ઓળા પૃથ્વી પર ઉતરી આવ્યા હતા. પલકે ઉભા થઈને લાઈટ ચાલુ કરી અને અંધકારને ચીરીને પ્રકાશના કિરણોએ તેના ઘરને ઝળહળતો કરી દીધો હતો. તેના જીવનની જેમ જ...

*(અત્યારે પલક અને ભાવિન એક ખૂબ જ સુખી જીવન વ્યતીત કરી રહ્યા છે.)*

*(સત્ય ઘટના પર આધારિત. અંશતઃ ફેરફાર સાથે.)*

*૭, દર્શન એપાર્ટમેન્ટ, કૈલાસ સોસાયટી,*
*મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી, અમદાવાદ-૭. મો. ૯૮૨૫૧ ૫૫૫૧૩*

*કોઈએ પૂછ્યું કે આ દુનિયામાં તમારું પોતાનું કોણ છે?*
*વિદ્વાન વ્યક્તિએ હસીને કહ્યું 'સમય.'*
*અગર તે સાચો હશે તો બધા પોતાના છે નહિંતર કોઈ પણ નથી.*

## નેક કામનું ફળ

**(અનુ. : પાના નં.-૧૯ ઉપરથી ચાલુ)**

અમેરિકન ફૂડ એન્ડ રિલીફ ઑર્ગેનાઇઝેશન પાસે પોતાની વાત રજૂ કરવાનું એમણે નક્કી કર્યું. એ પહેલા એમણે એમને ફોન કર્યો.

એ સમયે અમેરિકન ફૂડ એન્ડ રિલીફ ઑર્ગેનાઇઝેશનના વડા હતા હર્બર્ટ હુવર (જે પછીથી અમેરિકાના પ્રેસિડન્ટ બન્યા હતા). એમણે સત્વરે મદદ કરવાનું વચન આપ્યું અને ટનબંધ અનાજ વિમાનો મારફત પોલૅન્ડ પહોંચતું કર્યું. એ કારણે પોલૅન્ડના ભયંકર ભૂખમરાને નિવારી શકાયો.

પેડ્રેવસ્કીને ખૂબ જ રાહત મળી. એમણે જાતે અમેરિકા જઈને હર્બર્ટ હુવરનો આભાર માનવાનું નક્કી કર્યું. બંને જ્યારે મળ્યા ત્યારે પેડ્રેવસ્કીએ હુવરનો આભાર માનવાના શબ્દો કહેવાનું હજુ તો શરૂ જ કર્યું હતું ત્યાં જ હુવરે એમના હાથ પકડી લીધા. એમને બોલતા અટકાવીને કહ્યું, 'મિસ્ટર પ્રાઇમ મિનિસ્ટર! તમારે મારો આભાર માનવાનો જ ન હોય. કદાચ આજે તમને યાદ નહીં હોય પરંતુ **વરસો પહેલાં સ્ટાનફોર્ડ યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓ કોલેજની ફી ભરી શકે એ માટે તમે મદદ કરી હતી. યાદ આવ્યું? એમાંનો એક વિદ્યાર્થી હું છું!'**

પેડ્રેવસ્કી સજળ નયને સાંભળી રહ્યા.

★

આ દુનિયા એક એવી જગ્યા છે, જ્યાં તમે જે આપો છો એ જ તમને પાછું મળે છે!

*કિલ્લોલ હોસ્પિટલ, ડૉક્ટર હાઉસ,*
*કાળા નાળા, ભાવનગર-૩૯૪ ૦૦૧.*


## દુનિયામાં કઈ ભાષા સૌથી વધારે બોલાય છે?

- ★ ચીની (ચાઇનિસ) – ૧.૨૦ અબજ
- ★ સ્પેનિસ – ૦.૪૦ કરોડ
- ★ અંગ્રેજી – ૦.૩૬ કરોડ
- ★ હિંદી – ૦.૨૬ કરોડ
- ★ અરબી – ૦.૨૪ કરોડ
- ★ પોર્ટુગીસ – ૦.૨૦ કરોડ
- ★ બંગાલી – ૦.૧૯ કરોડ
- ★ રૂસી – ૦.૧૭ કરોડ
- ★ જાપાની – ૦.૧૩ કરોડ

એક માહિતી મુજબ દુનિયામાં ૭૧૦૦ ભાષા બોલાય છે. તેમાંથી ૩૦૦ ભાષા જ ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે.

કચ્છ

# કચ્છના કર્મઠ કેળવણીકાર : કુંજભાઈ મહેતા



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*જન્મ : તા. ૧૫મી ઑક્ટોબર, ૧૯૧૯*
*નિધન : તા. ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૮*

ચાલુ વર્ષ ૨૦૧૯માં વિવિધ ક્ષેત્રની સાત જેટલી કચ્છી પ્રતિભાઓની જન્મ શતાબ્દી મનાવાઈ રહી છે. તેમાં ક્રમશઃ કવીઓ જૈન સમાજના પ્રથમ ચક્ષુ નિષ્ણાત મૂળ ભોજાય (તા. માંડવી)ના ડૉ. ભાણજી ઉમરશી ગડા (૧૯૧૯ – ૧૯૭૧), કચ્છના જાણીતા તસવીરકાર લાલજી માધવજી – એલ. એમ. પોમલ (૧૯૧૯ – ૨૦૦૦), કચ્છના જૂની પેઢીના કેળવણીકાર - લેખક પ્રો. કુંજભાઈ અમૃતલાલ મહેતા (૧૯૧૯ – ૨૦૦૮), પાર્શ્વવલ્લભ ઈન્દ્રધામ (મોટા યક્ષ, તા. નખત્રાણા)ના પ્રેરક મૂળ ડગાળા (તા. ભુજ)ના સાધ્વી જગતશ્રીજી મ.સા. (૧૯૧૯ – ૨૦૧૨), ભુજ સુધરાઈના પૂર્વ પ્રમુખ - વેપારી આગેવાન ઠક્કર હીરજીભાઈ મમુભાઈ ચોથાણી (૧૯૧૯ – ૨૦૧૩), કલકત્તા વેપારી સમાજના સ્થાપક મૂળ બીદડા (તા. માંડવી)ના કુંવરજી નાથાભાઈ દેઢિયા (૧૯૧૯ –) અને મુંબઈના કરવેરા સલાહકાર મૂળ તલવાણા (તા. માંડવી)ના જાદવજી મૂલજી – જે. એમ. શાહ (૧૯૧૯ –)નો સમાવેશ થાય છે.

● **કચ્છમાં માંડવીથી કાર્યારંભ :**

કચ્છમાં શિક્ષણ, લેખન અને રાષ્ટ્રભાષા પ્રસાર એમ એકસરખા ત્રણ ક્ષેત્રો સાથે બે જાણીતા કાયસ્થ વ્યક્તિ વિશેષો **માર્કંડરાય મુરારજી મહેતા** (૧૯૧૩ – ૧૯૯૮) અને **પ્રો. કુંજભાઈ અમૃતલાલ મહેતા** (૧૯૧૯ – ૨૦૦૮) સંકળાયેલા રહ્યા હતા. આ વર્ષે એમની જન્મ શતાબ્દી ઉજવાઈ રહી છે એવા કુંજવિહારી મહેતાનો જન્મ આજથી બરાબર એક સૈકા પહેલા ૧૫મી ઑક્ટોબર, ૧૯૧૯ (બુધવાર)ના રોજ ભુજ ખાતે થયો હતો.

એમના વકીલ પિતા અમૃતલાલ (ઉર્ફે લાલભાઈ) ગંગારામ મહેતા (૧૮૮૫ – ૧૯૨૫) મુંબઈની જાણીતી કાંગા એન્ડ મુલાલા સોલિસિટર કંપનીમાં સેવા આપ્યા બાદ કચ્છની જાડેજા કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને છેલ્લે કચ્છરાજના નાયબ દીવાન પદે પણ રહ્યા હતા. જ્યારે માતા જયાબહેન કચ્છના નાયબ કેળવણી નિરીક્ષણ (Dy. E.I.)ના પુત્રી હતા. કીર્તિભાઈ, મધુબહેન, જ્યોતિબહેન એમ ચાર ભાંડુઓમાં ત્રીજા ક્રમના સંતાન હતા.

કુંજભાઈએ પોતાની કારકિર્દી (સંભવતઃ ૧૯૪૫માં) મુંબઈ નગર પાલિકામાં ખાદ્ય નિરીક્ષક (ફુડ ઈન્સ્પેક્ટર) તરીકે આરંભી હતી. પણ શિક્ષણને વરેલા જીવ હોવાથી થોડા સમય પછી મુંબઈની કોઈ હાઈસ્કૂલ (અંદાજે ૧૯૪૬-૪૮)માં શિક્ષક તરીકે જોડાતાં એમની પ્રલંબ શૈક્ષણિક કારકિર્દીની શરૂઆત થઈ. તે પછી તેઓ વતન કચ્છમાં સ્થાયી થયા અને પ્રથમ માંડવીની ગોકુળદાસ તેજપાલ (જી.ટી.) હાઈસ્કૂલમાં કેટલાક વર્ષ (લગભગ ૧૯૪૮-૫૧) કામ કર્યું.

● **એસ.ટી. સામે ભાડા - લડત :**

તે પછી મુંદ્રાની રણછોડ દેવરાજ (આર.ડી.) હાઈસ્કૂલમાં પંદર વર્ષ (મોટે ભાગે ૧૯૫૧-૬૬) સેવા આપી. પોતાની સમગ્ર શૈક્ષણિક કારકિર્દીમાં સૌથી લાંબો સમય તેઓ મુંદ્રામાં રહ્યા છે. આ લખનાર ૧૯૬૬માં મુંદ્રા હાઈસ્કૂલમાં આઠમા ધોરણમાં દાખલ થયા ત્યારનો એક પ્રસંગ હજુ સ્મરણમાં છે. કુંજભાઈને ભુજ અવારનવાર જવાનું થતું. ત્યારે એમના ધ્યાનમાં આવેલું કે ભુજ - મુંદ્રા વચ્ચેના વાસ્તવિક અંતર કરતાં એસ.ટી. બસમાં વધુ કિ.મી. મુજબ ભાડું લેવાતું હતું. તેની સામે કુંજભાઈએ કાયદાકીય લડત ચલાવી, આ બે શહેરો વચ્ચેનું સાચું અંતર ઠરાવડાવી એસ.ટી.ને ભાડું ઘટાડવાની ફરજ પાડી હતી.

મુંદ્રામાંથી આચાર્યપદેથી છૂટા થઈ તેઓ ફરી માંડવી આવ્યા અને શૂરજી વલ્લભદાસ (એસ.વી.) આર્ટસ કૉલેજમાં પાંચ વર્ષ (આશરે ૧૯૬૬-૭૧) પ્રાધ્યાપક તરીકે સેવા આપી. ત્યાંથી પુનઃ મુંદ્રા આવી પી.ટી.સી. અને બી.એડ. કૉલેજ (બહુધા ૧૯૭૧-૭૩)માં વ્યાખ્યાતા તરીકે કામ કર્યું. છેલ્લે કેરા (તા. ભુજ)ની શેઠ જે.પી. એન્ડ એલ.એસ. હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે (શક્યતઃ ૧૯૭૩-૭૭) જોડાયા અને ત્યાંથી વયનિવૃત્ત થયા.

તે પછી પણ તેઓ લાંબા સમય પ્રવૃત્ત રહ્યા. પત્રી (તા. મુંદ્રા)ના નરશી મુરજી વિદ્યાર્થીગૃહમાં સેવા આપેલી. સાથે

રાષ્ટ્રભાષા પ્રસાર પ્રવૃત્તિમાં પણ સક્રિય રહ્યા. તેઓ ગાયત્રીના ઉપાસક અને સ્વામી શિવાનંદ સરસ્વતી (૧૮૮૭-૧૯૬૩)ના અનુયાયી હતા. તે રીતે તેના સંગઠનો ગાયત્રી પરિવાર અને દિવ્ય જીવન સંઘની સ્થાનિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા હતા.

● **લેખો - ચર્ચાપત્રો - અનુવાદ :**

કુંજભાઈના લગ્ન ભુજના ચંદુલાલ દલપતરામ મહેતા (મેડિકલ સ્ટોરવાળા)ના પુત્રી જનકબહેન સાથે થયેલાં. સંતાનોમાં ત્રણ પુત્રીઓ હેમાબહેન પૂનમભાઈ શાહ, પારુબહેન વિમલભાઈ મહેતા (બંને ભુજ) અને પંકજબહેન રશ્મિકાંત મહેતા (માંડવી) છે. એમના જયેષ્ઠબંધુ કીર્તિભાઈ પણ પિતાને પગલે ન્યાયાધીશ પદે રહ્યા હતા.

એમણે **'જગતના ધર્મો'** નામે પુસ્તિકા પણ લખી હતી. મૂળે સ્વામી શિવાનંદ સરસ્વતી લિખિત અંગ્રેજી ગ્રંથ **'સેઇન્ટ્સ એન્ડ સેઇજીસ'**નો ડૉ. લવકુમાર મહેન્દ્રકુમાર દેસાઇ (વડોદરા) સાથે **'સાધુ-સંતો'** શિર્ષકે ગુજરાતી સહઅનુવાદ (૧૯૭૧) કર્યો હતો, જે દિવ્યજીવન ગ્રંથમાળા (વર્ષ ૧૯૭૦)ના ૩૪ા અને શિવાનંદ સાહિત્ય પ્રચાર સમિતિ, ગુજરાત વિભાગ (અમદાવાદ)ના સળંગ બાવનમા પુસ્તક તરીકે પ્રગટ થયું હતું.

શૈક્ષણિક, આધ્યાત્મિક - ધાર્મિક અને સામાજિક નિસબત પરનાં લેખો - ચર્ચાપત્રો 'કચ્છમિત્ર'માં પ્રગટ થતા. **સ્વામિનારાયણ સંપ્રદાયના અંગ્રેજી સાહિત્યના અનુવાદ કાર્યમાં પણ સહયોગી રહ્યા હતા.** શિક્ષણ ઉપરાંત તેઓ કાયદાના જ્ઞાતા અને જ્યોતિષના અચ્છા જાણકાર હતા. છેલ્લે ભુજ (કલ્યાણેશ્વરવાડી) ખાતે શેષ જીવન પસાર કર્યું.

ગાંધીવાદી વિચારધારાને વરેલા કચ્છના આ આજીવન કર્મઠ કેળવણીકાર કુંજભાઈ મહેતાનું ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૮ (સોમવાર)ના માંડવી ખાતે અવસાન થયું. મુંદ્રા, માંડવી, કેરા, પત્રીના એમના વિદ્યાર્થીઓ (અને હવે વરિષ્ઠ નાગરિકો) આજે પણ એમના વિદ્યા પ્રદાનને યાદ કરે છે. જન્મશતીએ હાર્દિક યાદાંજલિ....

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*


*લક્ષ્મીનો સ્વભાવ ઘણો ચંચળ છે પણ એથી વધુ ચંચળ તો કીર્તિ છે. કપૂરની જેમ ઊડી જતાં એને વાર નથી લાગતી. લક્ષ્મી તો ગયા પછી ભાગ્ય અને પુરુષાર્થના બળે ઘણી વાર પાછી આવે છે પણ આબરુ ગયા પછી પાછી ફરતી નથી.*

## તમારી ફરજ કદી ન ચૂકો

જવાબદારીઓથી દૂર ન ભાગો. ફરજ ન ટાળો. આ રીતે માનસિક શાંતિ નહીં મળે. આ રીતે તો તમારી માનસિક ચિંતાઓ વધશે. તમે તમારી ફરજો ટાળી રહ્યા છો એ વિચાર જ તમારા મનને સતત કોરી ખાશે અને તમારા મનમાં જે કાંઈ થોડી ઘણી શાંતિ હશે તે પણ ઝુંટવાઈ જશે. એના કરતાં તો તમારામાં રહેલી તમામ તાકાત વડે જવાબદારીઓનો સામનો કરો, પણ સાથે સાથે આ પણ ઘણું જ જરૂરી છે કે, તમારો અહં સંતોષવા તમારે રોજબરોજ નવી નવી જવાબદારીઓનો બોજો તમારા પર ઉછીનો લઇ લેવો જોઈએ નહીં. તળપદી ભાષામાં કહીએ તો આફત વહોરશો નહીં, દુઃખ ખરીદશો નહીં. એના કરતાં તો તમારી જવાબદારીઓ સાથે સુસંગત રહી તમારી બહારની પ્રવૃત્તિઓ જેટલી ઘટાડી શકાય તેટલી ઘટાડતા જાઓ. તમારો વધારે ને વધારે સમય પ્રાર્થના, આત્મ નિરીક્ષણ, ધ્યાન વગેરે આંતરિક જીવનની બાબતો પાછળ ગાળતા રહો. સંપૂર્ણ શાંતિ તો ત્યારે જ પ્રકટે છે કે જ્યારે મન જ મરી જાય છે. મન એટલે જ વિચારો. વિચારો એટલે જ અશાંતિ. પ્રવૃત્તિ ઓછી એટલે વિચારો પણ ઓછા. વિચારો ઓછા એટલે મનની શાંતિ પણ સવિશેષ. વિચાર શૂન્યતા એ મનની એવી સર્વોચ્ચ અવસ્થા છે કે જ્યાં સંપૂર્ણ શાંતિ રાજ કરે છે.

*સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

## "જ્ઞાન ગમ્મત"ના જવાબો



**(C)** (1) Fork, (2) Pusher, (3) Dog, (4) Vinegar, (5) Cheese, (6) Garden, (7) Cart, (8) Braces, (9) Bolt, (10) Shovel, (11) Polish, (12) Tidy, (13) Tucker, (14) Drum, (15) Queen, (16) Day, (17) Spice, (18) Sound, (19) White, (20) Low.

**(A) જમ્બલ વર્ડ્સ**

(1) ACCOMPANY (2) ADJECTIVE
(3) ADMIRABLE (4) ADMISSION
(5) ADVANTAGE (6) ADVENTURE
(7) ADVERTISE (8) AEROPLANE
(9) AFFECTION (10) AFFIDAVIT
(11) AFTERNOON (12) AGREEMENT
(13) ALLOTMENT

# કચ્છની હસ્તકળાનો પર્યાય

ખત્રી મુસ્લિમ સમાજની પરંપરાગત કળા ધરાવતી અજરખ પ્રિન્ટ બાંધણી બાદ કચ્છની સૌથી પ્રખ્યાત હસ્તકળા ગણી શકાય તેમ છે. બ્લોક દ્વારા થતી પ્રિન્ટ અજરખ પ્રિન્ટ ગણાય છે. હાલ કચ્છના અંદાજિત ૮૦૦થી વધુ કારીગરો આ હસ્તકળાના કામ સાથે સંકળાયેલા છે. કચ્છમાં ધમડકા અને ખાવડા વિસ્તારની વિશિષ્ટતા ગણાતી અજરખ પ્રિન્ટ બારમી સદીમાં મૂળ જેસલમેરમાંથી ઉત્પન્ન થઈ હોવાનું માનવામાં આવે છે.

આ છપાઈ કામમાં મુખ્યત્વે પરંપરાગત ભૌમિતિક ડિઝાઈન બ્લ્યુ, લાલ અને કાળા રંગોમાં કરવામાં આવે છે. ઘણાં વર્ષો સુધી અજરખ પ્રિન્ટ સ્થાનિક માંગની જ વસ્તુ રહી હતી પરંતુ હવે તેની માંગ વધતી જાય છે. અજરખ પ્રિન્ટ બનાવવાની પદ્ધતિ બહુ લાંબી ગણાય છે. સૌપ્રથમ કુદરતી રંગાટ પ્રક્રિયામાં સોડિયમ કાર્બોનેટ, દીવેલ તથા અન્ય પ્રવાહી મિશ્રણમાં બોળીને ડિસ્ટાર્ડ કરવામાં આવતું હોવાનું મિહિર વોરાએ જણાવ્યું હતું. ત્યારબાદ વહેતા પાણીમાં તેને પૂરી રીતે ધોઈને હરડેના મિશ્રણમાં બોળવામાં આવતું હોવાનું કહ્યું હતું.

આ પ્રક્રિયા બાદ કાપડમાં કાળાશ આવતા તે છાપકામ માટે તૈયાર ગણાય છે. બીજા તબક્કામાં તેના પર અગાઉ બનાવેલા લાકડાના બ્લોક વડે છાપકામાં કરવામાં આવે છે. સમગ્ર કાપડમાં તે જ બ્લોકથી છાપકામ થાય છે. બંને બાજુ ડિઝાઈન કરવી હોય તો બ્લોકનો બીજો સેટ વાપરવામાં આવે છે. બે દિવસ તડકામાં સૂકાવ્યા બાદ ત્રીજા તબક્કામાં છાપકામ થયેલા કાપડ પર રંગાટ કામ કરવામાં આવે છે. કાપડમાં પાકા રંગને મજબૂત કરવા તે ભીનું હોય છે ત્યારે વહેતા પાણીમાં ધોવામાં આવે છે. છાપકામ સમયે લાલ રંગની જરૂરી હોય ત્યાં ફટકડી છાંટવામાં આવી હોવાને કારણે લાલ રંગ વધુ ઘેરો બને છે. કચ્છની વર્ષો જૂની આવી અમૂલ્ય કારીગરીને સરકારે મદદ કરીને ટકાવવી જોઈએ. યોગ્ય વળતર અને રોજગાર કારીગરોને મળવો જરૂરી છે, તેવી પ્રજામાં માંગ ઉઠી છે.

*પ્રેરણા પાછળ પરસેવાનું પાણી ન વરસે, તો એ પ્રેરણા થોડા વખતમાં જ રણ જેવી બની જાય છે. જેને કંઈ કરી બતાવવું છે, પ્રકાશવું છે, ખીલી ઊઠવું છે અને આગળ વધવું છે એને કદી પણ પ્રતિકૂળ સંજોગોની શરમ લાગતી નથી. વિજય મળે કે પરાજ્ય એની પરવા કર્યા વિના એ પોતાની પ્રચંડ શક્તિ કામે લગાડી દે છે. ઈતિહાસને પાને નોંધાયેલા એવા કયા મહાપુરુષોના માર્ગ ઉપર ગુલાબના મુલાયમ બગીચાઓ બિછાવ્યા હતા એ કોઈ કહેશો? ભગવાન બુદ્ધ જ્યારે ગૃહત્યાગ કરીને મધરાતે નીકળી પડ્યા, ત્યારે તેમણે વિચાર પણ નહોતો કર્યો કે બહાર ચાંદનીનું અપૂર્વ તેજ પથરાયેલું હોય તો સારું. જિસસ ક્રાઈસ્ટ, મહમ્મદ પયગંબર કે મહાવીર પ્રભુ માટે, શરૂઆતમાં કોણ કહે છે કે અનુકૂળ સંજોગો હતા?*

## કચ્છમાં માંડવી તાલુકામાં ગોધરા ગામે આવેલું

# અંબેધામ

ગુજરાતમાં એવી કેટલીયે જગ્યાઓ છે જે ખરેખર જોવાલાયક હોવા છતાં, તે બહુ જાણીતી ના હોય એટલે ત્યાં પ્રવાસીઓ ઓછા આવતા હોય. આવી એક જગા છે કચ્છમાં આવેલું માંડવી અને તેની નજીક આવેલું અંબેધામ. આ સ્થળોએ ભવ્ય મંદિરો, રાજાનો મહેલ અને વિશાળ સમુદ્રતટ એક સાથે જોવાનો લહાવો મળે છે. અંબેધામ ગોધરા નામના ગામમાં આવેલું છે. (પંચમહાલ જિલ્લામાં આવેલું ગોધરા અને આ અંબેધામવાળું ગોધરા, બે અલગ છે.) અહીં આરસનું બનાવેલું અંબામાતાનું ભવ્ય મંદિર છે. મંદિરના ઓટલા પર વાઘની બે પિત્તળની મૂર્તિઓ ગોઠવેલી છે, તે તરત જ ધ્યાન ખેંચે છે. મંદિર બહુ જૂનું નથી એટલે જાણે હમણાં જ બન્યું હોય એટલું નવું લાગે છે. માતાજીનાં દર્શન કરી મન આનંદ પામે છે.

- **ભારતમાતાની ભવ્ય મૂર્તિ :**

આ મંદિરનું સંકુલ ઘણું વિશાળ છે. સંકુલમાં બીજા ઘણાં મંદિરો છે. મુખ્ય મંદિરની પાછળ ભારતમાતાની ભવ્ય મોટી મૂર્તિ છે. બાજુમાં જ એક પ્રદર્શન રૂમ છે. તે જોવા જેવું છે. બીજા એક નાના કુંડમાં પાણી ભરેલું છે અને તેમાં મૂકેલો પથ્થર પાણી પર તરે છે.

- **પ્રેરણાધામ :**

એની બાજુમાં પ્રેરણાધામ છે. અહીં મહાવીર સ્વામીની મૂર્તિ અને વિવિધ પ્રસંગોને અનુરૂપ જંગલ તથા પ્રાણીઓ વગેરેની પ્રતિકૃતિ અને મૂર્તિઓ છે. બે ઘડી ઉભા રહીને આ બધું જોવાનું ગમે એવું છે. તેની બાજુમાં એક વધુ પ્રદર્શન કક્ષ છે. અહીં આપણા ધાર્મિક ગ્રંથોમાં આવતા પ્રસંગોને પૂતળાં રૂપે રજૂ કર્યા છે. એ જોઈને આપણને કેટલાક પ્રસંગોની યાદ મનમાં તાજી થઇ જાય છે.

- **કૈલાસ પર્વત પર બિરાજતા શંકર ભગવાન :**

એની બાજુમાં પથ્થર અને માટીનો ઉપયોગ કરીને મોટો કૈલાસ પર્વત બનાવ્યો છે. એની ટોચ પર શંકર ભગવાન બિરાજે છે. પર્વત બહુ જ સરસ અને જોવા જેવો છે. આ સ્થળે ગુફાની રચના ખૂબ જ આકર્ષક અને અદ્‌ભુત છે.

- **અન્નક્ષેત્ર :**

આ બધા મંદિરો આગળ બગીચો અને રસ્તાઓ પણ છે. તેમાં થઈને અન્નક્ષેત્રમાં જવાય છે. અન્નક્ષેત્રમાં આવતા પ્રવાસીઓને માટે જમવાની ઉત્તમ વ્યવસ્થા છે.

આખું સ્થળ ખૂબ સરસ છે. આ સ્થળની મુલાકાતથી મન પ્રફુલ્લિત થઈ જાય છે.

આરોગ્ય

# "મારો સ્વજન થોડા સમયથી બહુ જ બોલે છે, ના પાડવા છતાં અટકતો જ નથી" – (૪) : સારવાર – ૨



ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)


પાછલા લેખમાં આપણે જાણ્યું કે જો કોઈ વ્યક્તિ પોતાના સ્વભાવ કે વ્યક્તિત્વ કરતાં (૧) વધારે બોલતી હોય, (૨) વધારે પડતો આત્મવિશ્વાસ હોય, (૩) ઊંઘ ઓછી થઈ હોય, (૪) સ્ફુર્તિ વધારે રહેતી હોય, (૫) બહાર ફરવાનું વધી ગયું હોય, (૬) પૈસા ખર્ચવાનું, ખરીદી કરવાનું વધી ગયું હોય તો ઉન્માદ - મેનિયાની બીમારી થઈ છે. મનોચિકિત્સકનો અભિપ્રાય લેવો અગત્યનું છે.

આપણે જાણ્યું કે નીચેની પધ્ધતિઓ દ્વારા ઉન્માદ મેનિયાની બીમારીની આધુનિક સારવાર કરવામાં આવે છે :

૧. મેનિક પ્રતિરોધક દવાઓ.

૨. મનોવિશ્લેષણ / કાઉન્સેલિંગ

૩. કુટુંબીજનો તથા સ્વજનોનો સમજણપૂર્વકનો સાથ સહકાર.

મેનિક પ્રતિરોધક દવાઓ વિશે ઉંડાણમાં પાછલા લેખમાં ચર્ચા કરેલ. આ લેખમાં મનોવિશ્લેષણ તથા કાઉન્સેલિંગ અને કુટુંબીજનોના સાથ-સહકાર વિશે મનોવૈજ્ઞાનિક જાણકારી મેળવીએ.

## ૨. મનોવિશ્લેષણ / કાઉન્સેલિંગ પધ્ધતિ દ્વારા સારવાર (Psychotherapy Counselling) :

પ્રથમ મેનિયાની બીમારીના દર્દીના મગજમાં થયેલા રાસાયણિક ફેરફારને ઔષધોપચાર દ્વારા નોર્મલ કરાય છે. આથી દર્દી નોર્મલ થાય છે. વિચારો, વાણી, વર્તણૂંક પણ નોર્મલ થાય છે. દર્દીની સમજણ શક્તિ જે બીમારીના સમયમાં નોર્મલ નથી હોતી, તે ઔષધોપચાર બાદ નોર્મલ થાય છે. આથી કાઉન્સેલિંગ બાબતે દર્દી સમજી શકે છે.

દર્દી નોર્મલ થયા બાદ કાઉન્સેલિંગની સારવાર શરૂ કરાય છે. કાઉન્સેલિંગ દ્વારા મેનિયા તરફ ધકેલનાર ખામીયુક્ત પરિબળોની દર્દી જોડે નિખાલસ ચર્ચા કરવામાં આવે છે. કાઉન્સેલિંગની વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા દર્દીને આ પરિબળો સમજાય છે. જેથી દર્દીના સ્વભાવ તથા દૃષ્ટિકોણમાં (attitude) જરૂરી પરિવર્તન આવે છે અને વર્તણૂંકમાં (behaviour) યોગ્ય ફેરફારો થાય છે. આથી દર્દી મેનિયાની બીમારી તરફ ધકેલનારા માનસિક અને સામાજિક પરિબળોનો યોગ્ય સામનો કરવા માટેનું મનોબળ કેળવે છે (Mental and emotional immunity).

કાઉન્સેલિંગ સારવારની વૈજ્ઞાનિક પધ્ધતિ છે જેમાં ડૉક્ટર - દર્દીનો સંબંધ મહત્ત્વનું પાસું છે (Doctor - Patient relationship). આ પધ્ધતિ ફક્ત વાતચીત કરવાની કે સલાહ આપવાની નથી. સાયકોથેરાપિસ્ટ (કાઉન્સેલિંગ કરનાર ડૉક્ટર / થેરાપિસ્ટ) અલગ અલગ પધ્ધતિઓ દ્વારા દર્દીને મન મોકળું કરવા પ્રેરે છે. મનમાં દબાવી રાખેલી નકારાત્મક લાગણીઓ તથા પ્રસંગોને વ્યક્ત કરવા માટેનું વાતાવરણ ઊભું કરે છે. સાઈકોથેરાપિસ્ટ દર્દીને સહભાવપૂર્વક (empathy not sympathy) સમજાવવાનો પ્રયત્ન કરે છે. સાથે સાથે દર્દીનો માનસિક ઉછેર, વ્યક્તિત્વ, ઘરનું વાતાવરણ, કુટુંબીજનોના પરસ્પરના સંબંધો તટસ્થપણે સમજવાની કોશિશ કરે છે.

કાઉન્સેલિંગના નિયમો છે. એની પણ મર્યાદાઓ છે. સાઈકોથેરાપિસ્ટને વ્યવસાયીક તાલીમ મળેલી હોય છે. એ પોતે તટસ્થ રહે છે. પોતાની લાગણીઓ, પોતાના અભિપ્રાયો, ગમો અણગમો, કાઉન્સેલિંગની પ્રક્રિયા પર વચ્ચે ન આવે એની તકેદારી રાખે છે.

સાઈકોથેરાપિસ્ટ દર્દી માટે થઇ નિર્ણયો કરતા નથી. દર્દી જાતે સમજીને નિર્ણયો કરતા હોય છે અને અમલમાં મૂકે છે. આ નિર્ણયો અમલમાં મૂક્યા બાદ જે પરિણામો આવે એના માટે દર્દી જ જવાબદાર હોય છે.

બનેલા પ્રસંગો તથા દર્દીની એ પ્રસંગો પ્રત્યેની પ્રતિક્રિયાનું સાઈકોથેરાપિસ્ટ પૃથ્થકરણ (analysis) કરે છે. નકારાત્મક લાગણી કે પ્રતિક્રિયા વગર હકીકતનો સ્વીકાર કરવો એ બાબતે ચર્ચા કરવામાં આવે છે. પરસ્પરના સંબંધો, અપેક્ષાઓ, લાગણીઓ વિશે તટસ્થપણે ચર્ચા કરાય છે. સમસ્યાનો હલ અલગ અલગ પધ્ધતિથી કેવી રીતે થઈ શકે અને તત્કાલીન સંજોગો તથા પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણયો લેવામાં (decision making) સાઈકોથેરાપિસ્ટ મદદ કરે છે. નિર્ણયો કર્યા બાદ એને અમલમાં (positive action) મૂકવા માટેની પધ્ધતિઓ

વિશે ચર્ચા કરવામાં આવે છે. ફક્ત વાતો નહીં પરંતુ યોગ્ય ફેરફાર લાવવા તથા એ પ્રમાણે લાગણીઓ (feelings), વલણ (attitude), વર્તન (behavious)માં ફેરફાર કરવો એ મહત્ત્વનું છે. જેના પર યોગ્ય મહત્ત્વ આપવામાં આવે છે. સાચા-ખોટાના તોલમાપ વગર વ્યવહારૂ અભિગમ (practical approach) અપનાવવો જરૂરી છે, એ બાબતને નિર્ણય લેવામાં મહત્ત્વ આપવામાં આવે છે.

નજીકના કુટુંબીજનો જોડે પણ ચર્ચા કરી હકીકતની જાણકારી મેળવાય છે. એમની લાગણી, વલણ તથા વર્તનની દર્દી પર થતી અસર વિશે એમની જોડે ચર્ચા કરાય છે અને જરૂરી ફેરફાર કરવાના મહત્ત્વ વિશે સમજાવવાનો પ્રયત્ન કરાય છે. **એમનો સમજણપૂર્વકનો સાથ તથા સહકાર મેળવવાનો પ્રયત્ન કરાય છે.**

અલગ અલગ પ્રકારની કાઉન્સેલિંગ તથા મનોવિશ્લેષણની પધ્ધતિઓ ઉપલબ્ધ છે. દર્દીની સમસ્યા અને જરૂરત પ્રમાણે પધ્ધતિઓનો ઉપયોગ લેવાય છે. નીચેની પધ્ધતિઓ મેનિયાની સારવારમાં ઉપયોગી છે.

૧. બિહેવિયર થેરાપી (behaviour therpay) જે વર્તણૂંક અને કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
૨. કોગ્નિટિવ થેરાપી (cognitive therapy) જે લાગણી, વિચાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
૩. ઈન્ટરપર્સનલ થેરાપી (interpersonal therapy) જે પરસ્પરના સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

એક સાથે વધારે પધ્ધતિઓનો ઉપયોગ જરૂરત પ્રમાણે કરાય છે.

### ૨-એ : માનસિક શિથિલતા (Mental relaxation)

**માનસિક શિથિલતા - મેન્ટલ રીલેક્સેશન અને માનસિક આરામ મેળવવા સક્રિય પ્રયાસ કરવો અને શીખવું એ ઉન્માદ મેનિયાની બીમારીના ઉપચારનું અગત્યનું પાસું છે.** સારી રીતભાત અને વર્તણૂંક જેમ શીખી શકાય છે એમ માનસિક શિથિલતા મેળવવાનું શીખી શકાય છે. દરરોજ નિયમિત એની પ્રેક્ટિસ કરવી જરૂરી છે. ઊંઘવું, કાંઈ જ કર્યા વગર બેસી રહેવું કે પડ્યા રહેવાથી માનસિક શિથિલતા મળતી નથી.

સંશોધન દ્વારા પુરવાર થયું છે કે માનસિક શિથિલતાથી મગજના જ્ઞાનતંતુઓમાં હકારાત્મક રાસાયણિક ફેરફારો થાય છે તથા જ્ઞાનતંતુઓ પર હકારાત્મક અસર થાય છે. નિયમિત માનસિક શિથિલતા મેળવવાથી જ્ઞાનતંતુના કદ, રચના અને કાર્યપધ્ધતિમાં હકારાત્મક ફેરફારો થાય છે. મેનિયાની બીમારીથી ઉદ્ભવેલા ફેરફારોને માનસિક શિથિલતા નોર્મલ કરે છે અને બીમારીના લક્ષણોમાં રાહત મળે છે.

યોગ, વિપશ્યના, શવાસન, ધ્યાન, ચિંતન વગેરે માનસિક શિથિલતા મેળવવાની અલગ અલગ પધ્ધતિઓ છે જેમાંથી કોઈપણ એક અથવા વધારે પધ્ધતિઓ દર્દી અપનાવી શકે. આ પધ્ધતિઓ નિયમિત રીતે, દરરોજ અને એકચિત્તે થવી જોઈએ. નિયમિત સવારના ચાલવાનું (morning walk), નિયમિત કસરત કરવાની (exercise), નિયમિત રમવાનું (ટેબલ ટેનિસ, બેડમિન્ટન વગેરે — સ્પર્ધા નહીં), નિયમિત તરવાનું (swimming) વગેરેની પણ મન પર હકારાત્મક અસર થાય છે, જે મેનિયા પ્રતિરોધક છે.

માનસિક શિથિલતા મેળવવાનો એક અન્ય માર્ગ છે માનસિક રીતે રોજિંદી ઘટમાળથી દૂર થઈ વેકેશન માણવું. અનુકૂળતા પ્રમાણે દર વર્ષે વેકેશન માણી શકાય. માદરે વતન કે કુદરતના ખોળામાં કુદરતી સૌંદર્ય માણી શકાય. આથી મન પ્રફુલ્લિત થાય છે અને માનસિક પ્રતિકાર શક્તિ વધે છે તથા સ્ટ્રેસ પ્રતિકારક શક્તિનો વધારો થાય છે (stress management).

*(ક્રમશઃ)*

*E-mail : drmanilalgada@yahoo.com,*
*E-mail : diptishah999@yahoo.co.in*

## ઇતિહાસ બોધ

(અનુ. : પાના નં.-૩૨ ઉપરથી ચાલુ)

નિયાલ્તગીનને પરાજિત કર્યા હતા. ઈતિહાસકાર (આર. એસ. શર્મા)ના કહેવા પ્રમાણે મહમુદના પુત્રો અને પૌત્રોએ પંજાબમાં પોતાની સત્તા સ્થાપી તેમાં તિલકનું યોગદાન મોટું રહ્યું હતું.

ગુજરાતના ઈતિહાસ લેખનમાં શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીનું ઘણું ઊંચું સ્થાન છે. પરદેશી આક્રમણ અને રાજકીય પરાધીનતા પ્રજાની સર્વ અવનતિનું એકમાત્ર કારણ જાતિપ્રથા હોવાનું કહેવામાં આવે છે. પણ એ નિદાન આપણા ઈતિહાસના કેટલાક યુગોને લાગુ જ નથી પડતું અને બીજા યુગોમાં અપૂર્ણ રીતે સ્પર્શે છે. વળી રાજકીય પરાધીનતા અનેક કારણોમાં કુસંસ્કારનું પણ સ્થાન છે એ ઐતિહાસિક હકીકત અહીં સ્મરણીય છે.

**મહમુદે સોમનાથ મંદિર લૂંટવા અને તોડવાનું દુષ્કૃત્ય મિશ્રિત હેતુથી થયું હતું.** હિંદુઓ આ દુષ્કૃત્યને ભૂલી શક્યા નહીં. પરંતુ ત્યાર પછી મંદિર નિર્માણની પ્રવૃત્તિઓમાં ફરીથી તલ્લીન થઈ ગયા. **મહમુદે ભારત પર સત્તર આક્રમણો કરીને હિંદુ શાસકો અને લોકોની નિષ્ફળતાનો જે પર્દાફાશ કર્યો, તેને લીધે તુર્ક જાતિના સરદારોને ભારતમાં શાસન અને સત્તાનો માર્ગ સરળ થયો હતો.** ભારતમાં તુર્ક સત્તાનું પ્રવેશદ્વાર મહેમુદે ખોલી નાખ્યું. સાતસો વરસો સુધી હિંદુઓ સત્તા માટે સંતાપ કરતા રહ્યા. આ સંતાપનો લાભ અંગ્રેજોએ લઈ લીધો. તેમાંથી દેશની એકતા અને દેશની પ્રજામાં બંધુત્વ ભાવનાનો ઉત્સાહ જાગે એવો ઈતિહાસ બોધ આવશ્યક છે.

બંધુત્વસે પ્રેમ

# "ઇતિહાસ બોધ"

દામજી માણેક ગડા

સન ૨૦૧૨ના ડિસેમ્બર મહિનામાં સોમનાથ મંદિરના દર્શન માટે કેનેડાના મિત્ર પ્રાણજોશી સાથે જવાનું થયું હતું. આ અગાઉ ક.મા. મુનશીની પુસ્તક પાટણની પ્રભુતા વાંચેલ હતી. સરદાર પટેલની ઇચ્છા હતી કે સોમનાથના મંદિરને ભૂતકાળનું ગૌરવ પાછું આપવું. આજે પ્રભાસ પાટણના દરિયા કિનારે સોમનાથનું મંદિર ભવ્ય સ્મારક તરીકે જોવા મળે છે. સોમનાથના મંદિરના દર્શન કર્યા પછી મારા મનમાં ઘણાં પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. **ભારતમાં મંદિરોનાં નિર્માણ પ્રવૃત્તિઓમાં વધારો કેમ થયો?** મંદિરોમાં સંગ્રહિત સંપત્તિ કેવી રીતે જમા થતી હતી? આ સંપત્તિ કોના માટે સંગ્રહિત થતી હતી? મહમદ ગઝનવીને મંદિરો લૂંટવામાં સફળતા કેમ મળી? મહમદ ગઝનવી સામે હિંદુઓનો પરાજ્ય શા કારણે થયો? આ બધા જ મુદ્દાઓ ઇતિહાસમાં સંવાદ માટે મહત્ત્વના છે.

સોમનાથ મંદિર પર મહમદ ગઝનવીના આક્રમણ અંગેના જે તથ્યો અને મુદ્દાઓ છે તે ભારતીય સમાજની જાતિ વ્યવસ્થામાં માનનારાઓએ અચૂક વાંચવા જેવા છે. ગુપ્તકાળના ઉત્તરાર્ધ પછી મંદિર નિર્માણની પ્રવૃત્તિઓમાં ખૂબ જ વધારો થયો હતો. ભક્તિ સંપ્રદાયના સંતોની પ્રવૃત્તિઓ અને શક્તિશાળી રાજાઓની સહાયથી અનેક મંદિરોનું નિર્માણ થયું હતું. આ મંદિરોના નિર્માણ અને જાળવણીનું કાર્ય રાજાઓ, સામંતો અને ધનવાન લોકો કરતા હતા. ભારતમાં મંદિરો પ્રેરિત એક પ્રભાવશાળી અને ધનવાન વર્ગ ઉદ્ભવ્યો હતો. આ વર્ગ શાસકોને પ્રજા પર શાસન સ્થાપવામાં સહાયક થતો હતો. જે રીતે પ્રાચીન શાસ્ત્રોએ રાજાઓના શાસનનું સમર્થન કર્યું હતું એમ મંદિરો પણ રાજાઓના શાસનના માધ્યમરૂપ હતા.

તે સમયે ગુજરાત, મુલતાન, મથુરા વગેરે સ્થળોએ વિશાળ મંદિરો નિર્માણ થયા હતા. આ મંદિરો વ્યાપારના સ્થળો અને રાજધાનીના સ્થળોએ બંધાયા હતા. જેમ કે સોમનાથ મંદિરનું નિર્માણ બંદરીય નગર પ્રભાસમાં થયું હતું. આ મંદિરોને ખૂબ દાન પ્રાપ્ત થતું હતું. ભૂમિ, સોનું, કિંમતી રત્નો અને ધન મળતા હતા. મંદિરોમાં પેઢી દર પેઢીએ સંપત્તિ એકઠી થતી રહેતી હતી. ધનસંપત્તિનો અઢળક સંગ્રહ અને ધાર્મિક ભાવનાઓના પ્રચારને લીધે મંદિરોનું મહાન ઐશ્વર્ય હતું. મંદિરોની ભવ્યતા અને સમૃધ્ધિનું વર્ણન શિલાલેખોમાં છે. **મંદિરોને જમીન દાનમાં મળતી. તેના પાકની આવક મંદિરોમાં જમા થતી. ગામ દાનમાં મળતા.** યાત્રાવેરો મળતો. વ્યાપાર આવકમાંથી કર. મંદિરોને લોકો પાસેથી દંડ વસુલનો અધિકાર હતો. સોમનાથ મંદિર પાસે ૧૦,૦૦૦ ગામ હતા.

મુલતાનના સૂર્યમંદિર પાસે મોટો વિસ્તાર હતો. મંદિરો પાસે મકાનોની સંપત્તિ હતી. આ મકાનોનું ભાડું મંદિરોને મળતું હતું. ગામમાં કર ન ભરતાં ખેડૂતોની જમીન ગ્રામસભા મંદિરોને અપાતી હતી. મંદિરની સ્થાયી સંપત્તિ જુદી જુદી શ્રેણીઓને સોંપવામાં આવતી હતી. આ શ્રેણીઓ મંદિરોને વ્યાજરૂપે વસ્તુઓ આપતી હતી. વ્યાજની આવકના કારણે મંદિરોની સંપત્તિ વધતી જતી હતી. મંદિરોમાં જે મૂડી સંગ્રહિત રહેતી તે ઘણી સુરક્ષિત ગણાતી. આથી ઘણા રાજાઓએ પોતાનો ખજાનો મંદિરોમાં સોંપ્યો હતો. આ મંદિરોને રાજસત્તા અર્થ રાજ્યની અર્થવ્યવસ્થા સાથે ઘનિષ્ઠ સંબંધ રહેતો હતો. મંદિરોના અધિકારો વધુ શક્તિ પ્રાપ્ત કરતા. મંદિરો રાજનૈતિક શક્તિના મહત્ત્વના કેન્દ્રો હતા. દેશમાં સામંતી વ્યવસ્થાના ઉદ્ભવમાં મંદિરો પણ એક પ્રેરકબળ હતા.

અગિયારમી સદીમાં સોમનાથ મંદિરની કીર્તિ સમગ્ર દેશમાં ટોચ પર હતી. દેશના રાજાઓ અને મહારાજા સોમનાથને નમન કરી અમૂલ્ય ભેટો આપતા. કન્યાકુમારી, કાશ્મીર, આસામ અને પશ્ચિમ ભારતમાંથી યાત્રાળુઓ દર્શનાર્થે આવતા. અરબસ્તાન, ચીનમાંથી માલ ભરીને વહાણો આવતા. સૌથી મૂલ્યવાન વસ્તુઓ મંદિરને ભેટમાં મળતી. મંદિરોના શિખરો સોનાથી સુશોભિત હતા. **ધનલાલસુ અને મહત્ત્વાકાંક્ષી શાસકને મંદિરની સંપત્તિનું આકર્ષણ થાય એવી ભવ્યતા મંદિરની હતી.** અપાર ધન સંપત્તિ હોવા છતાં મંદિરના રક્ષણ કે સલામતીની યોજનાનો અભાવ હતો. આ પરિસ્થિતિનો લાભ મહમદ ગઝનવીએ લીધો હતો.

મહમદ અફઘાનિસ્તાનમાં ગઝની પ્રદેશના તુર્ક જાતિનો સરદાર હતો. તે જે પ્રદેશનો સુલતાન થયો એ પ્રદેશ નિર્ધન

હતો. મહમદ સામ્રાજ્ય વિસ્તાર અને ધનસંપત્તિનો લાલચુ હતો. સોમનાથની અમાપ સંપત્તિ અને સમૃધ્ધિએ તેને પોતાનો ખજાનો ભરવા આકર્ષિત કર્યો હતો. મહમદ મધ્ય એશિયાના બીજા તુર્ક સરદારોથી પોતાના પદને વધું પ્રતિષ્ઠાભર્યું બનાવવા ઇચ્છતો હતો. તે પોતાનું સામ્રાજ્ય ખલીફાના વિસ્તારથી વધુ વધારવા માંગતો હતો. સામ્રાજ્ય શ્રેષ્ઠ સુલતાનનું પદ મેળવવા માંગતો હતો. ખલીફાઓ મૂર્તિ તોડનાર સરદારોનું સન્માન કરતા અને પ્રતિષ્ઠા સંપન્ન સુલતાનનું પદ આપતા હતા. ખલીફા પાસેથી 'બુત શિકન'નું બહુમાન પ્રાપ્ત કરવા **મહમુદે હિંદુઓના પવિત્ર અને સોમનાથના મંદિરને લૂંટવાના શપથ લીધા હતા.** મહમુદે હિંદુ દેવતાઓની મૂર્તિ ન તોડવાની વિનંતીનો અસ્વીકાર કરતા કહ્યું હતું કે હું મૂર્તિ વેચનાર તરીકે નહીં પણ તોડનાર તરીકે પ્રખ્યાત થવાનું વધું પસંદ કરું છું.

મહમુદને આ બધા સાહસિક કૃત્યો કરવાનો બોધ તુર્કી અને ફારસી કવિઓ લેખકોની વિચારસરણીમાંથી પ્રાપ્ત થતો હતો. ભારતમાં પ્રારંભિક ભક્તિકાળના સંતો ઈશ્વરના પ્રેમના સંદેશાનો પ્રચાર કરી રહ્યા હતા ત્યારે ફારસી અને તુર્કી કવિઓ પોતાના પ્રદેશોના શાસકોને રૂસ્તમ, અરદેસર અને સિકંદર જેવું સાહસ કરવા પ્રેરી રહ્યા હતા.

સાતમી અને આઠમી સદીમા ઇસ્લામનો ઇરાન, સ્પેન, ચીનના પ્રદેશો, આફ્રિકાના ઉત્તર ભાગ સુધી વિજય ધ્વજ લહેરાયો હતો. ભારતમાં મહમદ બિન કાસીમ, જુનેદ, તમિન ઇમરાન, બિનમુસાએ ભારતના પ્રદેશો જીતવાના પ્રયત્નો કર્યા હતા. **પરંતુ ચૌલુક્ય પુલકેશી, ગૂર્જર નરેશ નાગભટ્ટ, કચ્છના રાજા મિહિર ભોજે તેમને પરાસ્ત કર્યા હતા. ભારતનાં અપરાજીત પ્રદેશ જીતવા ધન પ્રાપ્ત કરવા અને ઇસ્લામનો પ્રચાર કરી ખલીફાને ખુશ કરવા મહમુદે સોમનાથ મંદિરમાં લૂંટ કરી હતી.**

ગઝની બલ્ખ અને બુખારાના પ્રદેશોની શાંતિ જાળવી રાખવા સોમનાથ મંદિરની ધન સંપત્તિ લૂંટી. મહમુદે અફઘાન પ્રદેશોમાં સત્તા મેળવી લીધી હતી. પંજાબ સુધી તે સફળ થયો હતો. તેના લશ્કરમાં પઠાણ, આરબ, તુર્ક જાતિના લડાયક સૈનિકો હતા. આ સૈનિકો વિજય માટે અંતિમ શ્વાસ સુધી લડવા તૈયાર રહેતા હતા. ભારતના રાજાઓ મહમુદના આક્રમણનો સામનો કરવા તૈયાર થાય એ પહેલાં ખૂબ ઝડપથી પ્રભાસતીર્થ પહોંચી ગયો હતો. દુશ્મનો સામે ખૂબ ઉગ્રતાથી લડી શકે એ અર્થે યુધ્ધ મોરચે નવી ટુકડીઓ મોકલતો હતો. મહમુદે પોતાના લશ્કરમાં યુધ્ધ સૈનિકોને તક આપી તેના નેતૃત્વમાં વિશ્વાસ પેદા કર્યો હતો. હિંદુસ્તાનમાં મૂર્તિઓ તોડનાર લશ્કરમાં હિંદુ સૈનિકો પણ જોડાયા હતા (રત્નમણિરાવ જોટે), એ સોમનાથ મંદિર અને હિંદુઓનું સૌથી મોટું દુર્ભાગ્ય હતું. આવી રીતે ગઝની સામે હિંદુ રાજાઓની નિષ્ફળતાના કેટલાક કારણો હતા.

જેમ કે તે સમયે હિંદુ રાજાઓ પરસ્પર ઈર્ષ્યાભાવ અને સંઘર્ષભાવથી પીડાતા હતા. એક રાજાના દુઃખોથી બીજા રાજી થતા હતા. મહમુદની સામે જે હિંદુ સૈનિકો લડતા હતા, તેમાંથી કેટલાકમાં લશ્કરી તાલીમનો અભાવ હતો. મહમુદના સૈનિકો ઇજિપ્ત અને ભારતીય હથિયારોના ઉપયોગ જાણતા હતા. એની સાથે સાથે અરબસ્તાનના ઘોડેસવાર સેના તેનું જમા પાસું હતું. **હિંદુ રાજાઓ મહમુદની લશ્કરી વ્યૂહરચનાને સમજી શક્યા નહીં. હિંદુ રાજાઓ સોમનાથ તીર્થમાં એક સાથે ભેગા થઇને લડી શક્યા નહીં.** હિંદુઓના સામાજિક અને ધાર્મિક રિવાજો લડાઇમાં અંતરરાયરૂપ થયા હતા.

હિંદુ સૈનિકો યુધ્ધમાંથી નાસી જવું એને કલંક ગણતા. એવા સૈનિકોને નરકમાં સ્થાન મળે એવી માન્યતા હતી. મનુ સ્મૃતિ પ્રમાણે યુધ્ધમાં મૃત્યુ પામનારને સ્વર્ગ મળે છે. કૌટિલ્ય અનુસાર યુધ્ધ મેદાનમાં મૃત્યુ પામનારને અનેક અશ્વમેધ યજ્ઞોનું ફળ પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત શસ્ત્રવિહીન સૈનિક પર હથિયાર ઉપાડવા નહીં. જે સૈનિકોએ ગણવેશ પહેરેલો હોય તેના પર ઘા કરવો. નાસી જનાર, અસહાય, પાણી પીતા, ભયભીત થયેલા પર હુમલો કરવો નહીં – આ નૈતિકતાનો ફાયદો મહમુદને થયો હતો. ભારતમાં સૈનિક વ્યવસાય સાથે જોડાયેલી અલગ જાતિઓ હતી. યુધ્ધમાં તેઓને જ લડવાનું હતું. બીજા બધા લોકો યુધ્ધ પ્રવૃત્તિથી દૂર હતા. હિંદુઓમાં પણ જુદા જુદા સંપ્રદાયો વચ્ચે સ્પર્ધા અને સંઘર્ષ હતા. તેઓ સોમનાથ મંદિરના ધ્વંસ સમયે એકસંપ થઈ શક્યા નહીં. **હિંદુ રાજાઓ કોઈ એક રાજાનાં નેતૃત્વમાં એકઠા થઇને મહમુદનો સામનો કરી શક્યા નહીં.** બધા જ પોતાને બીજાઓ કરતાં સર્વશ્રેષ્ઠ સમજતા હતા.

મહમુદના આક્રમણ સમયે આ પ્રદેશમાં સ્મૃતિઓ અને પુરાણો પ્રેરિત અસ્પૃશ્યતાની માનસિકતા ખૂબ જ વકરેલી હતી. હિંદુઓમાં ઊંચી જાતિના લોકો સ્પર્શ દોષથી પીડાતા હતા. અસ્પૃશ્ય જાતિઓને મંદિરના દર્શનના અધિકારથી વંચિત કર્યા હતા. ધર્મના બહાને અસ્પૃશ્યોને અપમાનિત અને તિરસ્કૃત કર્યા હતા. આ પ્રદેશમાં અપમાનિત અને તિરસ્કૃતોનો મોટો શ્રમજીવી વર્ગ હતો. મહમુદનો સામનો કરી શકે એવા લોકોના વર્ગનો સહકાર હિંદુ રાજાઓને મળ્યો નહીં. તિલક જેવા તો મહમુદના લશ્કરમાં જોડાયા. મહમુદના સમાનતાના ધર્મમાં તિલકને સૈનિક શ્રેષ્ઠતા પ્રદર્શિત કરવાની તક મળી. જો કે તેણે ઇસ્લામનો અંગીકાર કર્યો ન હતો. મહમુદના પુત્ર મસુદે તિલકને પોતાનો સેનાપતિ બનાવ્યો હતો. આ તિલકે ભારતમાં મહમુદના અધિકારી

(અનુ. : જુઓ પાના નં.-૩૦ ઉપર)

હળવાશની ક્ષણો!

# સાસરીમાં ધામા !



ચિત્રસેન શાહ
નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જીઈબી)

*નોંધ : લેખકશ્રીના પુસ્તક 'હાસ્યનું મેઘધનુષ!'માં પ્રકાશિત થયેલા વિવિધ પ્રકારના હાસ્ય લેખો પૈકીનો આ એક લેખ છે. તે પુસ્તક જ્યારે પ્રકાશિત થયેલ ત્યારે હાસ્ય લેખક વિનોદભાઈ ભટ્ટ એ નોંધ્યું હતું કે, "હાસ્ય નિષ્પન્ન કરવાની કાચી સામગ્રી શોધવા તેમને (લેખકશ્રીને) ખાસ મહેનત નહીં કરવી પડતી હોય. માણસજાતમાં પડેલ નબળાઈ, જબરાઈ, બાઘાપણું, લુચ્ચાઈ વગેરે તેઓ સારી રીતે પકડીને હસતાં-હસતાં વાચક આગળ ધરી દે છે...." તેવી રીતે અન્ય વરિષ્ઠ હાસ્યલેખક રતિલાલ બોરીસાગર એ પુસ્તકના લેખકશ્રી અંગે જણાવ્યું હતું કે, "એમના નામથી જ વૈચિત્ર્યનો પ્રારંભ થાય છે, જે કંઈ 'વિચિત્ર' છે એનું નિરુપણ કરનારા આ સર્જકનું નામ 'વિચિત્રસેન' હોવું જોઈએ..." લેખકશ્રીનો નિર્દોષ હાસ્ય પ્રેરક લેખ અત્રે પ્રસ્તુત છે.*

*– તંત્રી મંડળ*

એક ન્યૂઝપેપરમાં સમાચાર વાંચ્યા કે રાજસ્થાનનું એક ગામ જમાઇરાજોને એટલું ગમી જાય છે કે લગ્ન બાદ તેઓ ત્યાં જ રહી જાય છે! આવા ચારસો જમાઇરાજોથી એ નાનકડું ગામ આજે ઊભરાઇ રહ્યું છે! જ્યાં નજર કરશો ત્યાં જમાઇરાજનાં દર્શન થશે. મધ્યપ્રદેશની સરહદને અડીને આવેલા કોટા જિલ્લાનું એ ગામ છે જ્યાં જમાઇરાજોએ ધામા નાખ્યા છે. એટલે કન્યાના લગ્નપ્રસંગે 'કન્યાવિદાય' વખતે જોવા મળતાં કરુણ દશ્યો અહીં સર્જાતાં નથી, પરંતુ તેને બદલે ગામની 'જમાઇવસતિ'માં વધારો – એવાં ઉલ્લાસભર્યાં દશ્યો સર્જાય છે!

એક જગ્યાએ એક સરસ વાક્ય વાંચેલું – 'સપનાં જોવા ઊંઘવું જરૂરી છે અને તે સાકાર કરવા જાગવું જરૂરી છે!' અમને લાગે છે કે યુવકો કે જેઓ પાછળથી કોઇકના જમાઇરાજ બન્યા છે તે લોકો ઊંઘતા ઝડપાયા છે!

એ લોકો સોનેરી સ્વપ્નોમાં ખોવાયેલા હતા અને કન્યાઓ કે જેઓ પોતાનાં સ્વપ્નાં સાકાર કરતી જાગતી બેઠી હતી તેમની 'જાળ'માં ફસાઇ ગયા અને બની ગયા ઘરજમાઇ! આમ ઘેરઘેર ઘરજમાઇઓને કારણે ગામ આખું બની ગયું 'ગામજમાઇ'! હવે અમારી કલ્પના પ્રમાણેની કથા આગળ વધે છે.

આ જમાઇરાજોને શરૂઆતમાં તો બહુ જ માનપાન મળવા લાગ્યાં. પાણી માગે ત્યાં 'બિસલેરી' હાજર! વીસીડી માંગે તો ડીવીડી મળી જાય! આમ આ જમાઇરાજોને તો જલસા પડી ગયા. એ લોકોએ એ ગામ ન છોડવાની 'જમાઇ પ્રતિજ્ઞા' પણ લઈ લીધી!

પરંતુ પાછળથી 'અંધેરીનગરી ગંડુરાજા' વાળી વાર્તામાં આવે છે તેવું જ થયું! તે વાર્તામાં જેમ ચેલો 'ટકે શેર ભાજી ટકે શેર ખાજાં'વાળા ગામમાં જલસા કરવા રોકાઈ ગયો અને પાછળથી ફાંસીના માંચડે ચડવાની નોબત આવી, તે જ રીતે જમાઇરાજોની મુશ્કેલી દિનપ્રતિદિન વધતી રહી. શરૂઆતમાં તો જમાઈરાજોને રાજાની જેમ જ રાખવામાં આવતા હતા. પરંતુ જેમ જેમ દિવસો વીતતા ગયા તેમતેમ આ રાજાઓ રંકમાં ફેરવાતા ગયા – સાલિયાણાવાળાં જૂનાં રજવાડાંઓની માફક જ! ધીમેધીમે આ જમાઇરાજોની પત્નીઓ તેમજ સાસુ-સસરાના ત્રાસ સુનામીની ઝડપે વધતા ગયા. આ જમાઇરાજો એટલા ત્રસ્ત થઈ ગયા કે તેઓને એક 'જમાઇરાજ એસોસિએશન' બનાવવું પડ્યું!

આ એસોસિએશને તેમના સભ્યો માટે એક 'ચાર્ટર ઑફ ડિમાન્ડ' તૈયાર કર્યું. જેમાં નીચે પ્રમાણેની ડિમાન્ડ મૂકી :

૧. જમાઇને વારંવાર 'ઘરજમાઇ - ઘરજમાઇ' એવું સંબોધન કરી અપમાનિત કરવા નહીં, કારણકે ઘણીવાર સાસરીપક્ષવાળાઓ પોતાના સંબંધીઓ સાથે જમાઇની ઓળખાણ કરાવતાં એમ કહે છે – 'આ અમારા ઘરજમાઇ છે!'

૨. ઘરઘાટી જ્યારે 'ખાડા' પાડે ત્યારે ઘરજમાઈ પાસેથી ઘરઘાટી જેવું કામ લઈ શકાશે નહીં.

૩. પત્નીને સ્કૂટર કે કાર શીખવવા માટે બીજી કોઈ જગ્યા મળે નહીં ત્યારે ઍરપોર્ટના રન-વે પર સ્કૂટર કે કાર શીખવવા માટેની જીદ સાસરીપક્ષે કરવાની રહેશે નહીં!

કારણકે આપણા 'ઍરપોર્ટ'નું તંત્ર તો બધા જાણે જ છે! (આ કલમ એટલા માટે રાખી છે કે એક વખત, દિલ્હીમાં ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ ઍરપોર્ટના રન-વે પર એક વ્યક્તિ એક યુવતીને સ્કૂટર શીખવતો હતો ત્યારે સ્કૂટર અને હવાઇજહાજ અથડાઇ પડ્યાં હતાં!)

૪. સુમો પહેલવાન જેવી દેખાતી પત્નીને 'ફૂલ'ની જેમ સાચવવાની લગ્ન વખતે લેવાયેલી ખાતરીમાંથી મુક્તિ આપવી! સુમોને સુમોની માફક જ સચવાશે!

જો આ માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો અમે 'જમાઇરાજ મેમોરિઅલ' ઊભું કરીશું, કે જેની ડિઝાઇન હિમાચલ પ્રદેશના 'ધરમશાલા'માં આવેલ 'વૉર મેમોરિયલ' જેવી જ હશે!

(ધરમશાલાનું 'વૉર મેમોરિયલ' એક બહુ જ સુંદર અને કલાત્મક મેમોરિઅલ છે, જેના પર ભારતની આઝાદીના દિવસથી માંડી તાજેતરનાં વર્ષોમાં કાશ્મીરમાં આતંકવાદની સામે લડતાં શહીદ થયેલા વીર સપૂતોનાં નામ સુવર્ણાક્ષરે લખાયેલાં છે.)

'જમાઇરાજ એસોસિએશન'ની આ વાત ફિલૉસોફિથી ભરપૂર નથી લાગતી?! કારણકે લગ્ન એક યુદ્ધ છે ને! અને તેથી જ લગ્નની વેદી પર માથું મૂકનાર જમાઇરાજ શહીદ જ ગણાય ને?!

વ્યવહારકુશળ ગામલોકોએ 'જમાઇરાજ એસોસિએશન'ના બે-ત્રણ હોદ્દેદારોને પાણીના ભાવે મળતા 'મોબાઇલ' ગિફ્ટમાં આપ્યા — અનલિમિટેડ ટૉક ટાઇમની સગવડ સાથે!

અને તેમની માંગણીઓ અંગે ત્રણ મહિનાની અંદર ઘટતું કરવામાં આવશે તેવા 'સરકારી ટાઇપ' આશ્વાસન સાથે આંદોલન સમેટાઇ ગયું.

આ રીતે જમાઇરાજાને ત્રણ મહિના સુધી જાગતા રાખી સાસરીપક્ષવાળા ઊંઘી ગયા!

*પ્લોટ ૩૧૪/એ, વ્હાઇટ હાઉસ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા સામે, ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

***ઘણાં માણસો ફક્ત મનોરથોની દુનિયામાં જ જીવતા હોય છે. એમનું મન રોજ નવા નવા નિશ્ચયો કરતું હોય છે. આજે આ કરવું છે, કાલે પેલું કામ પતાવવું છે અને એટલે આટલા વખતમાં આ વસ્તુ પાર પાડવી છે. એવા એવા વિચારોનું એ ભરતકામ કર્યા જ કરે છે. પણ આવી દોરંગી દુનિયામાં વાસ કરનારા માનવીઓમાં એક ખાસ ખૂબી હોય છે. તે એ કે એમનું મન દોડે છે, બુદ્ધિ દોડે છે પણ હાથ પગ કંઈ કામ કરતા નથી.***

## પ્રચલિત સંજ્ઞાઓ

| | |
|---|---|
| A.B.C. | ઑડિટ બ્યૂરો ઑફ સરક્યુલેશન |
| A.C.B. | એન્ટી કરપ્શન બ્યૂરો |
| A.I.R. | ઓલ ઇન્ડિયા રેડિયો |
| B.S.F. | બોર્ડર સિક્યોરીટી ફોર્સ |
| C.B.I. | સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટીગેશન |
| C.I.D. | ક્રિમિનલ ઇન્વેસ્ટીગેશન ડિપાર્ટમેન્ટ |
| D.S.P. | ડિસ્ટ્રીક્ટ સુપ્રિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ |
| I.A.S. | ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ |
| I.P.C. | ઇન્ડિયન પીનલ કોડ |
| I.S.I. | ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ઇન્સ્ટિટ્યૂટ |
| L.I.C. | લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન |
| M.L.A. | મેમ્બર ઑફ લેજિસ્લેટીવ એસેમ્બલી |
| N.C.C. | નેશનલ કેડેટ કોર |
| P.I.N. | પોસ્ટલ ઇન્ડેક્સ નંબર |
| P.W.D. | પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટ |
| S.T.D. | સબસ્ક્રાઇબર ટ્રંક ડાયલિંગ |
| V.I.P. | વેરી ઇમ્પોર્ટન્ટ પર્સન |
| W.H.O. | વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન |
| W.W.F. | વર્લ્ડ વાઇલ્ડ લાઇફ ફંડ |
| R.T.O. | રિજિયોનલ ટ્રાન્સપોર્ટ ઑફિસર |

★ પોતે સર્જેલી સૃષ્ટિમાં દરેક ઠેકાણે પહોંચી વળવાનું ઈશ્વર માટે અશક્ય હતું. એટલે જ તેણે 'મા'નું સર્જન કર્યું.

★ કાનની બુટ્ટીની જોડ મળે, હાથના કંકણની જોડ મળે, પગના ઝાંઝરની જોડ મળે પણ જનનીની જોડ મળવી દુર્લભ છે.

★ સંસારની બે કરુણતા : મા વિનાનું ઘર અને ઘર વિનાની મા.

★ 'મા' અને 'ક્ષમા' બંને એક છે કેમકે માફી આપવામાં બંને નેક છે.

★ રેતીના કણને કદાચ ગણી શકાય પણ મા ની મમતાને ન ગણી શકાય.

★ રોમે રોમે હેત ભર્યું, જેના વેણે વેણે વરદાન.

★ જેને કોઈ ઉપમા ન આપી શકાય, તેનું નામ 'મા.'

★ જેને કોઈ સીમા નથી તેનું નામ 'મા'.

★ જેને ક્યારેય પાનખર નથી તેનું નામ 'મા.'

★ આવી ત્રણ મા છે : પરમાત્મા, મહાત્મા અને મા.

***સુનિતા એ. શાહ - અમદાવાદ***
***મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩***

# આંજો કાગર

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**મેડિકલ સેન્ટરની ઉત્તમ કામગીરી**

સંપૂર્ણ પારદર્શી રહીને દર માસે ૫ તારીખે નિયમિતપણે પ્રગટ થતા "મંગલ મંદિર"માં આંકડાકીય વિગતો આપી આપશ્રીની નિખાલસતા અને પ્રામાણિકતાના દર્શન કરાવો છો.

એક સેવાલક્ષી સંસ્થા સમાજ કલ્યાણનું એક કામ હાથ ધરે અને ખાસ કરીને મહત્ત્વના મેડિકલ ક્ષેત્રે કાર્યરત બને ત્યારે તે મીઠી છાંઈ બની અનેક દર્દીઓને રાહત આપે છે, સહાનુભૂતિનો અહેસાસ કરાવે છે. ખૂબ જ મીઠાં પરિણામો લાવે છે. માંદાને જોઈતા તબીબી સાધનો પણ સમયસર વપરાશ માટે આપી, તેમની પીડામાં રાહત આપવાનું નેક કામ કરો છો.

આપશ્રીનું મેડિકલ સેન્ટર દિન બ દિન અત્યંત ઉત્તમ કામગીરી કરીને દર્દી નારાયણની એક ઉત્તમ સેવા કરે છે. **સંચાલનમાં અવારનવાર નવા સુધારા વધારા કરી, એક આદર્શ મેડિકલ સેન્ટર બની રહે તેવા પ્રયાસોમાં આપની મેડિકલ સમિતિ સતત પ્રયત્નશીલ રહે છે,** તે અત્યંત પ્રશંસનીય છે, અનુમોદનીય છે. **આજની મોંઘવારીના યુગમાં આપનું મેડિકલ સેન્ટર ઉત્કૃષ્ટ કાર્ય કરે છે.** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મેડિકલ સેન્ટર ઉત્તરોત્તર પ્રગતિ સાધે તેવી પ્રભુ-પ્રાર્થના.

અનેક શુભ કામનાઓ પાઠવું છું.

*'માનવ જ્યોત' વતી કુલીનકાંત લુઠિયા - ટ્રસ્ટી*

★

**વયસ્ક સમિતિના કાર્યક્રમનો પ્રતિભાવ**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિના ઉપક્રમે તા. ૧૩-૭-૨૦૧૯ના રોજ આયોજિત થયેલ ગીત-સંગીતનો કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો. તે કાર્યક્રમ, ઉપસ્થિત સર્વે સભ્યોને ખૂબ જ ગમ્યો હતો. આ માટે વયસ્ક સમિતિને ખૂબ ખૂબ અભિનંદન. આ પ્રકારના કાર્યક્રમો હંમેશાં આવકારપાત્ર બને છે. સંબંધિત સભ્યોના જન્મ દિવસની ઉજવણી પણ ઉચિત રીતે કરવામાં આવી હતી. સમાજ ખૂબ પ્રગતિ કરે તેવી અભ્યર્થના છે.

***અલ્કા એ. સંઘવી - અમદાવાદ***
***મો. ૯૪૨૭૩ ૫૩૪૮૨***

# અન્ય સંસ્થાના સમાચાર

**શ્રી કચ્છ નરેડી વિસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન**

**અહિંસા મહાસંઘ (મુંબઈ - ગુજરાત) દ્વારા**
**સ્વ. હીરજી પાસુભાઈ શાહને**
**મરણોત્તર અહિંસા રત્ન ઍવોર્ડ જાહેર થયો**



શ્રી કચ્છ નરેડી વિસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન અહિંસા મહાસંઘ (મુંબઈ - ગુજરાત)ના રજત જયંતી વર્ષ નિમિત્તે પ.પૂ.આ.ભગવંત શ્રી કલાપ્રભસાગર સુરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં કચ્છ નરેડી ખાતે તા. ૪-૮-૨૦૧૯ના રોજ અહિંસા સમારોહના કાર્યક્રમનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં કચ્છ - શેરડીના વતની અને અમદાવાદને કર્મભૂમિ બનાવનાર અહિંસા - પ્રાણીરક્ષા તથા માનવસેવાના ભેખધારી સ્વ. હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા)ના અનુકંપાભર્યા કાર્યને બિરદાવવા માટે તેમને મરણોત્તર અહિંસા રત્ન ઍવોર્ડ જાહેર થયો હતો. આ ઍવોર્ડ સ્વ. હીરજીભાઈ શાહના પુત્ર શ્રી ગિરીશ દેઢિયાને ગુજરાતના પૂર્વ રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડાના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

સ્વ. હીરજીભાઈ શાહ યુવાવયથી વૃધ્ધાવસ્થા પર્યંત અહિંસા - પ્રાણીરક્ષા તથા માનવસેવાના ક્ષેત્રોમાં સતત કાર્યરત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓશ્રીએ અમદાવાદ કચ્છી જૈન સેવા સંઘની સ્થાપનામાં ખૂબ જ સક્રિયપણે રોલ અદા કર્યો હતો. ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદમાં ટ્રસ્ટી તરીકે અને વિવિધ હોદ્દાઓ પર રહીને સામાજિક સેવાના ક્ષેત્રમાં તથા સમાજને વિકાસના પંથે આગળ ધપાવવામાં ખૂબ અગત્યની ભૂમિકાઓ નિભાવી હતી. આ સિવાય, તેઓ સામાજિક તથા અહિંસા ક્ષેત્રની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા અને તે બદલ વિવિધ ઍવોર્ડ તથા માનપત્રથી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

*ડૉ. કલામ જ્યારે સ્વિટ્ઝર્લેન્ડની વિઝિટ પર ગયા એ દિવસ ૨૬ મે નો હતો અને ત્યારથી ૨૬ મે ને 'વિજ્ઞાન દિવસ' તરીકે મનાવવામાં આવે છે.*

# વિવિધ માહિતી

## જાણીતા પત્રકાર - લેખક કાંતિભાઈ ભટ્ટનું નિધન

વરિષ્ઠ ગુજરાતી પત્રકાર, લેખક અને કટાર લેખક કાંતિભાઈ ભટ્ટનું તાજેતરમાં તેમના કાંદિવલી ખાતેના નિવાસ સ્થાને વૃદ્ધાવસ્થાના કારણે નિધન થયું હતું. સદ્‌ગત ૮૮ વર્ષના હતા. કાંદિવલી (વેસ્ટ)ની દહાણુંકરવાડી સ્મશાનભૂમિમાં કાંતિભાઈના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. એ વખતે તેમના સ્વજનો, મિત્રો, અનેક ગુજરાતી પત્રકારો હાજર રહ્યા હતા. તેમના નિધનથી વાચક જગતને મોટી ખોટ પડી છે.

કાંતિ ભટ્ટનો જન્મ ૧૯૩૧ની ૧૫ જુલાઈએ ભાવનગર જિલ્લાના સાંચરા ગામમાં થયો હતો. ૧૯૫૨માં તેમણે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી વાણિજ્યના સ્નાતકની પદવી મેળવી હતી. ભાવનગર નગર પાલિકામાં એમણે થોડો સમય કામ કર્યું. બીમારીના કારણે તેઓ મહારાષ્ટ્રના ઉરુલી કાંચનના નિસર્ગોપચાર કેન્દ્રમાં જોડાયા હતા. એ બાદ તેઓ મુંબઈ આવ્યા હતા અને મુંબઈને જ કર્મભૂમિ બનાવી હતી.

૧૯૬૭માં 'જન્મભૂમિ' અખબાર જૂથના આર્થિક વર્તમાનપત્ર 'વ્યાપાર'માં જોડાઈને તેમણે પત્રકાર તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી.

'વ્યાપાર'માં અનુભવ લીધા બાદ 'જન્મભૂમિ'માં તેમણે 'મોજ ગઠરિયા' નામની કટાર લખવાનું શરૂ કર્યું હતું. સાંપ્રત ઘટનાઓને રસપ્રદ શૈલીમાં રજૂ કરતી એ કટાર અતિ લોકપ્રિય થઈ હતી. પાછળથી તેમનાં પત્ની શીલાબેન ભટ્ટ પણ આ કટાર સાથે જોડાયા હતા.

ત્યારબાદ કાંતિભાઈએ ચિત્રલેખા, મુંબઈ સમાચાર, જનશક્તિ સહિતના અનેક પ્રકાશનોમાં કામ કર્યું હતું.

**વર્ષ ૨૦૦૬માં તેમને 'ચિત્રલેખા' તરફથી વજુ કોટક સુવર્ણ ચંદ્રક એનાયત કરાયો હતો.**

૧૯૭૭માં તેમણે કેન્યામાં પણ થોડો સમય કામ કર્યું હતું. તેઓ સંશોધનાત્મક પત્રકારત્વ માટે જાણીતા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફોન કરીને કાંતિભાઈના નિધન અંગે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. દંતકથારૂપ પત્રકાર કાંતિ ભટ્ટના અવસાન અંગે મોદીએ શોક વ્યક્ત કર્યો હતો. તેમણે દિલ્હીથી કાંતિભાઈના પત્ની અને જાણીતા તંત્રી શીલા ભટ્ટને ફોન કર્યો હતો. પત્રકાર દંપતીના સંઘર્ષ અને કાંતિભાઈના પ્રેરણાત્મક લખાણો વિશે યાદ તાજી કરી હતી. ગૃહપ્રધાન અમિત શાહે ટ્વીટર પર સદ્‌ગતને શ્રદ્ધાંજલિ આપી હતી. સુપ્રસિદ્ધ રામકથાકાર પૂ. મોરારિબાપુએ પણ તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

સદ્‌ગતની સ્મશાનયાત્રામાં 'જન્મભૂમિ' પરિવારના શિરીષભાઈ મહેતા, 'ચિત્રલેખા' જૂથના ચેરમેન મૌલિક કોટક, ભરત ઘેલાણી, હીરેન મહેતા, કેતન મિસ્ત્રી, દેવાંશુ દેસાઈ, ડૉ. પંકજ નરમ, દીપક દોશી, ઉત્કર્ષ મઝુમદાર, ઉદય મઝુમદાર, ભાલચંદ્ર જાની, રાજેશ ભાયાણી, રાજેશ થાવાણી, રમેશ દવે, પ્રફુલ શાહ, સોનલ શુક્લ વગેરે પત્રકારત્વ અને સાહિત્ય જગતના અનેક લોકો જોડાયા હતા.

## ટોલ ફ્રી સરકારી નંબર ૧૦૪ પર ફોન કરો તમારા ઘરમાં જ આવીને તાવનું નિદાન અને સારવાર કરી આપશે

હવે તાવની બીમારીથી પીડાતા લોકો ટોલફ્રી હેલ્પલાઇન નંબર ૧૦૪ પર ફોન કરશે તો આરોગ્ય અધિકારી ઘરે આવીને તાવનું નિદાન અને સારવાર કરી આપશે. આ સુવિધા ખાસ કરીને મેલેરિયાના વધતા કેસોને અંકુશમાં લેવા માટે કરવામાં આવેલી હોવાનું ગુજરાત સરકારની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ભારે વરસાદ વચ્ચે પણ સરકારી અધિકારી દર્દીના ઘરે પહોંચી જઈને તેમને તાવનું નિદાન કરી આપશે અને પ્રાથમિક સારવાર પણ આપશે. તેઓ ઘરમાં જ બ્લડ સેમ્પલ લઈને મેલેરિયાનો ટેસ્ટ પણ કરી આપશે. આ સારવાર કરનારાઓને પ્રજાજનોએ કોઈ ચાર્જ ચૂકવવો પડશે નહીં.

કોઈપણ પરિવારના સભ્યને તાવ આવતો હોય અને તેઓ ૧૦૪ પર ફોન કરશે તો તેમનો ફોન નંબર, સરનામું, તાલુકો, જિલ્લો અને શહેર કે ગામનું નામ પૂછી લેવામાં આવશે. તેમજ દર્દીનું નામ અને વય પૂછી લેવામાં આવશે. દર્દીને આપવામાં આવતી દવાની વિગતો પણ લઈ લેવાશે. ત્યારબાદ ફોન પર માહિતી લેનાર અધિકારી નજીકના આરોગ્ય કેન્દ્રને આ માહિતી પહોંચાડી દેશે. તેમાંથી સંબંધિત અધિકારી દર્દીના ઘરે જઈને તાવનું નિદાન કરશે અને પ્રાથમિક સારવાર પણ આપશે.

## દેશની કોર્ટોમાં બે લાખ કેસો ૨૫ વર્ષથી અને એક હજાર કેસો ૫૦ વર્ષથી પેન્ડિંગ છે

દેશની વિવિધ કોર્ટોમાં પેન્ડિંગ કેસોને લઈને મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈએ તાજેતરમાં ચિંતા વ્યક્ત કરી છે. સાથે વર્તમાન પરિસ્થિતિ અંગે પણ તેમણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. રંજન ગોગોઈએ જણાવ્યું હતું કે **દેશની**

**કોર્ટોમાં છેલ્લા પચાસ વર્ષથી પણ કેસો પેન્ડિંગ છે અને આવા કેસોની સંખ્યા ૧૦૦૦ જેટલી છે. જ્યારે બે લાખથી વધુ કેસો એવા છે કે જે ૨૫ વર્ષથી પેન્ડિંગ છે.** આ ઉપરાંત ૯૦ લાખ પેન્ડિંગ દીવાની કેસોમાં ૨૦ લાખ એવા છે કે જેમાં સમન્સ પણ નથી મોકલવામાં આવ્યા.

## ગુજરાત ચેમ્બરની સમિતિનું સુકાન કોંગ્રેસના પ્રદેશ અગ્રણી કૈલાસકુમાર ગઢવીને

ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં સહકાર પૂરા પાડવા માટે ૨૪ સમિતિઓ તાજેતરમાં રચાઈ છે. **જેમાં સચિવાલય સંશોધન અને વિશ્લેષણ સમિતિના પ્રમુખ તરીકે મૂળ કચ્છના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કૈલાશકુમાર ગઢવીની નિમણૂંક કરાઈ છે.** કૈલાસકુમાર કોંગ્રેસ પક્ષના અખિલ ભારતીય વ્યવસાય કોંગ્રેસના ગુજરાત એકમના પ્રમુખ છે અને ઉદ્યોગ જગતની સમસ્યાઓના ઉકેલ, વિકાસનો બહોળો અનુભવ ધરાવે છે. વર્તમાન આર્થિક પરિસ્થિતિમાં ભીંસ અનુભવતા ઉદ્યોગ, વેપારનાં ક્ષેત્રોને ઉગારવા માટેના ઉપાયો અંગે તમામ સમિતિના પ્રમુખો સાથે મળીને કામ કરશે.

## મગજના વિચારો પ્રમાણે ટાઈપ કરતી ફેસબુકની ટેકનોલોજી

ફેસબુક પર ઘણી સામગ્રી મૂકવાની ઈચ્છા થતી હોય પરંતુ પછી ટાઈપિંગનો કંટાળો આવે એટલે ઘણા લોકો પોસ્ટ મૂકવાનું જ પડતું મૂકતા હોય છે. ફેસબુકે જો કે હવે વિચારો પ્રમાણે ટાઈપિંગ થઈ શકે એવી અતિ આધુનિક ટેકનોલોજી વિકસાવી લીધી છે. ફેસબુકને આ સંશોધનમાં યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયાના સંશોધકોએ પણ મદદ કરી છે. કોઈ પણ ઉપકરણ તમારી ઈચ્છા મુજબ કામ કરતું થાય, વિચારો, ઈશારા, હાવભાવને સમજીને વર્તન કરે એવી સ્થિતિને 'ઓગમેન્ટેડ રિઆલિટી' (એ.આર.) કહેવામાં આવે છે. એ.આર.ની દિશામાં ફેસબુકનું આ મહત્ત્વનું કદમ છે.

★ જેમણે ટાઈપ કરવું હશે તેમણે ફેસબુકે વિકસાવેલા ખાસ પ્રકારના A.R. ચશ્મા પહેરવા પડશે. મોટેભાગે જે લોકો બોલી શકતા નથી એમના માટે આ ટેકનોલોજી વિકસાવાઈ છે.

★ A.R. ડિવાઈસ ફેસબુક સાથે કનેક્ટ હશે. માટે જે કંઈ વિચાર મગજમાં ચાલતા હશે એ ટાઈપ થતા જશે.

★ ફેસબુકે ડિવાઈસ એવું બનાવ્યું છે, જે મગજના તરંગોનો સતત અભ્યાસ કરીને તમે શું કહેવા માંગો છો એ સમજી જશે.

★ હાલના તબક્કે ફેસબુકની આ ટેકનોલોજી મર્યાદિત શબ્દો, એ પણ અંગ્રેજી ભાષાના સમજી શકે છે. પરંતુ તેમાં સફળતા મળ્યા પછી હવે શબ્દોની સંખ્યા વધશે એ વાત નક્કી છે.

## સ્ટેમ્પ ડ્યુટીના સુધારેલા અને વધેલા દરો

ગુજરાતમાં સ્ટેમ્પ ડ્યુટીના સુધારેલા અને વધેલા દરો પાંચમી ઓગસ્ટથી અમલમાં આવશે. ગત વિધાનસભા સત્રમાં સ્ટેમ્પ ડ્યુટીના દરોમાં સુધારો સૂચવતો વિધેયક તાજેતરમાં પસાર કરવામાં આવ્યો હતો. જેના પરિણામે આ દરો અમલમાં આવ્યા છે.

***હવે કયા દસ્તાવેજ માટે કેટલી સ્ટેમ્પ ડ્યુટી?***

| *દસ્તાવેજ* | *વહીવટી સ્ટેમ્પ ડ્યુટી (રૂા.)* |
|---|---|
| વહીવટી ખત | ૩૦૦ |
| દત્તકપત્ર | ૨૦૦ |
| સોગંદનામુ | ૫૦ |
| કબૂલાત | ૩૦૦ |
| આકારણી-મૂલ્યાંકન | ૨૦૦ |
| એપ્રેન્ટિસશીલ લેખ | ૩૦૦ |
| ઍવોર્ડ (ચુકાદો) | ૩૦૦ |
| રદ કરવાનો લેખ | ૩૦૦ |
| પતાવટ ખત | ૩૦૦ |
| નકલ - ઉતારો | ૩૦૦ |
| બીજી નકલ | ૩૦૦ |
| કસ્ટમ એક્સાઈઝ બોન્ડ | ૩૦૦ |
| છૂટાછેડા બાબતનો ખત | ૩૦૦ |
| હામીખત | ૩૦૦ |
| લેટર ઑફ ગેરંટી | ૩૦૦ |
| લાઈસન્સ પત્ર | ૩૦૦ |
| લગ્ન નોંધણી | ૨૦૦ |
| કંપનીનું એમ.ઓ.એ. | ૩૦૦ |
| નોટરીનું લખાણ | ૫૦ |
| ચિટ્ઠી અથવા યાદી | ૩૦૦ |
| ભાગીદારી | ૨૦૦ |
| મુખત્યારનામું | ૩૦૦ |
| બીલ ઓફ પ્રોસ્ટેટ | ૩૦૦ |
| ગીરો મિલકતનું ફેર માલિકી ખત | ૩૦૦ |

# ઇન્ટરનેટની સલામતી (Most Important)

ઘરની તિજોરીમાં રહેલા ઘરેણાની ચિંતા કરવી પડે એટલી જ કે તેનાથી વધુ ચિંતા ઇન્ટરનેટ પર ડેટા સલામતીની કરવી પડે એવા ડિજિટલ યુગમાં આપણે જીવીએ છીએ. છેલ્લા દાયકાથી દર વર્ષે "સેફર ઇન્ટરનેટ ડે" ઉજવાય છે. એને ધ્યાનમાં રાખીને ઇન્ટરનેટ પર સલામત રહેવા અંગે ગૂગલ સહિતની ઇન્ટરનેટ જાયન્ટ કંપનીઓ દ્વારા કેટલીક ટિપ્સ આપવામાં આવી છે.

★ મોબાઈલમાંથી ઍપ ડાઉનલોડ કરતી વખતે ગૂગલ પ્લે સ્ટોરમાંથી જ ડાઉનલોડ કરવી જોઈએ. ત્યાં ૫૦ અબજથી વધુ ઍપનું સ્કેનિંગ થાય છે અને ફોન માટે અસુરક્ષિત હોય એવી ઍપ હટાવી દેવામાં આવે છે. એપલના વપરાશકારો માટે ઍપલ સ્ટોરમાંથી ઍપ ડાઉનલોડ કરવી જોઈએ.

★ મોબાઈલ, ટેબ્લેટ વગેરે ડિવાઈસની સ્ક્રીન હંમેશાં પાસવર્ડથી સુરક્ષિત રાખો. જો ગૂગલ એકાઉન્ટને ડિવાઇસ સાથે જોડી દીધું હશે તો ડિવાઇસ ખોવાશે ત્યારે પણ તેનું લોકેશન મેળવવામાં ગૂગલ મદદ કરી શકશે. એ માટેની વધુ વિગત https://www.android.com/find પરથી મળશે.

★ **હવે ઘરેણા પૈસા જેટલી જ કિંમતી ચીજ એ આપણો વ્યક્તિગત ડેટા ગણાય છે. તેની સલામતી માટે ડિવાઇસમાં થર્ડ પાર્ટી એક્ટિવિટી થાય તો તમને તુરંત જાણ થાય એટલા માટે નોટીફિકેશન ON રાખો.** એ નોટીફિકેશન સેટિંગ્સમાં જઇને ON કરી શકાશે. અજાણ્યા ડાઉનલોડ કે થર્ડ પાર્ટી ડાઉનલોડના નોટીફિકેશન હંમેશાં OFF રાખો. એ રીતે વિવિધ ઍપ્સને કઈ કઈ પરમિશન આપી છે, તેનું પણ ધ્યાન રાખવું જોઈએ. કેટલીક ઍપ્સ જરૂર ન હોય તો પણ તમારો કેમેરા કે રેકોર્ડિંગ સહિતની વસ્તુઓ માંગે છે. જેમકે ફ્લિપકાર્ટની ઍપ તો તમારી ફ્લેશલાઇટની પરમિશન પણ માંગે છે! તેને શોપિંગ સાથે શું લેવા-દેવા? એવી પરમિશન ન આપવી જોઈએ.

★ ગૂગલ મેપ્સના સેટિંગમાં ટાઇમલાઇન નામનો વિભાગ તમારા બધા પ્રવાસ સાચવે છે. ઘરેથી સવારે નીકળીને ક્યાં ક્યાં ગયા, ક્યાંથી પરત આવ્યા વગેરેનો નકશો બને છે. એવું ન થવા દેવું હોય તો મેપ્સના સેટિંગમાં જઇ ટ્રેકિંગ બંધ કરી દેવું જોઈએ.

★ ગૂગલની કોઈ પણ સર્વિસમાં તમારું એકાઉન્ટ હોય તો ત્યાંથી ગૂગલની સિક્યુરિટી ચેક-અપની સુવિધા મળે છે. તેનો ઉપયોગ કરતા રહેવાથી કોઈ અસલામતી હશે તો ગૂગલ દૂર કરી આપશે. સલામતી માટે બીજું શું કરવું તેની ટિપ્સ પણ ત્યાંથી મળશે.

★ **પાસવર્ડ નિયમિત બદલતા રહેવું જોઈએ. બદલતી વખતે પણ જન્મતારીખ કે નામ કે પછી વતનનું નામ વગેરે ન રાખવું. હંમેશાં એક સ્પેશિયલ કેરેક્ટર, એકાદ કેપિટલ અક્ષર, એકાદ આંકડો, એવું મિશ્રણ કરીને પાસવર્ડ બનાવાય તો સલામતી વધી જાય.** એકથી વધુ સર્વિસમાં એકસરખો પાસવર્ડ ન રાખવો. ગૂગલ પાસે ટુ-સ્ટેપ વેરિફિકેશન પ્રોસેસ છે, તેનો ઉપયોગ પણ કરવો જોઈએ.

★ જે કોઈ સોફ્ટવેર વાપરતા હોઈએ એ અપડેટ કરતા રહેવા. પાઈરેટેડ સોફ્ટવેર સાથે વાઇરસ સહિતની સામગ્રી મફત તમારા કોમ્પ્યુટર - લેપટોપમાં ઘૂસી જશે. એ રીતે મોબાઇલ ઍપ્સ પણ અપડેટ કરતા રહેવું.

★ કોઈ નવી વેબસાઈટ ખોલતી વખતે ખાસ જુઓ કે **તેની શરૂઆત https:// થી થાય છે?** જો થતી હોય તો જ એ વેબસાઈટને સલામત સમજવી.

★ **લાલચ આપતા અનેક ઇ-મેઇલ આવતા હશે. તેમાં ક્યારેય પડવું નહીં.** કોઇ ઑફર કે મફત સુવિધાની વાત હોય એવા ઈ-મેઈલ મોટેભાગે સ્પામ જ હોય. એ તમારી વિગતો મેળવીને બેંક એકાઉન્ટ સુધી પહોંચી શકે છે. **નાણાંકીય વ્યવહારો કરતી વખતે OTP (વન ટાઇમ પાસવર્ડ) કે મેસેજ આવે પછી જ વ્યવહાર થાય એવી સુવિધા વાપરવી જોઇએ.**

★ બાળકોને જે રીતે વિવિધ પ્રકારની સમજ આપવામાં આવે છે, એ રીતે ઇન્ટરનેટ સલામતીની સમજ પણ આપવી જોઈએ. **ખરેખર તો શિક્ષણમાં જ સાયબર સુરક્ષા સામેલ કરવી જોઇએ.** પરંતુ એ માટે સરકારને સમજ હોવી જોઈએ.

***એ વાત યાદ રાખવી જોઈએ કે ઈન્ટરનેટ સલામત છે, તો આપણે સલામત છીએ.***

*મનના રેશમી પડદા ઉપર અનેક જાતનાં ચિત્રો આકાર લેતાં હોય, પણ જ્યાં સુધી ચિત્રકાર હાથમાં પીંછી લઈને મહેનત કરતો નથી ત્યાં સુધી એ કલાકારની કોઈ કિંમત કરતું નથી.*

## જૈન ધર્મની એકસુત્રતા....

જૈન ધર્મના સિદ્ધાંત અને ઉપદેશના સત્ય માટે ચિંતન - મંથન કરવું જરૂરી છે અને ત્યારબાદ જ તેના માટે શ્રદ્ધા જાગે છે. ભારે વિરોધ, ભારે સંઘર્ષ, ઉગ્ર તપ-સાધનાના ફળ સ્વરૂપે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પ્રભુ વીરે કરી. મોક્ષ માટે દેહ-દમનની હિમાયત કરવામાં આવી છે. તેવી રીતે સાધુ-સાધ્વીજી સમાજ માટે કડક સમાચારીની આજ્ઞા કરવામાં આવી છે. પ્રભુ વીરે જૈન ધર્મ પુનઃ પ્રસ્થાપિત કર્યો અને તેનો વ્યાપક પ્રચાર કર્યો. ધર્મવાણી સ્પષ્ટ છે. **સર્વ દુઃખ અને આત્માની કનિષ્ટ ગતિનું મૂળ કારણ રાગ છે.** આત્માની અશાંતિના અંત માટે રાગ અને મોહના ત્યાગની જરૂર રહે છે વગેરે.

ઉપરની ભૂમિકા માટે જૈન ધર્મમાં એકસુત્રતા હોવી જરૂરી છે. આજના માહોલમાં એકસુત્રતામાં અનેક ત્રુટિઓ ઉપસી આવી છે. આ બધી ત્રુટિઓ તરફ વધારે ચર્ચા કરવી નથી પરંતુ જૈન ધર્મ એક છે — તેની મંજિલ પણ એક જ છે. તેમાં નિરુપણ થયેલાં નીતિ-નિયમો એક હોય તો દરેક સંપ્રદાય, ગચ્છ-પક્ષ અથવા તો ફિરકાઓએ એક જૂથમાં રહીને **એક જ રાગથી તિથિ, તહેવારો - ઉત્સવોની અનુમોદના કરવી જોઇએ. અલગ અલગ દિવસોએ આઠમ - ચૌદસ - પાંખી શા માટે?** મહાવીર જયંતી અને પર્વાધિરાજ પર્યુષણ જેવા પર્વ પણ એક જ દિવસે હોવા જોઈએ. **આવી એકસુત્રતા હોય તો જ ધર્મ અને તેના પર્વોની મહાનતા ખરા સ્વરૂપે જળવાશે. નહિંતર ભાવનાત્મક એકતાનું ખંડન થશે. આજે નવી પેઢીને જૈન ધર્મના રસ્તે આગળ વધારવી હોય તો આ બધા પ્રકારના મત-મતાંતરનો ત્યાગ કરવો પડશે.** તેને પાયાથી તિલાંજલિ આપવી પડશે. અન્યથા નવી પેઢીને ધર્મ અને તેના સિધ્ધાંતો પ્રત્યે આકર્ષણ રહેશે નહીં અને સંભવ છે કે તેઓ અન્ય ધર્મના રસ્તે જઈ ચડશે અથવા તો જૈન ધર્મના પાયાના સિધ્ધાંતો સમજી શકશે નહીં. બીજી રીતે જોઈએ તો, આજની ટેકનોલોજીના પરિણામે ઉપલબ્ધ થયેલા ઉપકરણોના અતિશય વપરાશના કારણે પોતાના શ્રેષ્ઠ જીવનથી, પરિવાર ભાવના - એકતાથી અને સમાજ ધર્મની ભાવનાથી દૂર થતા જાય છે. **તેવા સંજોગોમાં અગર આપણાં ફિરકાઓ પોતપોતાની રીતે તિથિઓ અને પર્વ ઉજવશે તો ધર્મ ભાવના લુપ્ત થશે અને ધર્મ, જ્ઞાતિ તથા સમાજની એકતાને મોટી હાનિ પહોંચશે.**

આ માટે જૈન ધર્મના દરેક સંપ્રદાય, ગચ્છ, પક્ષ અથવા તો ફિરકાઓના પૂજનિય ગચ્છાધિપતિઓ, ભગવંતશ્રીઓ, આચાર્યશ્રીઓ તથા દરેક સાધુ-સાધ્વીજીઓએ એક મતથી એક જ મંચ ઉપરથી દરેક તિથિઓ અને પર્વોની સમાન ધોરણે એકરાગથી એક જ દિવસે ઉજવણી કરવાનું એલાન કરવું જોઈએ. આ રીતે તેની એકસુત્રતા અખંડ રહેશે.

**બીજી તરફ દરેક સ્થળના જૈન સમાજ, મહાજનોએ પણ આ દિશામાં યોગ્ય કાર્યવાહી કરવી જોઇએ.** આવું થશે તો જ તેની મહાનતા દીપી ઉઠશે. જૈન ધર્મ આજ સુધી ટકી રહેવાનું એક કારણ જૈન સમાજના સિધ્ધાંતોને વળગી રહેવાને આભારી છે. આપણે તેનાં નીતિ-નિયમોની અગત્યતા અને શિસ્તને સમજીને એકતા મજબૂત કરીએ.

*રમણિકલાલ કુંવરજી ગોસર - અમદાવાદ*

## પ્લીઝ પ્રભુ પ્લીઝ...

હે પ્રભુ, કામ કોર્ટનું હોય કે કોઈ કચેરીનું હોય, ટેન્ડર પાસ કરાવવાનું હોય કે બીલ પાસ કરાવવાનું હોય, દાખલો લેવાનો હોય કે ફાઈલ આગળ ધકેલવાની હોય, લોન લેવી હોય કે કોઈ સરકારી કામ રાખવાનું હોય, લાઈસન્સ લેવું હોય કો જમીનો એન.એ. કરાવવી હોય — કામ કોઈ પણ હોય, કોઈ પણ પ્રકારનું હોય, સારું હોય કે ખરાબ હોય, અમારા કામને કોઈ 'આંચ' ન આવે એ માટે 'લાંચ' આપી અધિકારીઓ પાસેથી અમારું કામ પાર પડાવી લેનારા અમે લાખોપતિમાંથી કરોડપતિ અને કરોડપતિમાંથી અબજોપતિ થવાના અમારા સોનેરી સપના સાકાર થાય એ માટે તારી પાસે પ્રાર્થના કરતા રહ્યા. કદીક શરીરમાં રોગોની નાબૂદી માટે, તો કદીક આવરદા માટે, તો કદીક અમારા અટકેલા સામાજિક કામો માટે. **ટૂંકમાં, વિવિધ પ્રકારની અમારી સુખાકારી માટેની પ્રાર્થનાઓ કરનાર અમે એ માટે તને પણ લાંચના સ્વરૂપે ક્યારેક ચાંદીનું મુગટ તો ક્યારે ચાંદીનું છત્તર ચડાવવાની માનતા 'માનતા' રહ્યા.** અને પાછા એ માટે દરરોજ તને અમે 'રીમાઈન્ડર' પણ કરતા રહ્યા. **અમારી આ અનુચિત અરજીઓના પાના ઉડી ન જાય એ માટે એ અરજીઓ ઉપર દરરોજ મંદિરમાં તારી પાસે એક રૂપિયો (અને તે પણ તેં આપેલા અઢળક રૂપિયામાંથી જ) રાખવાની નાલાયકી અને બદમાશી કરતા રહ્યા.** અધિકારીઓને લાંચ આપનારા અમે એ ભૂલી ગયા કે તું તો "ઉપરી અધિકારી" છે.

પ્રભુ, અમારી આ નાલાયકી અને બદમાશી પર તો તારું હસી-હસીને પેટ પણ દુઃખી આવતું હશે નહીં? **પ્રભુ, અમે તારી પાસે 'ઇચ્છાઓના પીછા' પાથરવાનું બંધ કરીએ એવું અમને ક્યારેક તો શીખવ.** પ્લીઝ પ્રભુ પ્લીઝ....

*અરવિંદ સોમૈયા*

*જલારામ સ્વીટ માર્ટ, નખત્રાણા, કચ્છ.*

*મો. ૯૯૧૩૪૦૪૦૪૪*

ગેમ્સ ગેલેરી

# ગેમ : લવ લેટર



ભાવના એ. ઝવેરી

*ઘેલુ ઘૂમે મારું અંતર આનંદમાં*
*ગીતો ગાતું એના મનગમતાં છંદમાં*
*મન મારું નાચે થનક થઈ થઈ*
*આ શબ્દોની સંતાકૂકડી સંગ... સંગ...*

## ગેમ : લવ લેટર

*યે મેરા પ્રેમપત્ર પઢકર, કી તુમ નારાજ ના હોના;*
*કી તુમ મેરી જિંદગી હો, કી તુમ મેરી બંદગી હો...*

### પ્રેમપત્ર

સાથેના ચોકઠામાં આપેલા ફિલ્મના નામો નીચેના પ્રેમપત્રની ખાલી જગ્યામાં લખી પ્રેમપત્ર પૂરો કરો. એક નામ એક જ વાર વાપરી શકાશે.

| | | |
|---|---|---|
| નયી દિલ્હી | આવાસ | અમર પ્રેમ |
| અનામિકા | મેરી આવાઝ | હકીકત |
| હમ દોનો | દિવાના | જવાબ |
| તીસરી મંઝીલ | કિસ્મત | પ્રેમપત્ર |
| માય લવ | પહેચાન | ઘર એક મંદિર |
| ઈત્તફાક | પરિવાર | સપનોં કી રાની |
| મનમંદિર | રામ-લખન | એરાઉન્ડ ધ વર્લ્ડ |
| જિંદગી | લાખોંમેં એક | ઘર બસા કે દેખો |
| હનીમૂન | નૌ દો ગ્યારહ | કાશ્મીર કી કલી |
| બંદગી | મન કા મીત | બોમ્બે ટુ ગોવા |
| તલાશ | આરાધના | |
| નિકાહ | પ્રેમપૂજારી | |

*તારીખ :*
*નામ :*
*સરનામું :*

*મારી પ્યારી* ____________

____________ લખવાનો મારો આ પહેલો પ્રયત્ન છે. આ પત્ર થકી હું તને મારી ______ કરાવું છું. થોડાં વરસો પહેલાં ______ બસમાં ______ જઈ રહ્યો હતો. તમે મને ______ અથવા ______ કહો, કંઈ વાંધો નહીં. અમે તો તમારા ______ છીએ. એટલે જ મારી ______ કે મારી ______ બની જાવ અને મારી ______ માં આવી જાવ. અહીં તમે આને ______ સમજો કે ______ હું તો તમને કહીશ કે મારી સાથે ______ તમે ખરેખર ______ છો. માની લો કે મારા દિલને તમારી ______ હતી. તમે ______ સાંભળો અને ______ માટે તૈયાર થઈ જાવ. લગ્ન પછી ______ માટે ______ જઈશું. એમાં શરમાવા કે ગભરાવા જેવું શું છે? આપણા ______ માં ફક્ત બે જ બાળકો હશે. જેના નામ ______ હશે. તમને પામીને હું માનીશ કે મારી ______ સફળ થઈ છે અને આપણું ______ બનશે તથા આપણો પ્રેમ ______ કહેવાશે. ______ ની રાહ જોઉં છું.

*લિ. તમારો*

____________

*(જવાબ આ જ અંકમાં અન્યત્ર આપેલ છે.)*

## પોસ્ટલ સ્ટેમ્પ

*કેન્દ્ર સરકારે રામાયણ, મહાભારત પર પોસ્ટલ સ્ટેમ્પ કાઢવા સાથે સ્વાતંત્ર્ય સૈનિકો - બટુકેશ્વર દત્ત, સુખદેવ, અશફાક અલીખાન ઉપરાંત મહમ્મદ રફી, કિશોરકુમાર જેવા કલાકારોની ટિકિટો પ્રસિદ્ધ કરવાનું નક્કી કર્યું છે. આઝાદીના ૭૩ વર્ષ દરમ્યાન વિવિધતાભરી ૩૦૦૦ ટપાલ ટિકિટો બહાર પડી છે. જેમાં સુખડની સુગંધવાળી, ગુલાબની સુગંધવાળી, જસ્મીનની સુગંધવાળી અને કોફીની સુગંધવાળી સ્ટેમ્પો પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.*

*આઝાદી પછીની પહેલી ત્રણ સ્ટેમ્પોનો સેટ ૧૯૪૭માં પ્રસિદ્ધ થયો હતો. જેમાં અશોક સ્તંભ, તિરંગો ઝંડો અને વિમાનના ચિત્રો હતા. આઝાદ ભારતની પોસ્ટલ સ્ટેમ્પ પર આવેલ પ્રથમ મહિલા તરીકે મીરાંબાઈને માન મળે છે. બે આનાની કિંમતની આ ટિકિટ ૧લી ઓક્ટોબર, ૧૯૫૨માં બહાર પડી હતી. પહેલી ત્રિકોણી પોસ્ટલ સ્ટેમ્પ ૧૦ ઓક્ટોબર, ૧૯૮૫ના રોજ બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનની રજત જયંતિ પ્રસંગે પ્રસિદ્ધ થઈ હતી જેના પર પર્વતીય માર્ગનું ચિત્ર હતું. કોઈ જીવંત વ્યક્તિની તેની હાજરીમાં પોસ્ટની ટિકિટ બહાર પડી હોય તો તેનું માન શિક્ષણવિદ્ ધોન્ડો પંત કર્વેને જાય છે. જે ૧૯૫૮ના ૧૮મી એપ્રિલે તેમની જન્મની શતાબ્દિ પ્રસંગે પ્રસિદ્ધ થઈ હતી. તે ૧૫ નવા પૈસાની કિંમતની હતી.*

વૈવિધ્ય

# જ્ઞાન ગમ્મત



સંકલન : કિરણબેન પી. ઠક્કર

## (A) જમ્બલ વર્ડ્ઝ

*દોસ્તો, વિભાગ "A"માં કોઈ એક અંગ્રેજી શબ્દના અક્ષરો જમ્બલ કરીને આપવામાં આવેલ છે. આ અક્ષરોને યોગ્ય રીતે ગોઠવતા જે શબ્દ બને છે તે કોની સાથે સંકળાયેલ છે તે અંગેનો નિર્દેશ "B" વિભાગમાં આપેલ છે. દોસ્તો, હવે "B" વિભાગના નિર્દેશનું અનુસરણ કરીને A વિભાગના જમ્બલ થયેલા અક્ષરોને યોગ્ય રીતે ગોઠવી સાચો જવાબ શોધી "C" વિભાગમાં આપેલ બોક્સમાં લખો. ક્રમાંક-૧ માં એક ઉદાહરણ આપેલું છે.*

| | A (જમ્બલ કરેલા અંગ્રેજી અક્ષરો) | B (કોની સાથે સંકળાયેલ છે?) | C (જવાબ લખો...) |
|---|---|---|---|
| (01) | Y C M A N C P O A | સંગાથ સાથે... | ACCOMPANY |
| (02) | I D E T A E J V C | વિશેષણ સાથે... | |
| (03) | I B D E A M A L R | પ્રશંસા સાથે... | |
| (04) | D I A I N S M S O | પ્રવેશ સાથે... | |
| (05) | E A N G T D A V A | ફાયદા સાથે... | |
| (06) | U D E R A N V T E | સાહસ સાથે... | |
| (07) | D S R A E I E T V | જાહેરાત સાથે... | |
| (08) | E R L E O N A A P | વિમાન સાથે... | |
| (09) | O F T A N F C I E | સ્નેહ સાથે... | |
| (10) | F D T A I A F V I | સોગંદનામું સાથે... | |
| (11) | O T N N A R F O E | બપોર સાથે... | |
| (12) | T E M R N A E G E | કરાર સાથે... | |
| (13) | M A E O N L T L T | વહેંચણી સાથે... | |

## (B) શબ્દ સાથિયા

*મિત્રો, ચાવીઓની મદદથી શબ્દ શોધીને સાથિયાની ડિઝાઈનમાં ભરો. તો થઈ જાવ શરૂ....*

### A

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ મ | | |
| | | ફ | | |
| ૨ | | ત | | ૩ |
| | | લા | | |
| ૫ | | લ | | |

(૧) વિવેક, મર્યાદા
(૨) નોકરીમાંથી કાઢી મૂકેલું.
(૩) જીત, વિજય
(૪) ઈચ્છા, ખુશી
(૫) પવન, હવા

### B

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ મો | | |
| | | હ | | |
| ૨ | | ન | | ૩ |
| | | થા | | |
| ૫ | | ળ | | |

(૧) મહત્તા, ગર્વ
(૨) બોલીને ફરી જવું તે
(૩) પ્રૌઢતા, મોટાઇ
(૪) મુલત્વી રાખવું
(૫) બેડી, જંજીર

### C

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ ઘ | | |
| | | ર | | |
| ૨ | | વ | | ૩ |
| | | ખ | | |
| ૫ | | રી | | |

(૧) નઠારું, ધિક્કારવા યોગ્ય
(૨) ડાયાબિટીસ
(૩) પુષ્ટિમાર્ગીય મંદિર
(૪) પડાવ, ઉતારો
(૫) પવિત્ર, પાક

### D

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ મુ | | |
| | | ખ્ય | | |
| ૨ | | પ્ર | | ૩ |
| | | ધા | | |
| ૫ | | ન | | |

(૧) વિવેક, મર્યાદા
(૨) નોકરીમાંથી કાઢી મૂકેલું.
(૩) જીત, વિજય
(૪) ઈચ્છા, ખુશી
(૫) પવન, હવા

### E

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ ત | | |
| | | જા | | |
| ૨ | | ગ | | ૩ |
| | | ર | | |
| ૫ | | મી | | |

(૧) સુસ્ત, મંદ
(૨) મધુરજની
(૩) બિલકુલ, છેક
(૪) પાણી પીવાની ઈચ્છા
(૫) ઉષ્ણતા, તાપ

*પતિ : તું મને કેમ કાનના દાક્તર પાસે જવાની સલાહ આપે છે, હું કંઈ બહેરો છું?*
*પત્ની : હું તમને એક મહિનાથી સાડી લાવવા કહું છું, પણ તમે ક્યાં સાંભળો છો?*

★

*પતિ : આજના જન્મદિને તને હું ક્યાં લઈ જાઉં?*
*પત્ની : હું જ્યાં કદી ગઈ નથી ત્યાં લઈ જાઓ.*
*પતિ પત્નીને રસોડામાં લઈ ગયો.*

😊 *મકાનમાલિક ખૂબ ક્રોધી હતો. તેથી ભાડુઆત દૂધ લઈને તેની પાસે આવ્યો.*
*મકાનમાલિક : આજે કેમ દૂધ લઈને આવ્યા છો?*
*ભાડુઆત : આજે નાગપંચમી છે તેથી હું તમને દૂધ પીવડાવવા આવ્યો છું!*

### (C) 'A' કોલમના અંગ્રેજી શબ્દોને અનુરૂપ 'B' કોલમમાંથી યોગ્ય શબ્દ શોધી કાઢો.

| | {A} | | {B} |
|---|---|---|---|
| 1. | Knife | – | Dog |
| 2. | Spoon | – | Vinegar |
| 3. | Cat | – | Cheese |
| 4. | Oil | – | Cart |
| 5. | Chalk | – | Bolt |
| 6. | House | – | Braces |
| 7. | Horse | – | Pusher |
| 8. | Belt | – | Garden |
| 9. | Nut | – | Shovel |
| 10. | Pick | – | Fork |
| 11. | Spit | – | Sound |
| 12. | Neat | – | Drum |
| 13. | Bib | – | Day |
| 14. | Fife | – | Tidy |
| 15. | King | – | Spice |
| 16. | Night | – | Low |
| 17. | Sugar | – | White |
| 18. | Safe | – | Queen |
| 19. | Black | – | Tucker |
| 20. | High | – | Polish |

## મૈં જિંદગીકા સાથ નિભાતા ચલા ગયા!!!

કેટલાક ફિલ્મી ગીતો જીવન જીવવા માટેનું ભાથું પૂરું પાડતા હોય છે. આ ગીતો જીવન પ્રત્યે આપણે કેવો દૃષ્ટિકોણ રાખવો જોઈએ એ ખૂબ જ સહજતાથી સમજાવી દેતા હોય છે. આવું જ એક ગીત છે ૧૯૬૧માં પ્રદર્શિત થયેલ ફિલ્મ **'હમ દોનોં'**નું સાહિર લુધિયાનવી રચિત જયદેવના સંગીતથી મઢેલું મોહમ્મદ રફીના અવિનાશી અવાજમાં અભિવ્યક્ત થયેલ દેવ આનંદના જકડી રાખતા અભિનયમાં પ્રદર્શિત સદાબહાર ગીત....

મૈં જિંદગીકા સાથ નિભાતા ચલા ગયા
હર ફિક્ર કો ધુએ મેં ઉડાતા ચલા ગયા
બરબાદિયોં કા શોક મનાના ફિઝુલ થા - ૨
મનાના ફિઝુલ થા - ૩
બરબાદિયોં કા જશ્ન મનાતા ચલા ગયા - ૨
હર ફિક્ર કો ધુએમેં ઉડાતા...
જો મિલ ગયા ઉસીકો મુકદ્દર સમજ લિયા - ૨
મુકદ્દર સમજ લિયા - ૨
જો ખો ગયા મૈં ઉસકો ભૂલાતા ચલા ગયા
હર ફિક્ર કો ધુએમેં ઉડાતા...
ગમ ઔર ખુશીમેં ફર્ક ના મહેસૂસ હો જહાં - ૨
ના મહેસુસ હો જહાં - ૨
મૈં દિલ કો ઉસ મુકામ પે લાતા ચલા ગયા - ૨
મૈં જિંદગીકા સાથ નિભાતા ચલા ગયા
હર ફિક્ર કો ધુએ મેં ઉડાતા ચલા ગયા...!!!

***મૈં જિંદગીકા સાથ નિભાતા ચલા ગયા***
***હર ફિક્ર કો ધુએ મેં ઉડાતા ચલા ગયા...!!!***

જીવન પ્રત્યેનો અભિગમ કેવો હોવો જોઈએ એ પ્રત્યે અંગૂલીનિર્દેશ કરતું આ એક જબરદસ્ત ગીત છે. **મસ્ત ફકીરીમાં જીવતા કોઈ બેફિકરા સદાબહાર માનવીનું આ ગીત છે. જિંદગીને અહીં એક સાથીદાર - મિત્ર માનીને જીવતા માનવીની વાત છે.** મસ્તીમાં મહાલતો માણસ જિંદગીનો સાથ નિભાવતા નિભાવતા પોતાની દરેક ફિકર - કાળજી - પરેશાનીમાં ધુળ ઉડાડતો જાય છે. કોઈ જ ચિંતા કે કાળજી નથી.

*બરબાદિયોં કા શોક મનાના ફિઝુલ થા*
*બરબાદિયોં કા જશ્ન મનાતા ચલા ગયા*

આ માણસની ખુમારી તો જુઓ. બધા જ મનુષ્યોને માટે જિંદગી એ કાંઈ ફુલોની સેજ નથી હોતી. **નિશાનચૂક માફ પણ નહીં માફ નીચું નિશાન.** ગ્રીક ફિલસુફી પ્રમાણે ખૂબ જ લાંબુ જીવનારું ફિનિક્ષ પંખી પોતાના પૂર્વજના મૃત્યુ બાદ તેની રાખમાંથી જે ફરી પાછું આળસ મરડીને પુનર્જિવિત થાય છે. **જીવનમાં આવેલ set backs બરબાદીઓ - પછડાટથી નાસીપાસ કે હતાશ થઇને બેસી જવાને બદલે અહીં તેને એક જશ્ન - ઉત્સવ મનાવવાની વાત છે.** કેટલો વિધાયક અભિગમ! Real positive approach! સાચે જ હકારાત્મક અભિગમ.

*જો મિલ ગયા ઉસી કો મુક્કદ્દર સમજ લિયા*
*જો ખો ગયા મૈં ઉસકો ભૂલાતા ચલા ગયા*

મનગમતી વસ્તુ મળી જાય તેને સદ્‌ભાગ્ય કહેવાય પણ જો મનચાહી વસ્તુ ન મળે તો મળેલી વસ્તુને જ મનગમતી બનાવી દઈએ તો? જે મળ્યું એમાં જ જો સંતોષ માણતાં માનવી શીખી જાય તો તેને ક્યારેય રડવાનો કે દુઃખી થવાનો પ્રસંગ જ ઊભો નહીં થાય! **જે મળ્યું એ જ આપણું ભાગ્ય! વાહ... વાહ...!! જે ગયું એ આપણું હતું જ નહીં.** એને યાદ કરવાનો શો અર્થ. જે રહ્યું તે જ આપણું નસીબ!

*ગમ ઔર ખુશીમેં ફર્ક ના મહેસુસ હો જહાં*
*મૈં દિલ કો ઉસ મુકામ પે લાતા ચલા ગયા.*

ગીતની અંતિમ કડીઓમાં તો કેટલી બધી ઊંચી વાત કરી દીધી છે. દર્શનશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન કે પછી ફિલસૂફીના શિખર સમાન **સુખ અને દુઃખ વચ્ચે કે પછી ગમ અથવા ખુશીમાં કોઈ ફરક જ મહેસુસ ન થતો હોય એવા મુકામ ઉપર જીવનને લઇ જવાની વાત કરી છે.** કવિએ સાચું જ કહ્યું છે ને કે, સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડીઆ. ટાળ્યા તે નવ ટળે, રઘુનાથના જડીઆ. સુખ કે દુઃખને આપણે મનમાં ન લાવીએ. એ તો જીવનની સાથે જ નિર્માણ પામ્યા છે. એ કોઈના ટાળ્યા ટળતા નથી. એ તો ઈશ્વરના દીધેલા આશીર્વાદ જેવા હોય છે.

સાચે જ, જીવનની ફિલસૂફી દર્શાવતું આ એક સદાબહાર ગીત છે.

LIVE LIFE LIKE KING SIZE...!!!
જીવો તો રાજાની જેમ જીવો....!!!!

*જાદવજી કાનજી વોરા*
*૨૦૪, બી.પી.એસ. પ્લાઝા, દેવીદયાલ રોડ,*
*મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*
*મો. ૯૮૬૯૨ ૦૦૦૪૬*

*પાણીની સપાટી ઉપર પેદા થયેલા પરપોટા ભલે ગમે તેટલા સુંદર દેખાય પણ જીવનની નૌકાનો ભાર આ પરપોટા ઉપાડી શકતા નથી.*

# વાંઢો પુત્તર અને બાપાસે કજીઓ

**(કિંમત : એક આનો)**

**(રાગ : મૈયારીરે, સુમહી મુલ બતાવો.)**

*આજથી લગભગ એકસો વર્ષ અગાઉ કચ્છ - ગુંદાલામાં 'રતુ (ભાચ્છા)' નામના એક કચ્છી કવિ થઈ ગયા. તેઓશ્રી જુદા જુદા વિષયો પર કચ્છી કાવ્યો લખવાનો ખૂબ શોખ ધરાવતા હતા. મોટેભાગે કચ્છી ભાષામાં પોતાની રચનાઓ તૈયાર કરીને કચ્છીયતને ઉજાગર કરતા હતા.*

*ઉદાહરણ સ્વરૂપે તેમના વિષયો પરત્વે એક નજર કરીએ... વાંઢો પુત્તર અને બાપાશે કજીઓ, મુંબઈ જો રમખાણ, રતુ ભાચ્છાજો વીઆં, વીરા જો વિભોગ વગેરે. તેઓ કાવ્યો ઉપરાંત કચ્છી કાફી જેવા સાહિત્ય ક્ષેત્રમાં પણ પોતાની કલમ ચલાવતા હતા. તેમની કૃતિઓને સ્થાનિકે તથા મુંબઈમાં વાચકવર્ગ દ્વારા સારો પ્રતિસાદ પ્રાપ્ત થતો હતો.*

*ધ્યાનાકર્ષક બાબત એ છે કે તેઓ પોતાની એક-એક કાવ્ય રચનાઓ અલગ અલગ રીતે ચોપાનિયા પર પ્રિન્ટ કરાવતા હતા. ત્યારબાદ મુંબઈમાં કોઈ ચોક્કસ સ્ટેશન પાસે ઊભા રહીને એક નકલ અર્ધા આના અથવા એક આનાની કિંમતે પ્રતિ શનિવારે જાતે તે ચોપાનિયાની નકલો વહેંચતા હતા. આ પ્રકારના પ્રિન્ટેડ એક કાવ્ય સાથેના એક હજાર પરિપત્રોનું તેઓ નિયમિત રીતે મુંબઈમાં વિતરણ કરતા હતા.*

*નોંધનીય છે કે, તે સમયમાં પણ કચ્છી લોકોને કચ્છી ભાષાના સાહિત્યનો વિશેષ શોખ હતો. લોકો તેમના ચોપાનિયા ખરીદતા હતા અને ઉત્સાહપૂર્વક વાંચતા હતા. એટલું જ નહીં પરંતુ ત્યાર પછીના પ્રકાશનની ઈંતેજારી કરતા હતા.*

*'રતુ (ભાચ્છા)'ના કચ્છી કાવ્યોની કેટલીક અસલ નકલો* ***મુંબઈમાં સ્થિત શ્રી લીલાધર લખમશી વિસરીયા*** *પાસે તેમની લાઈબ્રેરીમાં સંગ્રહ કરેલી છે, જે એક મહત્ત્વની બાબત છે. 'મંગલ મંદિર'ના તાજેતરમાં 'મનોરમ્ય' મથાળા હેઠળ પ્રકાશિત થતા વિવિધ કાવ્યો તરફ પ્રેરાઈને તેમજ 'મંગલ મંદિર' પરિવાર સાથેના અંતરના લગાવના કારણે 'રતુ (ભાચ્છા)'ની કેટલીક અલભ્ય કચ્છી રચનાઓ શ્રી વિસરીયાએ 'મંગલ મંદિર' કાર્યાલયને મોકલાવેલ છે. તે પૈકી એક રચના અત્રે પ્રસ્તુત છે. એકસો વર્ષ અગાઉ લોકો કેવા કેવા વિષય પર કેવું લખાણ કરતા હતા તે જાણવું રસપ્રદ થશે. અન્ય રચનાઓ પણ અનુકૂળતાએ પ્રકાશિત કરીશું. વાચકવર્ગ તેનો યોગ્ય પ્રતિસાદ આપશે તેવી અપેક્ષા છે.*

***– તંત્રી મંડળ***

પુત્તર – મુજા બાપારે કડે પેણાઈને તુ મુંકે,
આઉ ચઈ ચઈ થકોશે હાણે તોકે,
ચરણજીવી અઈઆં તોજો વડોરે,
દાઢી મુછ કઢે શામુ ઊભોરે. મુજા બાપારે ૧

બાપા – મુજા પુત્તર રે તોલા વિચાર કરીઆંતો,
વગર નાણે કન્યા ન્યારીઆંતો,
સગપણ તોજેજી ત્રેવડ રખાંતો રે,
કાર-શારી ઘરમેં ન દશાતો રે. મુજા પુત્તરરે ૨

પુત્તર – મુજા બાપા રે મુંબઈમેં પ્યો આય નાણું
હાણે સગપણજો વનાય મ તું ટાણું,
મુકે લાડી પેણેજી વડી હોશરે,
હાણે જેડી તેડી ગરમે જોશરે. મુજા બાપારે ૩

બાપા – મુજા પુત્તરરે તકડ કરીએં તો ભારી,
સગપણ તોજેજી કરીઆંતો તૈયારી,
પાંજી લક્ષ્મી વદી થઈ આય બાઈરે,
વડી ત્રેવડસે કરીઆંતો સગાઈ રે.મુજા પુત્તરરે ૪

પુત્તર – મુજા બાપારે ખોટેં વિચારેંતે રેતો,
નરીઆ વરીઆ પારકા તું તકેં તો
તુ અશાજો ભલો ન ઇચ્છે તોં રે,
ખોટા મુછા બધે વચરેં તોરે. મુજા બાપારે ૫

બાપા – મુજા પુત્તરરે લજ મુંભઈમેં વધાર,
પોય - સગપણજો કરીઆં વિચાર,
મા-પે કન્યાજા કરીએતાં વિચારરે,
તેકે ખપે વડો ને શાહુકાર રે. મુજા પુત્તરરે ૬

પુત્તર – મુજા બાપારે છડ તોજા તું વિચાર,
નકાં કઢધાંશી ઘરનું બાર,
મનજો દઠો અશી કઈધાંશી રે,
સ્નેહ લગ્નજી હોંશ રખધાંશી રે. મુજા બાપારે ૭

બાપા – મુજા પુત્તર રે સામુ હાણે તુ ગોંગેંતો,
અશાજી લજતે નજર તું રખેં તો,
રતુ ચેતો કડજુગજી હેડી બાજી રે,
મણીકે રખો મનશે રાજી રાજી રે. મુજા પુત્તરરે ૮

***– રતુ (ભાચ્છા)***

***જ્યાં સુધી મુશ્કેલી નથી આવતી ત્યાં સુધી શક્તિનું સાચું માપ નીકળી શકતું નથી. ઘણા એવો ફાંકો રાખતા હોય છે કે વ્યવસ્થા અને વહીવટમાં મને કોઈ પહોંચી ન શકે પણ તેઓનો ઘમંડ વધુ ટકતો નથી. પોતાની જાત વિષે વધુ પડતું માની બેસવું તે જરા વધુ પડતી મૂર્ખાઈ જેવું છે.***

## અંતર વરસે અનરાધાર

આજે આ મેહુલીયો
મન મૂકીને એવો તો
વરસે
તરબતર થઈ આ ધરતી
જે કેટલાય વખથી એક બુંદ માટે
તરસે
**આજે લાગી છે હોડ બંનેની**
**એક તો વાદલડી અને એક**
**આંખલડી**
**જોઈએ કોણ વધારે જળ**
**વરસાવીને એકબીજાની હરીફાઈ કરશે**
અંતરમાં ઉઠતા અનરાધાર યાદોના
આ પૂરથી લાગે છે કે નયણાં મારા
જીતશે
ભીંજાવું ગમે મને વરસાદની ધારે
જે મારા અશ્રુ સંગ એકાકાર થઈ એને
છુપાવે
પ્રભુ કૃપા જો કંઈક આવી જ રીતે
મારા જીવન પર પણ અવિરત
વરસે
તૃપ્ત થઈ જાઉં હું પણ
આ ધરતીની માફક તો મારો જીવનફેરો
ફળશે.

*સુનિતા એ. શાહ - અમદાવાદ.*
*મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩*

## રસ્તો કપાતો જાય છે...

ચાલ્યા કરે છે પાટા તો રસ્તો કપાતો જાય છે,
તારી કરુણા થાય તો રસ્તો કપાતો જાય છે.

ટોપી નથી પહેરી અને ના પાઘ બાંધી તાપમાં,
માથે છે તારી છાંય તો રસ્તો કપાતો જાય છે.

મૂંગા બીચારા હોઠને વાણી કશી સુઝતી નથી,
અંતર કશુંક જો ગાય તો રસ્તો કપાતો જાય છે.

આંખમાં આંજી અમી તું પ્રેમથી અમને જુવે,
તળિયે બળે જો લહાય તો રસ્તો કપાતો જાય છે.

કાચના વાસણ મહીં તું ગોળ ભાંગી ના શકે,
આડો ઊભો કતરાય તો રસ્તો કપાતો જાય છે.

*રણછોડ વી. પરમાર*
*૧૬૭૮/૨, સેક્ટર-૨ડી, ગાંધીનગર. મો. ૯૪૨૯૯ ૬૭૧૭૯*

## ખૂબ ખૂબ ઇશ્વર આભાર તારો

***દેનારાનો તો દોસ્ત એમાં જરા જેટલો દોષ નથી***
***પ્રભુએ આપ્યું છે પુષ્કળ પણ માણસને સંતોષ નથી.***

★

છે તારા અવનિ પર અનેક ઉપકારો,
ખૂબ ખૂબ ઈશ્વર આભાર તારો.
મળી રહે છે પક્ષીને ચણ પશુને ચારો,
ખૂબ ખૂબ ઈશ્વર આભાર તારો.
બળ ને બુધ્ધિ આપી રિધ્ધિ ને સિધ્ધિ આપી,
**સુખ ને સમૃધ્ધિ આપી**
**આવ્યો ના કદીએ કંઈ માંગવાનો વારો,**
**ખૂબ ખૂબ ઇશ્વર આભાર તારો.**
દુનિયામાં દુર્લભ એવું દરેકને લોહી દીધું,
બદલામાં કંઈ જ ન લીધું
તું આલમને અનન્ય કરનારો,
ખૂબ ખૂબ ઈશ્વર આભાર તારો.
પાપીઓને તો તેં કર્યા પાયમાલ,
ને માયાળુઓને કર્યા માલામાલ,
છે તારી પાસે સંપૂર્ણ સઘળા ઉપચારો,
ખૂબ ખૂબ ઈશ્વર આભાર તારો.
'ભેગા' કરવામાં ભાંગી પડી કરોડરજ્જુ
તોય જોઈએ છે એને 'કરોડ હજુ,'
બોલીયે નથી શકતો બદનસીબ બિચારો,
(કે) ખૂબ ખૂબ ઈશ્વર આભાર તારો.
પ્રશંસાને પચાવી લીધી છે ને -
બરબાદીથી જાતને બચાવી લીધી છે
જીવન સાદું ને મળ્યા ઉચ્ચ વિચારો,
ખૂબ ખૂબ ઈશ્વર આભાર તારો.
છે સમજ ને સંસ્કાર દુનિયામાં,
મોટામાં મોટો 'ઓસ્કાર' "સોમૈયા"
સાંપડ્યા છે કેવા કેવા સુવિચારો,
ખૂબ ખૂબ ઈશ્વર આભાર તારો.

*અરવિંદ સોમૈયા*
*જલારામ સ્વીટ માર્ટ, નખત્રાણા, કચ્છ*
*મો. ૯૯૧૩૪૦૪૦૪૪*

*ઘણા માણસો એવા જોવામાં આવે છે કે જેઓ કામ ઓછું કરતા હોય છે અને પોતે ઘણું કામ કરી રહ્યા છે એવી જાતનો ઢંઢેરો પીટતા જોવામાં આવે છે. આવી મનોવૃત્તિવાળા માણસો જીવનમાં જલદી સફળતા પ્રાપ્ત કરી શકતા નથી અને એક ઠેકાણે કદી લાંબો સમય ટકી શકતા નથી.*

## મૈં હી નહીં

કહીં રાહ છૂટે, કહીં રાહી છૂટે,
કહીં રાહબર હી દેખો ભટક ગયે;
કહીં શાખ તૂટી, કહીં ગુલ તૂટે,
કહીં બહારેં - બાગબાં બીગડ ગયે.

કહીં બાદલ નહીં, કહીં બરખા નહીં,
કહીં જલકી પ્યાસ અનબુઝ રહી;
કહીં સૂકા પડા, કહીં અકાલ પડા,
કહીં દુષ્કાલ માનવતાકા હી પડા.

કહીં યે ભી નહીં, કહીં વો ભી નહીં,
કહીં ક્યા ક્યા ચાહા, કુછ ભી નહીં;
કહીં મૈં ભી નહીં, કહીં તુ ભી નહીં,
કહીં મૈં-મૈં ભરા, કહીં મૈં હી નહીં.

*'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩*

## લગ્ન એટલે...

લગ્ન એટલે
એકબીજાની પસંદગી સમયના ચક્ર પર
આ પસંદગી છે વર્ષોના બંધનની આરપાર.

લગ્ન એટલે
માપીને-જોખીને કરેલા વિચારો નહીં
ત્વચા સાથેની અનુભૂતિ એકાકાર.

લગ્ન એટલે
બંધારણે બક્ષેલા અધિકાર - આગ્રહ નહીં
પરસ્પરની સમજણનો સ્વીકાર.
લગ્ન એટલે
આંખમાં થીજી ગયેલા સપનાં નહીં
શ્વાસે શ્વાસે વાસ્તવનો ધબકાર.

લગ્ન એટલે
સત્તા - સંપત્તિ - સર્વસ્વનું ગુમાન નહીં
અહર્નિશ આનંદનું અસ્તિત્વ.

લગ્ન એટલે
વિગત વહી જતું સૌંદર્ય નહીં
ત્રિકાલથી પર પ્રસન્ન શાણપણ.

લગ્ન એટલે
અંતઃકરણ, મન-બુદ્ધિ-રાજ્ય નહીં
આત્મા સાથે આત્મનું એકત્વ, સમત્વ.

*પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર 'શાંત' - વડોદરા*
*પૂર્વ નિયામક, લોકભારતી*
*મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦*

## કચ્છ જી કમાલ

*કડેંક 'નીરો' ડુક્કાર, કડેંક સુકો ડુકાર*
*તો ય મનમેં ઉમંગ ને તનમેં તાકાત*
*એળી, મુંજે ત કચ્છડે જી કેળી કમાલ!!*
*હકડે મુલ્લેજી બાંગ, હકડી ખેડૂ જી ડાંગ,*
*હકડે ઘૂવડજી ઘૂઘ, હકડે હોલે જી હુક,*
*કતેક 'મોર' જી ટહુંક, કતેક કોયલ જી કૂક!*
*હકડે 'સૂરખાબ'જી પખ, હકડી સમરી જી અખ!*
*કડાંક ઢોલ જી ઢબૂક, કડાંક તબલે જી તાલ*
*એળે મુંજે ત કચ્છડે જી કેળી કમાલ!!*
*પગલે પગલે જડા 'પાળીયા' પૂજાજેં*
*'મઢવાળી મા' ભક્તે કે ડેસીને હરખાજે*
*ભદ્રેસર જે 'દેરાસર'જી કારીગરી વખણાજે*
*'નારાયણ કોટેશ્વર' જેડાં જાત્રા જા ધામ*
*મેણીજા કૂલદેવી ને કૂલદેવતા કરીયેં રખવાડ - એળી મુંજે*
*ગઢ મેં દીવડે જી આરતી ઉતરાય,*
*હુ કારો ડુંગર ને હમીરસર તરા,*
*બોંતેર જખ જડાં ખૂબ જ સોહાય,*
*રામદેવપીર, હાજીપીર ને જેસલ-તોરલ કે સો સો સલામ*
*દરિયા દેવજી 'દેગ' સાધુ સંતેજી 'ભેખ'*
*સારા બંદર ને વહાણ વટેજી ભેટ*
*ગઢ કાંગરા! મહેલ હવેલી ને વાય*
*જડા પુરાતન તત્ત્વ ઐં અપરંપાર*
*હનજા 'દાઢ'મેં રૈ વને એડા 'પકવાન'... એળે મુંજે*
*હુ બન્નીજા ભૂંગા ને બાંધણી જા ધાગા*
*જવાર બાજરીજા ડુંડા ને સુપ બેયા સુંઢા*
*હુડાજા 'રાયણ' લીયાર ને કંગણી બેયા ઘોઘા*
*હુડાજા નિર્મળ નીર ને નિર્ભેળ 'હવા',*
*તોય પરયા ભજેંતા ઘણે કચ્છ સે કોલા?*
*સતત સતાય તો મુકે ઈ જ સવાલ*
*એળે મુંજે કચ્છડે જી કેળી કમાલ!!*

*કમલાબેન અશ્વિન ચંદન 'કપીલા'*

## પરિવર્તન

અતિ તપ્ત દગ્ધ પ્રખર આદિત્ય રાતની આગોશે સરી જતો,
લઈ નીંદ મદહોશી ભરી એ, કુમાશ લઈ ફરી ઊગી જતો.

ફૂલ-પાન પણ આ પાનખરે ત્રાસીને જાણે વળી ખરી જતાં,
પણ વસંત કેરી મીઠી બંસરી બાજે ત્યાં એ ખીલખીલી જતા.

રહી દુનિયામાં 'આરસી'ની દુનિયાદારીથી કદી એ ઉબી જતો,
કાવ્ય, કથા, કલા, કુદરત - કેરા સાનિધ્યે એ મુગ્ધ બની જતો.

*'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩*

## NanoNine® શબ્દ રમત-૧૫૫

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | ■ | ૬ | ■ |
| | ■ | ૭ | | ■ | ૮ | | ■ | ૯ | ૧૦ | | |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | ■ | ■ | ૧૪ | | | ■ |
| ■ | | ■ | ૧૫ | | ■ | ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | ૧૯ |
| ૨૦ | | | ■ | ૨૧ | ૨૨ | ૨૨A | | ■ | ૨૩ | ■ | |
| ૨૪ | | ■ | ૨૫ | ■ | | ■ | ૨૬ | ■ | ૨૭ | ૨૮ | |
| | ■ | ૨૯ | | ૩૦ | ■ | ૩૧ | | ૩૨ | ■ | | ■ |
| ૩૩ | | | ■ | ૩૪ | | | ■ | | ■ | | ■ |
| | ■ | ૩૫ | | | ■ | ૩૬ | ૩૭ | | ■ | ૩૮ | |
| ■ | ૩૯ | ■ | ■ | ■ | ૪૦ | ■ | ૪૧ | | ■ | ■ | ■ |
| ૪૨ | | | ૪૩ | ૪૪ | ૪૫ | ■ | ■ | ૪૬ | | ૪૭ | ૪૮ |
| | ■ | ■ | ■ | ૪૯ | | | ૫૦ | | ■ | ૫૧ | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૯-૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. દ્રષ્ટાંત, દાખલો (૫)
૨. મૃગ, ચિંકારું, ઉપાડી જવું તે (૩)
૩. રેતી કે યુધ્ધનું મેદાન (૨)
૪. ઊંચા કુળનું, ઇમાનદાર, પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન (૩)
૭. મુસાફરીનું એક વાહન (૨)
૮. લોટ બાંધવામાં વપરાતું ચીકટ (૨)
૯. કાલાવાલા (૪)
૧૧. પગની કણી, આંટણ (૩)
૧૩. રોગ જાણી દવા કરનાર (૨)
૧૪. નરમ સ્વભાવનું, ભલું, સરળ (૩)
૧૫. ઇચ્છા, ઉમેદ, અભિલાષા (૨)
૧૬. નવનીત, મસકો (૩)
૧૮. છળ, કપટ, વિશ્વાસઘાત (૨)
૨૦. નાનો અરીસો (૩)
૨૧. યુક્તિ - પ્રયુક્તિથી કામ સાધી લેવાની તજવીજ (૪)
૨૨એ. વસ્ત્ર, પડદો, નદીની પહોળાઈ, વિસ્તાર (૨)
૨૪. છિદ્ર, શાર (૨)
૨૭. જળચર પ્રાણી, મચ્છ, મીન (૩)
૨૯. ચહેરો, મુખાકૃતિ (૩)
૩૧. માલગાડીનો ડબ્બો (અં) (૩)
૩૩. વરસે-વરસે આવતું (૩)
૩૪. પાવતી, પહોંચ, રીસીપ્ટ (૩)
૩૫. રૂચિ કરાવે તેવું, ગમતું (૩)
૩૬. સરદાર, આગેવાન, લીડર (૩)
૩૮. હિંદુ મહિનાનો દિવસ, મિતિ (૨)
૪૧. બળતરા, અગન (૨)
૪૨. સોનાનો ચંદ્રક (૬)
૪૩. ચંદ્રક, ચાંદ, સિક્કો (૩)
૪૬. જવાબ આપી ન શકાય તેવું, અવર્ણનીય, અદ્વિતીય, અનુપમ (૩)
૪૯. દયાળુ, રહેમદિલ (૫)
૫૦. હૃદય, મન, ચિત્ત (૨)
૫૧. રીસાવું તે, રોષ, ગુસ્સો (૨)

### ઊભી ચાવીઓ

૧. ઊધડું, ભાવતાલ કે વજન કર્યા વિના એમનું એમ આપેલું (૩)
૨. આફ્રિકાનો વતની (૩)
૩. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૪. ભીંડીની જાતનો એક છોડ, કંતાન બને તે છોડ (૨)
૫. કોઈ પણ ફરસી વાની, નમકીન (૪)
૬. નવરાશ, અવકાશ (૪)
૮. મોદિયું, મોટી ચાદર, આનંદ (૨)
૧૦. માછલા પકડવાનો અંકોડો, ગર, માવો (૨)
૧૨. નીચે પાથરવા માટેનું જાડું કપડું, શેતરંજી, જાજમ (૪)
૧૩. વિક્રમ સંવતનો સાતમો મહિનો (૩)
૧૬. લંબાઈ-પહોળાઈ-વજન વગેરેનું પ્રમાણ (૨)
૧૭. કજિયો, અણબનાવ (૪)
૧૯. નાનો ગોટલો, ગોટલાની અંદરની મીંજ (૩)
૨૦. દેવવાણી, રેડિયોની વાણી (૫)
૨૨. આશરે ૫૬ મણનું અંગ્રેજી વજન (૨)
૨૩. તિબેટના વડા બૌધ્ધ આચાર્ય (૨)
૨૫. ઘાંટો, બૂમ, અવાજ (૨)
૨૬. મોહ, મમતા, લાલ રંગ, અવાજ, સૂર (૨)
૨૮. રાજા, શહેનશાહ, _____ શિવાજી (૪)
૨૯. વેચાણનું નાણું (૩)
૩૦. દોજખ, સ્વર્ગનું વિરોધી (૩)
૩૧. પીડા, કષ્ટ, દુ:ખ દર્દ (૩)
૩૨. અમિતાભ બચ્ચન, સ્મિતા પાટીલ અને શશી કપૂરનું પિક્ચર (૬)
૩૩. સરસ્વતી, વચન, વાચા (૨)
૩૭. જ્યારે (૨)
૩૯. બાઈબલ પ્રમાણે સૌપ્રથમ સ્ત્રી, આદમની જોડિયણ (૨)
૪૦. મગરમચ્છ, દસમી રાશિ (૩)
૪૨. મદિરા, શરાબ, દારૂ (૨)
૪૪. દિવસ (૨)
૪૫. હાથ, વેરો, જકાત (૨)
૪૬. રાતો રંગ, છેલ, રંગીલો બાંકો સુપુત્ર (૨)
૪૭. ક્રમ, પાળી, બદલો લેવાનો અવસર (૨)
૪૮. પૂરતું, એક વાહન (૨)

*યાદ રાખજો : મા-બાપને પારકાના ત્રાસ કરતા દીકરાઓના ત્રાસ વધુ પીડા આપે છે.*

## NanoNine® શબ્દ રમત-૧૫૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખો | દ | ણી | ■ | સા | હ | સિ | ક | ■ | અ | બી | લ |
| રા | મ | ■ | ત્યા | ગ | ■ | લ | લા | ટ | ■ | ક | ■ |
| ક | ■ | હ | ■ | ર | જ | ક | ■ | ■ | ક | ણ | કી |
| ■ | ભે | જ | ■ | ખે | લ | ■ | તા | કો | ■ | ■ | ચ |
| પ | ■ | ■ | પાં | ડુ | ■ | વા | લ | ■ | ■ | તા | ડ |
| મ | હા | રા | જ | ■ | ધ | ર | પ | ત | ■ | મ્ર | ■ |
| રા | જી | ■ | રા | વ | ણ | ■ | ત્રી | જ | ■ | ■ | સા |
| ટ | ■ | બ | પો | ર | ■ | શ્રી | ■ | જ્ઞ | ■ | જો | ■ |
| ■ | ■ | ચ | ળ | ■ | દ્વિ | ■ | પ | ■ | મ | હુ | ડી |
| સા | ક | ર | ■ | ઝા | ■ | અ | ક્ષ | ■ | હા | ક | ■ |
| જ | લ | વા | ■ | ક | લ્પ | ના | ■ | ■ | વ | મ | ળ |
| ન | ■ | ળ | ■ | ળ | ■ | દિ | વં | ગ | ત | ■ | ■ |

*માસ જુલાઈ-૨૦૧૯ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૫૩ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૩. દમયંતી દંડ – અમદાવાદ
૪. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૫. ચંદ્રા શાહ – અમદાવાદ
૬. મધુરી ડાઘા – અમદાવાદ
૭. શીતલ શાહ – અમદાવાદ
૮. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૯. પ્રતિમા શાહ – અમદાવાદ
૧૦. પરાગ સોની – અમદાવાદ
૧૧. ચંદુભાઈ કુબડિયા – અમદાવાદ
૧૨. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૩. રંજન શાહ – અમદાવાદ
૧૪. શીતલ મહેતા – અમદાવાદ
૧૫. વર્ષા પારેખ – અમદાવાદ
૧૬. સ્મિતા શાહ – અમદાવાદ
૧૭. પ્રવીણ દંડ – અમદાવાદ
૧૮. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૧૯. ચેતના વોરા – અમદાવાદ
૨૦. કુસુમ ત્રેવાડિયા – અમદાવાદ
૨૧. ઝરણા પારેખ – અમદાવાદ
૨૨. પ્રિયંકા શાહ – અમદાવાદ
૨૩. રાજકુમારી શાહ – અમદાવાદ
૨૪. જયેશ પરમાર – અમદાવાદ
૨૫. અનસુયા પવાણી – ગાંધીધામ
૨૬. ફાલ્ગુની શાહ – આદિપુર
૨૭. પ્રભા શેઠિયા – વલસાડ
૨૮. હસમુખ દેઢિયા – અડાલજ
૨૯. સરોજ ચંદુરા – સુરત
૩૦. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૩૧. આશા શાહ – ભુજ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી સરનામું પૂરેપૂરું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

૧. પરાગ સોની – અમદાવાદ
૨. જયેશ પરમાર – અમદાવાદ
૩. ફાલ્ગુની શાહ – આદિપુર

## NanoNine *Sudoku*

*જૂલાઈ-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૧૧ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. મહેન્દ્ર સંઘવી – અમદાવાદ
૨. અવંતી દંડ – અમદાવાદ
૩. સ્મિતા શાહ – અમદાવાદ
૪. ચંદ્રા શાહ – અમદાવાદ
૫. ધર્મિલ પટવા – અમદાવાદ
૬. મીત ગોસર – અમદાવાદ
૭. કવિતા ગોસર – અમદાવાદ
૮. કુંજલ ગોસર – અમદાવાદ
૯. પ્રતિમા શાહ – અમદાવાદ
૧૦. દક્ષા મકવાણા – અમદાવાદ
૧૧. ચંદુભાઈ કુબડિયા – અમદાવાદ
૧૨. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૩. નયના ગોગરી – અમદાવાદ
૧૪. જ્યોત્સના ગોગરી – અમદાવાદ
૧૫. અજય રાણા – અમદાવાદ
૧૬. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૧૭. ઉષ્મા શાહ – અમદાવાદ
૧૮. ધરા વોરા – અમદાવાદ
૧૯. ભરત ત્રેવાડિયા – અમદાવાદ
૨૦. ઝરણા પારેખ – અમદાવાદ
૨૧. પ્રિયંકા શાહ – અમદાવાદ
૨૨. તનીષા શાહ – અમદાવાદ
૨૩. સોનલ શાહ – નાગપુર
૨૪. સરોજ ચંદુરા – સુરત
૨૫. યશ પારેખ – સિકંદ્રાબાદ
૨૬. મલય શાહ – ભુજ
૨૭. હેમલતા દેઢિયા – અડાલજ
૨૮. પ્રભા શેઠિયા – વલસાડ
૨૯. મન ગડા – વડોદરા

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી પૂરેપૂરું સરનામું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**વિજેતાઓ :**

(૧) દક્ષા મકવાણા – અમદાવાદ
(૨) અજય રાણા – અમદાવાદ
(૩) તનીષા શાહ – અમદાવાદ

## NanoNine® Sudoku

**જુલાઈ-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૧૧ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**

**જુઓ : પાના નંબર-૪૮**

★ દુ:ખના સમયમાં તમે મહેનત કરેલી, બુદ્ધિ ચલાવેલી અને મગજને સદા સતેજ રાખ્યું હતું. હવે સુખ આવ્યું એટલે એમ ન માની બેસતા કે મહેનત કરવાની જરૂર નથી, મગજનું કંઈ કામ નથી. સિધ્ધિ પ્રાપ્ત થયા પછી બુદ્ધિની ધારને સદા સતેજ રાખવી પડે છે, કારણકે સિદ્ધિ પ્રાપ્ત થયા પછી એને ધૂળધાણી કરી નાખવા માટે અનેક જાતના દુશ્મનો નવા નવા સ્વાંગમાં હાજર થાય છે. પછી આ સિદ્ધિ આધ્યાત્મિક હોય કે પાર્થિવ. સુખના સમયમાં જેની વિવેકબુદ્ધિ ટકી રહે છે તે જ જીવનના અંત સુધી સુગંધ માણી શકે છે.

★ જીવનમાંથી જેને શુભ તત્ત્વો મેળવવાં છે અને પરમ આનંદની ઝાંખી કરવી છે એવો અભ્યાસી પુરુષ દુશ્મનોની સાથે પણ સદા પ્રેમથી વર્તે છે. એ કદી જેમ તેમ બોલી નાખતો નથી. એના શબ્દો તોળાઈને આવે છે અને સામી વ્યક્તિને જરા પણ નુકસાન ન થાય એવી એ મૃદુ ભાષા વાપરે છે.

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૧૩ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૯-૨૦૧૯સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ નવેમ્બર-૨૦૧૯ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૧૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 3 | 4 | | | | |
| 8 | 5 | 6 | | | | 9 | 4 | |
| 4 | | | | | 9 | 1 | 5 | 7 |
| | | | | 6 | | 3 | | 5 |
| | | 4 | 9 | 3 | 7 | 2 | | |
| 9 | | 3 | | 1 | | | | |
| 3 | 8 | 9 | 7 | | | | | 4 |
| | 1 | 5 | | | | 7 | 2 | 8 |
| | | | | 5 | 1 | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | | 1 | | 2 | 8 | | 3 |
| | | 8 | | 5 | | | | 2 |
| | | 5 | 8 | | | | 4 | |
| | 9 | | 2 | | | 5 | | 1 |
| | | 1 | 3 | | 6 | 4 | | |
| 6 | | 7 | | | 5 | | 3 | |
| | 1 | | | | 3 | 7 | | |
| 5 | | | | 4 | | 3 | | |
| 4 | | 3 | 6 | | 9 | | 1 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | 6 | | | 8 | 9 | |
| | 9 | 6 | 2 | 1 | 4 | | | |
| | | 2 | | | | | | 4 |
| 4 | 2 | | | | 5 | | | 1 |
| | 5 | | 4 | | 8 | | 7 | |
| 9 | | | 1 | | | | 4 | 8 |
| 6 | | | | | | 4 | | |
| | | | 5 | 8 | 7 | 3 | 6 | |
| | 8 | 3 | | | 6 | 1 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | 3 | 6 | | | 7 | | |
| | 2 | | | | | 3 | | 6 |
| | 1 | | 9 | 4 | | | | |
| | 8 | 4 | 3 | | 1 | | | 7 |
| 1 | | 5 | | | | 8 | | 4 |
| 9 | | | 5 | | 4 | 1 | 2 | |
| | | | | 5 | 7 | | 3 | |
| 5 | | 1 | | | | | 6 | |
| | | 8 | | | 9 | 5 | | 1 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૧૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 3 | 1 | 4 | 7 | 5 | 9 | 8 | 6 |
| 7 | 8 | 4 | 6 | 9 | 3 | 5 | 1 | 2 |
| 5 | 9 | 6 | 2 | 8 | 1 | 3 | 4 | 7 |
| 4 | 2 | 7 | 1 | 5 | 9 | 6 | 3 | 8 |
| 1 | 5 | 8 | 3 | 6 | 2 | 4 | 7 | 9 |
| 3 | 6 | 9 | 7 | 4 | 8 | 1 | 2 | 5 |
| 9 | 4 | 2 | 8 | 1 | 6 | 7 | 5 | 3 |
| 6 | 7 | 3 | 5 | 2 | 4 | 8 | 9 | 1 |
| 8 | 1 | 5 | 9 | 3 | 7 | 2 | 6 | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 7 | 4 | 8 | 2 | 9 | 6 | 1 |
| 1 | 8 | 2 | 6 | 7 | 9 | 4 | 3 | 5 |
| 6 | 9 | 4 | 5 | 3 | 1 | 8 | 2 | 7 |
| 3 | 2 | 5 | 1 | 9 | 8 | 6 | 7 | 4 |
| 7 | 4 | 1 | 3 | 2 | 6 | 5 | 9 | 8 |
| 9 | 6 | 8 | 7 | 4 | 5 | 3 | 1 | 2 |
| 4 | 1 | 3 | 8 | 6 | 7 | 2 | 5 | 9 |
| 2 | 7 | 6 | 9 | 5 | 4 | 1 | 8 | 3 |
| 8 | 5 | 9 | 2 | 1 | 3 | 7 | 4 | 6 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 9 | 7 | 8 | 5 | 4 | 2 | 3 | 1 |
| 4 | 2 | 1 | 3 | 7 | 9 | 6 | 8 | 5 |
| 3 | 8 | 5 | 2 | 6 | 1 | 4 | 7 | 9 |
| 1 | 3 | 6 | 4 | 9 | 2 | 7 | 5 | 8 |
| 9 | 4 | 8 | 7 | 3 | 5 | 1 | 6 | 2 |
| 5 | 7 | 2 | 1 | 8 | 6 | 3 | 9 | 4 |
| 8 | 6 | 4 | 9 | 1 | 7 | 5 | 2 | 3 |
| 2 | 5 | 3 | 6 | 4 | 8 | 9 | 1 | 7 |
| 7 | 1 | 9 | 5 | 2 | 3 | 8 | 4 | 6 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 4 | 8 | 1 | 7 | 3 | 6 | 9 |
| 3 | 6 | 7 | 9 | 2 | 5 | 4 | 8 | 1 |
| 1 | 8 | 9 | 4 | 6 | 3 | 2 | 7 | 5 |
| 7 | 9 | 1 | 5 | 3 | 8 | 6 | 4 | 2 |
| 8 | 2 | 5 | 6 | 9 | 4 | 7 | 1 | 3 |
| 6 | 4 | 3 | 1 | 7 | 2 | 9 | 5 | 8 |
| 9 | 7 | 8 | 2 | 4 | 1 | 5 | 3 | 6 |
| 5 | 3 | 2 | 7 | 8 | 6 | 1 | 9 | 4 |
| 4 | 1 | 6 | 3 | 5 | 9 | 8 | 2 | 7 |



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંકે સામે રેંતા સે મહુબાપા કે કનજી તકલીફ આય. અનીંકે ભરાભર સુણાજે નતો, સે કનજે ડાગધર ગ્યા વ્યા વા. સે ડાગધર અનીંકે કુરો ચ્યા, જરા તપાસ કરે ને ચો... હવર હાણે ભરાભર ડસાજેંતા.

બચુડો : (તપાસ કરે ને ચેં) મહુબાપા કનજે ડાગધર ગ્યા વીયા વ્યા સે ડાગધર કન તપાસે ને અનીંજે કનમેં મશીન વ્યારે ડેને. હાણે અનીકે મડે ભરોભર સુણાજેતો. મુંકે ચ્યાં, આંઉ મશીનજી ગાલ ઘરમેં કેં કે ચ્યો ન વો. પણ મશીન વજે પુઆ આંઉ ઘરજે મડે જેણે કે ભરાભર ઓળખે વ્યો અઇંયા. હકડે મેણે મેં જ આંઉ ત્રે વાર ત વીલ ભધલાયો. ડૉક્ટરજો ખૂબ ખૂબ આભાર....

## ખિલજા મ ભલા

પત્ની : તમારી સાથે જીવવા કરતા તો મોત આવે તો સારું.

પતિ : મને પણ એવું થાય છે કે તારી સાથે જીવવા કરતાં મરી જાઉં તો સારું.

પત્ની : તમે તમારે મરો... મારે નથી મરવું.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : મેં તો તને જોયા વગર જ લગ્ન કર્યા ને?

પત્ની : મારી હિંમતને દાદ આપો. મેં તો તમને જોયા હતા તો પણ લગ્ન માટે હા પાડી હતી.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : (પત્નીને) જો મને લોટરી લાગે તો તું શું કરે?

પત્ની : હું અડધો ભાગ લઈને હંમેશાં માટે જતી રહું.

પતિ : બહુ સરસ... મને ૫૦ રૂપિયાની લોટરી લાગી છે. લે આ ૨૫/- રૂપિયા અને ચાલતી પકડ...

☺ ☺ ☺ ☺ ☺

પતિ : કાલે રાત્રે સ્વપ્નમાં એક એટલી બધી સુંદર પરી જેવી છોકરી આવી હતી કે હું તેના વખાણ નથી કરી શકતો.

પત્ની : એકલી જ આવી હશે.

પતિ : **હા, એકલી જ હતી. પણ તને ક્યાંથી ખબર?**

પત્ની : **કારણકે એનો પતિ મારા સ્વપ્નમાં આવ્યો હતો.**

☺ ☺ ☺ ☺ ☺

પતિ : પત્નીને છાપુ બતાડતા કહ્યું, જો તો કાર કેવી ઊંધી વળી ગઈ છે?

પત્ની : કાર ઊંધી નથી વળી પણ તમે છાપુ ઊંધું પકડ્યું છે.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : સાંભળ્યું છે કે સ્વર્ગમાં પતિ-પત્નીને સાથે નથી રહેવા દેતા.

પતિ : સાચી વાત છે અને એટલે તો એને સ્વર્ગ કહેવામાં આવે છે.

☺ ☺ ☺ ☺ ☺

મમ્મી : બેટા ચીન્ટુ, તું ખરો છે. આ નવું શર્ટ છે તો પણ એને પલાળીને કેમ પહેરે છે?

ચીન્ટુ : મમ્મી, એના લેબલ પર લખ્યું છે 'વોશ એન્ડ વેર.'

☺ ☺ ☺ ☺ ☺

સોનુ : મને તો આંખ બંધ કરીને પણ દેખાય છે.

મોનુ : ગપ્પા ના માર... એવું તો શું છે જે આંખ બંધ કર્યા પછી પણ દેખાય છે?

સોનુ : અંધારું.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલ આદિત્ય, તું એવા વ્યક્તિને શું કહી શકે જે કશું સાંભળી શકતો નથી.

આદિત્ય : તમે એવી વ્યક્તિને કંઈ પણ કહી શકો કારણકે એ કાંઈ સાંભળવાનો જ નથી.

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર : મનુભાઈ, તમને ટ્રક સાથે અકસ્માત થયો હતો એ વાત ભૂલી જાઓ. હવે તમે સંપૂર્ણ સાજા થઈ ગયા છો. છતાં તમે ગભરાયેલા કેમ લાગો છો?

મનુભાઈ : **સાહેબ, તમે મને સાજો કરી દીધો એ વાત સાચી છે પણ મને જે ટ્રકથી અકસ્માત થયો હતો તેની પાછળ લખ્યું હતું 'ફિર મિલેંગે.'**

☺ ☺ ☺ ☺ ☺

દાંતના ડૉક્ટર : (દર્દીને) ભાઈ, આ હાથ નચાવવાનું અને મોં મચકોડવાનું બંધ કરો. હું હજી તમારા દાંતને અડ્યો પણ નથી.

દર્દી : સાહેબ, દાંતને અડ્યા નથી એ બરાબર, પણ તમે મારા પગના આંગળા ઉપર ઊભા રહીને મને તપાસી રહ્યા છો.

☺ ☺ ☺ ☺ ☺

પ્રકાશક : (લેખકને) તમારા માટે એક સારા અને એક માઠા સમાચાર છે.

લેખક : સારા સમાચાર પહેલા આપો.

પ્રકાશક : ગૌરીને તમારી નવલકથા ખૂબ ગમી ગઈ છે અને એ રીતસર એને આખી પચાવી ગઈ છે.

લેખક : અને માઠા સમાચાર શું છે?

પ્રકાશક : ગૌરી મારી ગાયનું નામ છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **કચ્છમાં મેઘરાજા પહોંચ્યા :** અષાઢ (જુલાઈ)માં લાંબો સમય રાહ જોવડાવ્યા બાદ 'મંઢા મીં'ની સવારી કચ્છના દ્વારે ટકોરા મારવા આવી પહોંચી હતી. આના કારણે ધખતા કચ્છને ગરમીથી રાહત મળી છે. જ્યાં જ્યાં વરસાદ પડ્યો ત્યાંના ખેડૂતોના ચહેરા પર આનંદની છોળો ઊભરી આવી છે.

★ **તેરા તુજકો અર્પણ :** સમસ્ત જૈન સમાજ - માધાપર પ્રેરિત અને વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન યુવક મંડળ સંચાલિત "તેરા તુજકો અર્પણ" ગૌ સેવા અભિયાનની સફળતા બાદ સમગ્ર કચ્છ જિલ્લામાં વૃક્ષમિત્ર અભિયાન, જન શક્તિ અભિયાન હિતેશભાઈ ખંડોરની પ્રેરણાથી કચ્છમિત્રના સંયુક્ત ઉપક્રમે આયોજન કરાયું છે. આ યોજના અંતર્ગત મોબાઈલ એપના ઉપયોગથી સમગ્ર કચ્છ જિલ્લામાં વૃક્ષારોપણ તથા જળ શક્તિ અભિયાન અંતર્ગત બિન ઉપયોગી બોરવેલના રીચાર્જ, કેમ્પસ વોટર હાર્વેસ્ટિંગ, તળાવનું ખાણેત્રુ જેવા અનેક કાર્યોનું આ યોજના હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું.

★ **કીચડિયો પક્ષી પ્રથમ વાર દેખાયું :** હાલે રતનાલમાં સુરખાબે પોતાની વસાહત ઊભી કરી છે. આ વસાહતના ફોટા લેતા પક્ષી ફોટોગ્રાફર સુમન પારેખને સાવ ટચુકડું લાગતું અને લાંબા પગ ધરાવતું પક્ષી જોવામાં આવ્યું. જેના ફોટાનો અભ્યાસ કરતાં જણાયું કે આ લાંબા પગવાળો કીચડિયો પક્ષી છે. જે કચ્છના ઈતિહાસમાં પ્રથમ વખત દેખાયું છે.

★ **વિધાનસભામાં નર્મદા પાણી અંગે કચ્છની રજૂઆત :** ભુજ વિભાગના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય દ્વારા ગુજરાત રાજ્યની વિધાનસભામાં નર્મદા પાણી અંગે કચ્છમાં થઈ રહેલા વિલંબ અને વધારાના પાણી અંગે થઈ રહેલા અન્યાય અંગે પ્રશ્ન અસરકારક રીતે ઉઠાવવામાં આવ્યો હતો. કચ્છ માટે નર્મદા પાણી અંગે તેમણે જણાવ્યું હતું કે નર્મદાનું પાણી કચ્છ માટેનો એકમાત્ર વિકલ્પ છે. કચ્છ શાખા નહેરનું ફક્ત ૧૭-૧૮ કિ.મી.ના બાકી રહેલા કામને આગળ ધપાવવા પણ તેમણે રજૂઆત કરી હતી.

★ **ભુજના વિદ્યાર્થીની સિદ્ધિ :** ભુજનો વિદ્યાર્થી નૈમિષ રાવલ કે જે કેન્દ્રિય વિદ્યાલય નં.-૨ માં ૮મા ધોરણમાં અભ્યાસ કરે છે તે સતત ત્રીજા વર્ષે ટેનિસ ટુર્નામેન્ટમાં ગુજરાતના કેપ્ટન તરીકે પોતાની ફરજ બજાવશે. આ સિધ્ધિ તેણે સતત ત્રીજા વરસે પણ જાળવી રાખી છે.

★ **ગુજરાત નગર પાલિકામાં ઉપપ્રમુખપદે કચ્છી :** તાજેતરમાં ગાંધીનગર ખાતે મળેલ ગુજરાત રાજ્ય નગરપાલિકા પરિષદની કારોબારી બેઠકમાં અંજારના માજી નગરપતિ વસંતભાઈ કોડરાણીની પરિષદના ઉપપ્રમુખ તરીકે વર્ષ ૨૦૧૯-૨૦૨૨ સુધી નિમણૂંક કરવામાં આવી છે. આમ આ સંસ્થામાં કચ્છીની થયેલ નિયુક્તિ ગૌરવ અપાવે છે.

★ **ભુજનો છાત્ર બેંગ્લોર - આઈ.આઈ.એસ.સી. પ્રવેશ :** કચ્છમાં શિક્ષણનું સ્તર નબળું છે તેવી માન્યતાને પડકારતા ભુજ કચ્છના ૨૧ વર્ષીય તેજસ્વી છાત્ર પૂજને વિશ્વની બીજા ક્રમની શ્રેષ્ઠ સંશોધન સંસ્થામાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સીઝ (આઈ.આઈ.એસ.સી.)માં ગુજરાત રાજ્યમાંથી એકમાત્ર પ્રવેશ મેળવી કચ્છનું ગૌરવ વધાર્યું છે.

★ **કચ્છ માંડવીથી દીવ સુધી વોલ્વો બસ શરૂ :** ગુજરાત રાજ્ય એસ.ટી. નિગમ દ્વારા પ્રવાસીઓની સુવિધા અર્થે કચ્છ માંડવીથી દીવ જવા માટે વોલ્વો બસ શરૂ કરી છે.

★ **ઘેઘૂર વૃક્ષ રસ્તા માટે કપાયા :** પર્યાવરણ અને વૃક્ષ વાવેતરના બણગા ફૂંકનાર સરકારી તંત્રે ભુજ - માંડવી વચ્ચે આવેલ ઘેઘૂર વડના વૃક્ષોનું નિકંદન કાઢ્યા બાદ તેનું વાવેતર વનખાતા તરફથી સાબરકાંઠામાં કરવામાં આવ્યું.

★ **કચ્છી યુવાન મલેશિયાનો બ્રાન્ડ ટુરિઝમ :** મલેશિયા ખાતે તાજેતરમાં યોજાયેલી મિસ્ટર એન્ડ મિસિસ ટુરિઝમ એમ્બેસેડર યુનિવર્સ ૨૦૧૯માં ૨૬ દેશોના યુવાનોએ ભાગ લીધેલ. જેમાં ભારત વતી મૂળ ગામ પત્રી, તા. મુંદ્રાના વતની અને હાલે કાંદિવલી મુંબઈ ખાતે રહેતા ધવલ જગદીશ આચાર્યએ મલેશિયામાં મિસ્ટર ટુરિઝમ એમ્બેસેડરનો પ્રથમ રનર્સઅપનો ખિતાબ જીતી ભારતનું નામ રોશન કર્યું છે.

★ **કચ્છનો નમક ઉદ્યોગ મંદીના ઘેરામાં :** છેલ્લા કેટલાય સમય થયા સમગ્ર દેશમાં પ્રથમ નંબરે આવેલ કચ્છના નમક ઉદ્યોગમાં મંદીની અસર જોવા મળે છે. વિશ્વમાં

માલની ખપતમાં કાપ આવવાથી નિકાસ ઉપર અસર પડી છે. ઉત્પન્ન થતા ઈન્ડસ્ટ્રિયલ નમકની માંગ ચીનમાં ઓછી થતાં માલનો ભરાવો થઈ ગયો છે. ઉપરાંત પરિવહન ભાડામાં પણ વધારો થયો છે. આ બધા કારણે કચ્છના નમક ઉદ્યોગમાં મંદી વર્તાઈ રહી છે.

★ **ભુજના લોહાણા સમાજના વૃધ્ધાશ્રમ માટે સવા કરોડનું દાન :** તાજેતરમાં લોહાણા મહાજનના પ્રમુખ કિરણભાઈ ગણાત્રાના અધ્યક્ષપદે એક સભાનું આયોજન થયું હતું. જેમાં જ્ઞાતિજનોએ વૃધ્ધજનો માટે ચિંતા સેવી હતી અને તેમની દેખરેખ માટે એક વૃધ્ધાશ્રમ બનાવવા અંગે ભાર મૂક્યો હતો. તેના પ્રતિસાદ સ્વરૂપે ભુજની પ્રિન્સ હોટલવાળા ભાનુભાઈ લાલજી પલણ દ્વારા પોતાના તરફથી આ યોજના માટે રૂપિયા એક કરોડ પચ્ચીસ લાખના માતબર રકમના દાનની જાહેરાત કરવામાં આવી હતી.

★ **ભુજની મહિલાને શ્રેષ્ઠ ઉદ્યોગ સાહસિક એવોર્ડ :** ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશન દ્વારા યોજીત વાઈબ્રન્ટ સમિટ અને ઍવોર્ડ સમારોહમાં મૂળ ભુજના તથા હાલે વડોદરા રહેતા અને ઑફિસ ધરાવતા બિંદિયા સંજય શાહને રાજ્યના નાયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલના હસ્તે ગુજરાતના શ્રેષ્ઠ મહિલા ઉદ્યોગ સાહસિક તરીકેનો ઍવોર્ડ વડોદરા અને અમદાવાદના અત્યાધુનિક બસ ટર્મિનલ જેવા અનેક નિર્માણ કાર્યોમાં ચાવીરૂપ ભૂમિકા ભજવવા માટે ઍવોર્ડ અર્પિત કરવામાં આવ્યો હતો. ઉપરાંત તેમની કંપની ક્યુબ કન્સ્ટ્રક્શન દ્વારા વડોદરા આજવા ગાર્ડનમાં ડિઝનીલેન્ડ જેવા થીમ પાર્કના નિર્માણ બદલ કંપનીના એમ.ડી. સંજય શાહને પણ ઍવોર્ડથી સન્માનિત કરાયા હતા.

★ **પાણીના ઉકેલ માટે સરકાર તૈયાર :** કચ્છના પીવાના પાણી પ્રશ્ન માટે ગુજરાત કોંગ્રેસના માજી ઉપપ્રમુખ આદમભાઈ ચાકી દ્વારા પી.આઈ.એલ. દાખલ કરાતા ગુજરાત હાઈકોર્ટમાં ગુજરાત સરકારના વકીલે એવી ખાતરી આપી હતી કે કચ્છના દસે દસ તાલુકા અને શહેરોમાં પાણીના પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા માટે તૈયાર છીએ. જે માટે કચ્છને દરરોજ કઈ રીતે પાણી પહોંચાડાશે તેની રૂપરેખા તરતમાં નક્કી કરવામાં આવશે.

★ **અધધધ દાડમનો પાક :** કચ્છના પાટીદારોની વસતીવાળા નખત્રાણા તાલુકાના ભાઈઓએ ૧૨ એકર ડુંગરાળ જમીનમાં કરેલ દાડમની વાવણી સફળ થતાં લગભગ એકસો ટનનો દાડમનો પાક ઉતર્યો છે. આ રીતે ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં દાડમના પાકના ઉતારામાં મોખરાનું સ્થાન મેળવ્યું છે.

★ **સરહદે જવાનોને કચ્છી મેવો અર્પણ :** કચ્છ જિલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા કચ્છ સરહદે રખોપું કરતા ભારતીય જવાનોને કચ્છનો મીઠો માવો, કચ્છી ખારેકની પેટીઓ અર્પણ કરાઈ હતી. આશરે ત્રણેક હજાર જેટલા જવાનો માટે ૧૮૦૦ કિલો જેટલી ખારેક અર્પણ કરવામાં આવી હતી.

★ **કચ્છમાં રણ સરોવર માટે કેન્દ્ર સક્રિય :** કુદરતી રચના અને જૈવિક પરિસ્થિતિઓ ધરાવતું કચ્છનું નાનું રણ આશરે પાંચ હજાર ચો.મી. અથવા ૧૨ લાખ એકર જેવો વિશાળ ભૂમિ વિસ્તાર ધરાવે છે. આ કચ્છના નાના રણમાં એશિયાનું સૌથી મોટું મીઠા પાણીનું રણ સરોવર બનાવવા માટે કચ્છ રાપરના ધારાસભ્ય સંતોકબેન અરેઠિયા દ્વારા માંગ કરવામાં આવી હતી. જેના અનુસંધાને કેન્દ્ર સરકારે તૈયારીઓ આરંભી દીધી છે.

★ **જૈન ધર્મ બાબતે અમેરિકન યુનિ.માં અભ્યાસક્રમ શરૂ :** અમેરિકા સ્થિત જૈના સંસ્થા જૈન ઈન્ટરનેશનલ ઑફ સધર્ન કેલિફોર્નિયા તથા જૈન સેન્ટર ઑફ નોર્ધર્ન કેલિફોર્નિયાના સભ્યોએ અમેરિકાની યુનિ.માં જૈન ધર્મનો અભ્યાસ શરૂ કરવા માટે કરેલ પ્રયત્ન માટે કચ્છ બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન વિજય છેડા તથા તેમના ધર્મપત્નીએ રૂપિયા એક કરોડનું અનુદાન જાહેર કર્યું છે. આ અભ્યાસક્રમ શરૂ કરવા માટે ૨૦ વર્ષ પહેલાં માંડવીના અને હાલે અમેરિકા વસતા ડૉ. ધીરજ એચ. શાહ પ્રમુખપદે બિરાજમાન હતા ત્યારે જૈના સંસ્થાએ સક્રિય પ્રયાસો કર્યા હતા.

★ **વરસાદનો માર - સાંગલીના કચ્છીઓને કરોડોનું નુકસાન :** મહારાષ્ટ્રના સાંગલી - કોલ્હાપુરમાં તાજેતરમાં થયેલ અતિવૃષ્ટિના લીધે કચ્છી વેપારીઓની દુકાનો તથા ઘરોમાં વરસાદી પાણી ફરી વળતા આશરે ૨૫ કરોડ રૂપિયાની નુકસાનીનો અંદાજ છે. સાંગલીના રતનશી નગરમાં વસતા ૨૦૭ કચ્છી ગુજરાતી પરિવારોની ઘરવખરી નષ્ટ થયેલ છે. રેડીમેડ, અનાજના ધંધા સાથે જોડાયેલ ૧૦૮ કચ્છી પરિવારોને સારી એવી નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. મુંબઈ તેમજ મહારાષ્ટ્રના અન્ય સ્થળોએથી સહાયનો ધોધ વરસી રહ્યો છે.

***જે ગર્વથી કહેતો હોય કે તેણે કદી ભૂલ જ નથી કરી,***
***તો નક્કી સમજવું કે એમણે જાતે કદી કોઈ કામ જ કર્યું નથી.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ

## નિમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૫૬ (છપ્પન)મો વાર્ષિક સ્નેહમિલન તથા ક્ષમાપના સમારંભ **રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯ના રોજ** સવારે ૯.૩૦ કલાકે **શ્રી કચ્છી જૈન ભવન - પાલડી** ખાતે યોજવામાં આવેલ છે.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત સર્વે કચ્છી જૈન પરિવારજનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. સમાજની નિયાણી બહેનોને પણ તેમના પતિ તથા બાળકો સહિત પધારવાનું ભાવભર્યું નિમંત્રણ છે.

આ પ્રસંગે સ્વામિવાત્સલ્ય માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા (મેરાઉ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - અમદાવાદ), શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી ફુરિયા (મેરાઉ - અમદાવાદ) તથા શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ નાગડા (ચાંગડાઈ - મુંબઈ)ના પરિવારોના સંયુક્ત સૌજન્યથી રાખવામાં આવેલ છે કે જેનો પધારેલા સર્વે સભ્યોએ લાભ આપવા વિનંતી.

*વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ યોજવામાં આવેલ છે.*

- *સવારના ૯.૩૦ થી ૧૦.૩૦* :
  - ❖ આવકાર પ્રવચન અને સંસ્થાનો વાર્ષિક અહેવાલ - પ્રમુખશ્રી
  - ❖ સામૂહિક ક્ષમાપના
  - ❖ વિવિધ મહાનુભાવોનું બહુમાન

***કાર્યક્રમમાં સમયસર પધારવા ખાસ આગ્રહભરી વિનંતી છે.***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રદીપ એસ. મહેતા**
માનદ્ મંત્રી

**પ્રતાપ નારાણજી દંડ**
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ

*ખાસ નોંધ : સ્વામિવાત્સલ્ય જમણવાર સવારે ૧૧.૦૦થી ૧.૦૦ વાગ્યા સુધી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખવામાં આવેલ છે. જમણવારની વ્યવસ્થા સારી રીતે જળવાઈ રહે તે માટે જુદા જુદા સમયના પાસ રાખવામાં આવેલ છે. સભ્યોએ તા. ૧૫-૦૮-૨૦૧૯થી તા. ૦૫-૦૯-૨૦૧૯ સુધીમાં નીચે મુજબના સ્થળોએથી પાસ મેળવી લેવા વિનંતી : (૧) શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, (૨) શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, (૩) શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિર.*

### સ્થળમાં ફેરફાર

★ *શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યાર્થીઓના ઈનામ વિતરણનો કાર્યક્રમ ઠાકોરભાઈ દેસાઈ હોલના બદલે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવેલ છે.*

★ *ફક્ત બાળ વર્ગ (K.G.)થી ધોરણ-૯ સુધીના વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ ઉપર મુજબ થશે. ત્યાર પછીના ધોરણના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ સાથે સન્માનના કાર્યક્રમની જાહેરાત હવે પછી થશે.*

**વિદ્યાર્થીઓના ઇનામ વિતરણ**

*બાળવર્ગ (K.G.) થી ધોરણ-૯ સુધીના વિદ્યાર્થીઓના ઈનામ વિતરણનો સમય ૧૦.૦૦થી ૧.૦૦ વાગ્યા સુધીનો રહેશે. ૧.૦૦ વાગ્યા પહેલા ઈનામો મેળવી લેવા. (પછીથી ક્ષમા).*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ૩૨મી સામાન્ય સભા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૩૨મી સામાન્ય સભા રવિવાર, તા. ૧૪-૭-૨૦૧૯ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળી હતી. તેમાં બહોળી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. ઘણા વર્ષો બાદ સમાજમાં ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિમાં સભ્ય તરીકે ચૂંટાવા માટે સમાજ પરિવારના સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી. સમાજની ચૂંટણીમાં પહેલીવાર લગભગ ૩૭૫ સભ્યોએ મતદાન કર્યું હતું. ચૂંટણી બાદ સંસ્થાના સાંસ્કૃતિક હોલમાં સામાન્ય સભા મળી હતી. જેમાં લગભગ ૧૬૦ સભ્યો હાજર રહ્યા હતા. સંસ્થાના પ્રમુખશ્રીએ પોતાના પ્રવચનમાં પધારેલા સૌ સભ્યોને આવકાર આપ્યો હતો તથા સંસ્થામાં ચાલતા બે પ્રોજેક્ટ : (૧) બોપલ મેડિકલ સેન્ટર તથા (૨) મુંબઈ અતિથિ ભવન અંગે માહિતી આપી હતી.

સંસ્થાના માનદ્ મંત્રીશ્રીએ ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યવાહીનો અહેવાલ આપ્યો હતો. ગત વર્ષ દરમિયાન વિવિધ સમિતિઓ મારફત રાબેતા મુજબ ખૂબ જ સારા પ્રોગ્રામો કરવામાં આવ્યા હતા. વયસ્ક સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ, યુવા વિકાસ સમિતિ તથા મેડિકલ સેન્ટર સમિતિ વગેરેએ વર્ષ દરમિયાન સારી કામગીરી કરી હતી. તેમને બિરદાવવામાં આવ્યા હતા. હિસાબી સમિતિના ખજાનચીશ્રી, સહ ખજાનચીશ્રી તથા અન્ય સભ્યોની કામગીરી પણ પ્રસંશનીય રહી હતી. દરરોજના હિસાબો તૈયાર કરીને સમયસર ઓડિટ કરવાની જવાબદારી તેઓએ ખૂબ જ ચીવટપૂર્વક બજાવેલ હતી. તે ઉપરાંત ભવન સમિતિ અંતર્ગત બંને હોદ્દેદારોએ ત્રણે ભવનની સારસંભાળ પણ ખૂબ જ વ્યવસ્થિત રીતે કરી હતી. માનદ્ મંત્રીશ્રીના અહેવાલ બાદ હાજર રહેલા સભ્યોએ પોતાના સૂચનો કર્યા હતા જેમાં મોટાભાગના મેડિકલ સેન્ટરને લગતા હતા. જેનો જવાબ મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલાએ સંતોષકારક રીતે આપ્યા હતા.

સભાનું સમાપન કરતા સંસ્થાના પ્રમુખશ્રીએ જણાવેલ હતું કે આપણી સંસ્થાને આપણી સંસ્થાના મુખ્ય દાતાશ્રી નવનીત પરિવાર તરફથી બોપલમાં તેઓના એક સેન્ટરમાં બીજો અને ત્રીજો માળ કે જેનો કારપેટ એરિયા ૩૨૦૦ + ૩૨૦૦ = ૬૪૦૦ સ્ક્વેર ફીટ છે, તે નવનીત મેડિકલ સેન્ટર ચાલુ કરવા માટે ભેટ આપવામાં આવેલ છે. તે ઉપરાંત તેઓએ એ જગ્યામાં ફેરફાર કરી મેડિકલ સેન્ટર શરૂ કરવા માટે રૂા. ૧.૫૦ કરોડનું માતબર દાન પણ જાહેર કર્યું છે. આ રીતે સંસ્થાને દાતા પરિવાર તરફથી જગ્યાની અંદાજિત કિંમત રૂા. ૬.૫ કરોડ + રૂા. ૧.૫૦ કરોડ મળી કુલ રૂા. ૮.૦૦ કરોડ જેવી માતબર રકમ દાનમાં મળેલ છે. સંસ્થાના ઇતિહાસમાં આ પ્રથમ માતબર દાન છે. સંસ્થા વતી તથા સંસ્થાના સભ્યો વતી સમગ્ર નવનીત પરિવારનો તેમણે ખાસ આભાર માન્યો હતો. ઉપરોક્ત પ્રોજેક્ટ આશરે રૂા. ૧૦.૦૦ કરોડનો થશે. આપણી સંસ્થાના પૂર્વ ઉપપ્રમુખ સ્વ. શ્રી કાંતિલાલ વેલજી સાવલા તથા અત્યારના ઉપપ્રમુખ શ્રી શાંતિલાલ મુળજી સાવલા કે જેઓ વર્ષોથી વિસત પેટ્રોલ પંપ ભાગીદારીથી ચલાવે છે, તેમના પરિવારજનોની કંપની એટલે દીપ ઇન્ડસ્ટ્રીઝ / દીપ ફાઉન્ડેશન. જેમના ડાયરેક્ટર શ્રી પારસ શાંતિલાલ સાવલા તથા શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા છે. દીપ ફાઉન્ડેશને રૂા. ૧.૦૦ કરોડના દાનની રકમ ઉપરોક્ત પ્રોજેક્ટ પેટે જાહેર કરેલ છે. તેમનો પણ સંસ્થા વતી આભાર માનવામાં આવ્યો હતો. આ રીતે પ્રોજેક્ટ માટેની મોટાભાગની રકમ એકત્ર થઈ ગયેલ છે. બાકી ખૂટતી રકમ વિવિધ સ્કીમ બનાવીને એકત્રિત કરવામાં આવશે.

આપણો બીજો મહત્ત્વનો પ્રોજેક્ટ મુંબઇ અતિથિ ભવનનો છે. જેની કાર્યવાહી ચાલે છે. અત્યારે બિલ્ડર સાથે એગ્રીમેન્ટના મુદ્દાઓ અંગે વાતચીત ચાલે છે. તેનો ઉકેલ આવતા જરૂરી એગ્રીમેન્ટ કરી કામ શરૂ કરી દેવામાં આવશે. આશા છે કે થોડા સમયમાં કામ શરૂ થઈ જશે તથા દોઢથી બે વરસમાં એ પ્રોજેક્ટ પણ પૂર્ણ થઈ જશે.

ઉપરોક્ત અહેવાલ દરમિયાન સમાજમાં યોજાયેલ ચૂંટણીના રિઝલ્ટો આવી ગયા હોવાથી જાહેર કરવામાં આવ્યા હતા અને વિજયી ઉમેદવારોને અભિનંદન આપવામાં આવ્યા હતા. તે સાથે ચૂંટણીમાં ઊભેલા દરેક ઉમેદવારોને સંસ્થાના કાર્યમાં સક્રિય રીતે જોડાઈ જવા અપીલ કરવામાં આવી હતી. ત્યારબાદ સભા પૂરી થયેલ જાહેર કરવામાં આવી હતી.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*એવી કઈ જગ્યા છે કે જ્યાં ભીડ જોવા જ ન મળે?*
*શ્રેષ્ઠ બની એ જગ્યાએ પહોંચો કે જ્યાં એકલદોકલ વ્યક્તિ જ મળે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ


## ટ્રસ્ટ મંડળની પ્રથમ બેઠકનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક બેઠક તા. ૨૧-૭-૨૦૧૯ના રોજ સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળી હતી. આ સભામાં શ્રી પ્રતાપ નારાણજી દંડની સર્વાનુમતે પ્રમુખપદે વરણી કરવામાં આવી હતી. સંસ્થાના નિયમ મુજબ બે કો-ઓપ્ટ ટ્રસ્ટીઓ તરીકે (૧) શ્રી ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ તથા (૨) શ્રી ગિરીશ હીરજીભાઈ પાસુભાઈ શાહની વરણી કરવામાં આવી હતી તેમજ આમંત્રિત તરીકે (૧) શ્રી દક્ષેશ નવીનચંદ્ર સંઘવી તથા (૨) શ્રી દેવેન મેઘજી છેડાની વરણી કરવામાં આવી હતી.

તે સિવાય, ટ્રસ્ટ મંડળમાંથી કારોબારી સમિતિમાં નીચે મુજબનાં ૬ ટ્રસ્ટીઓની વરણી કરવામાં આવી હતી : (૧) શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ, (૨) શ્રી શાંતિલાલ મુળજી સાવલા, (૩) શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ), (૪) શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા, (૫) શ્રી અશ્વિન હીરજી સાવલા, (૬) શ્રી હીરેન કુંવરજી શાહ.

*માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## અભિનંદન



**ધવલ શાહ**

કચ્છ માંડવી તાલુકાના વતની અને હાલે ગાંધીનગર સ્થિત શ્રી એન.પી. શાહના સુપુત્ર ધવલ શાહની રાજ્ય સરકારના માહિતી વિભાગમાં સિનિયર સબ એડિટર તરીકે પસંદગી થતા, પોતાની ફરજ પર કાર્યરત થઈ ગયા છે.

*ખૂબ ખૂબ અભિનંદન સાથે તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે મંગલ કામના.*

## સાભાર સ્વીકાર

રૂા. ૧૦૦૧/- અ.સૌ. કૌશલ દર્શનના ઘેર પુત્રી જન્મ પ્રસંગે દિલીપભાઈ શાંતિલાલ સંઘવી - અમદાવાદ (મુંદ્રા) તરફથી સમાજને ભેટ — *ખૂબ ખૂબ આભાર.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## કારોબારી સમિતિની બેઠક

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કારોબારી સમિતિની એક બેઠક તા. ૨૧-૭-૨૦૧૯ના રોજ સવારે ૧૧ કલાકે સંસ્થાના કાર્યાલય શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળી હતી. જેમાં બે કો-ઓપ્ટ સભ્ય તરીકે (૧) શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી તથા (૨) શ્રી દેવેશ દિલીપભાઈ દંડની વરણી કરવામાં આવી હતી. તે ઉપરાંત સંસ્થાના હોદ્દેદારો તરીકે પ્રથમ ઉપપ્રમુખ : શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ, દ્વિતીય ઉપપ્રમુખ : શ્રી શાંતિલાલ મુળજી સાવલા, માનદ્ મંત્રી : શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા, સહમંત્રી : શ્રી રોહિત શાંતિલાલ સંઘવી, ખજાનચી : શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) તથા સહ ખજાનચી તરીકે શ્રી રજનીકાંત ધરમશી પારેખની વરણી આ સભામાં કરવામાં આવી હતી.

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિની એક બેઠક તા. ૪-૮-૨૦૧૯ના રોજ સંસ્થાના કાર્યાલય શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળી હતી. તેમાં સમિતિની ખાલી પડેલ ૨ બેઠકો ઉપર (૧) શ્રી હીરેન અમૃતલાલ શાહ તથા (૨) શ્રી કીર્તિભાઈ મોરારજી વોરાની વરણી કરવામાં આવી હતી.

આ બેઠકમાં સમાજની વિવિધ ૨૩ સમિતિઓના કન્વીનરોની નિમણૂંક કરવામાં આવી હતી.

આ બેઠકમાં વયસ્ક સમિતિના કન્વીનર શ્રી રજનીકાંત ધરમશી પારેખે ૧૫મી ઓગસ્ટના રોજ સંસ્થામાં યોજાનાર ધ્વજવંદન તથા ત્યારબાદના કાર્યક્રમની વિગત રજૂ કરી હતી.

*માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## પુત્રી જન્મ

- **મંગળવાર, તા. ૨૦-૮-૨૦૧૯**
  **અ.સૌ. કૌશલ દર્શન દિલીપભાઈ શાંતિલાલ સંઘવી (અમદાવાદ – મુંદ્રા)**

## અવસાન નોંધ

**રમેશ નારાણજી શિવજી દંડ (તેરા),** ટૂંકી માંદગી બાદ સોમવાર, તા. ૨૬-૮-૨૦૧૯ના રોજ અરિહંત શરણ પામેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વ. શ્રી રમેશભાઈ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડના મોટા ભાઈ થાય.

*પ્રભુ સદ્‌ગતશ્રીના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ — અમદાવાદ

## ટ્રસ્ટ મંડળના સભ્યોની યાદી : વર્ષ ૨૦૧૯-૨૦૨૦

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | ૨૬૪૦ ૫૦૪૭ | — | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ૨. | શ્રી જગશી જેઠાભાઈ છેડા | લાયજા - મુંબઈ | કાયમી ટ્રસ્ટી | ૨૪૧૬ ૭૨૭૧<br>૨૪૧૪ ૧૮૭૯ | ૨૪૧૮ ૧૦૯૬<br>૨૪૧૪ ૨૦૩૧ | ૦૯૮૨૦૮ ૦૦૪૫૬ |
| ૩. | શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન | નાની ખાખર-મુંબઈ | કાયમી ટ્રસ્ટી | ૨૨૬૨ ૪૭૨૧<br>૨૩૬૧ ૧૦૬૬ | ૨૨૦૧ ૭૪૭૬ | ૦૯૮૯૨૨ ૮૮૦૦૧ |
| ૪. | શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા | તુંબડી | કાયમી ટ્રસ્ટી | ૨૬૫૬ ૩૩૩૩<br>૨૬૪૪ ૯૯૪૪ | ૨૬૮૬ ૨૦૭૬<br>૨૬૮૬ ૨૦૭૮ | ૯૮૨૫૦ ૩૩૨૧૧ |
| ૫. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | ટ્રસ્ટી | ૪૮૪૮ ૯૬૯૬ | ૨૨૧૪ ૪૬૬૩ | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ૬. | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા | તુંબડી | ટ્રસ્ટી | ૦૨૭૧૭-૨૩૪૪૫૫ | ૨૭૫૦ ૨૪૬૧ | ૯૮૨૫૦ ૪૮૬૪૫ |
| ૭. | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા – હોદ્દાની રૂએ | માંડવી | ટ્રસ્ટી | ૨૬૬૧ ૨૦૮૯ | — | ૯૮૨૫૦ ૬૧૧૬૦ |
| ૮. | શ્રી રોહિત શાંતિલાલ સંઘવી – હોદ્દાની રૂએ | મુંદ્રા | ટ્રસ્ટી | ૨૬૯૨ ૨૧૮૮ | ૬૬૩૦ ૧૫૩૪ | ૯૮૨૪૦ ૦૬૬૪૮ |
| ૯. | શ્રી કે.ડી. શાહ | ડુમરા | ટ્રસ્ટી | ૨૬૬૦ ૫૨૨૫ | — | ૯૪૨૭૩ ૯૦૦૦૭ |
| ૧૦. | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | ટ્રસ્ટી | ૨૬૬૩ ૪૩૮૮ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૧૧. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | ટ્રસ્ટી | ૨૬૬૫ ૦૨૯૯ | — | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ૧૨. | શ્રી રાજુભાઈ હરખચંદ ગાલા | રાયણ મોટી | ટ્રસ્ટી | ૦૨૭૧૭-૨૩૫૮૫૮ | | ૯૮૭૯૧ ૫૦૦૦૦ |
| ૧૩. | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા | ફતેહગઢ | ટ્રસ્ટી | ૨૬૪૬ ૨૫૩૬ | ૨૬૪૨ ૭૦૦૧ | ૯૮૨૫૦ ૧૫૩૭૨ |
| ૧૪. | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | ટ્રસ્ટી | ૪૦૦૦ ૮૨૧૦ | — | ૯૮૨૫૩ ૨૨૬૮૯<br>૯૮૭૯૦ ૬૩૧૦૦ |
| ૧૫. | શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા) | અંજાર | ટ્રસ્ટી | ૨૬૬૦ ૩૪૫૮ | ૨૬૬૦ ૫૪૫૩<br>૨૬૬૦ ૮૯૮૮ | ૯૮૨૫૦ ૪૦૬૬૬ |
| ૧૬. | શ્રી આણંદજી વેલજી વીરા | મેરાઉ | ટ્રસ્ટી | ૨૬૫૭ ૫૩૪૨ | ૨૬૫૭ ૫૩૮૪ | — |
| ૧૭. | શ્રી અશ્વિન હીરજી સાવલા | દેશલપુર | ટ્રસ્ટી | ૨૭૯૧ ૧૭૯૧ | ૨૬૪૦ ૨૯૫૦ | ૯૮૨૫૯ ૩૮૭૭૧ |
| ૧૮. | શ્રી હીરેન કુંવરજી શાહ | નલિયા | ટ્રસ્ટી | ૨૬૭૪ ૭૯૨૫ | ૨૬૪૨ ૨૪૫૫ | ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| ૧૯. | શ્રી મૂકેશ મૂળજી સાવલા | નાની તુંબડી | ટ્રસ્ટી | ૨૬૯૨ ૪૩૨૩ | ૦૨૬૯૪-૨૨૪૫૪૩ | ૯૮૨૫૦ ૩૪૫૬૯ |
| ૨૦. | શ્રી પીયૂષ રવિલાલ પારેખ | મુંદ્રા | ટ્રસ્ટી | — | — | ૯૮૨૫૦ ૨૯૬૯૮ |
| ૨૧. | શ્રી દિલીપ કુંવરજી દંડ | વરાડિયા | ટ્રસ્ટી | ૨૭૪૭ ૩૬૭૪ | ૩૨૯૫ ૬૨૯૧ | ૯૩૨૭૦ ૦૯૭૦૧ |
| ૨૨. | શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ | નલિયા | ટ્રસ્ટી | ૨૬૭૪ ૭૯૨૫ | — | ૯૮૨૫૦ ૧૬૬૭૭ |
| ૨૩. | શ્રી આશિષ ધીરુભાઈ શાહ | ગાંધીધામ | ટ્રસ્ટી | ૨૬૬૫ ૦૦૫૯ | — | ૯૮૨૫૦ ૨૧૧૪૩ |
| ૨૪. | ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ | અંજાર | કો-ઓપ્ટ ટ્રસ્ટી | — | ૨૬૬૦ ૯૧૪૬ | ૯૮૯૮૧ ૯૮૬૧૬ |
| ૨૫. | શ્રી ગિરીશ હીરજી દેઢિયા (શાહ) | શેરડી | કો-ઓપ્ટ ટ્રસ્ટી | ૨૬૬૦ ૪૪૭૦ | — | ૯૪૨૯૨ ૦૯૭૨૩ |
| ૨૬. | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | મુંદ્રા | કાયમી આમંત્રિત | ૨૬૮૭ ૧૯૨૫ | ૨૫૬૨ ૦૦૫૧<br>૨૫૫૦ ૧૯૫૫ | — |
| ૨૭. | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | કાયમી આમંત્રિત | ૨૬૮૫ ૯૭૦૭ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ૨૮. | શ્રી દેવેન મેઘજી છેડા | લાયજા | આમંત્રિત | ૨૬૬૬ ૧૭૧૭ | — | ૯૮૨૪૦ ૦૮૪૭૪ |
| ૨૯. | શ્રી દક્ષેસ નવીનચંદ્ર સંઘવી | સાંતલપુર | આમંત્રિત | ૨૬૯૩ ૭૨૨૨ | — | ૯૮૨૫૨ ૨૬૧૭૦ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ — અમદાવાદ

## કારોબારી સમિતિના સભ્યોની યાદી : વર્ષ ૨૦૧૯-૨૦૨૦

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | ૨૬૪૦ ૫૦૪૭ | — | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ૨. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | પ્રથમ ઉપપ્રમુખ | ૨૬૪૪ ૬૪૧૩<br>૨૬૪૦ ૧૧૫૦ | ૨૨૧૪ ૪૬૬૩ | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ૩. | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા | નાની તુંબડી | દ્વિતીય ઉપપ્રમુખ | ૦૨૭૧૭-૨૩૪૪૫૫ | ૨૭૫૦ ૨૪૬૧ | ૯૮૨૫૦ ૪૮૬૪૫ |
| ૪. | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | માંડવી | માનદ્ મંત્રી | ૨૬૬૧ ૨૦૮૯ | — | ૯૮૨૫૦ ૬૧૧૬૦ |
| ૫. | શ્રી રોહિત શાંતિલાલ સંઘવી | મુંદ્રા | સહમંત્રી | ૨૬૯૨ ૨૧૮૮ | ૬૬૩૦ ૧૫૩૪ | ૯૮૨૪૦ ૦૬૬૪૮ |
| ૬. | શ્રી કે.ડી. શાહ | ડુમરા | ખજાનચી | ૨૬૬૦ ૫૨૨૫ | — | ૯૪૨૭૩ ૯૦૦૦૭ |
| ૭. | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | સહ ખજાનચી | ૨૬૬૩ ૪૩૮૮ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૮. | શ્રી અશ્વિન હીરજી સાવલા | દેશલપુર | સભ્ય | ૨૭૯૧ ૧૭૯૧ | ૨૬૪૦ ૨૯૫૦ | ૯૮૨૫૯ ૩૮૭૭૧ |
| ૯. | શ્રી હીરેન કુંવરજી શાહ | નલિયા | સભ્ય | ૨૬૭૪ ૭૯૨૫ | ૨૬૪૨ ૨૪૫૫ | ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| ૧૦. | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા | ફતેહગઢ | સભ્ય | ૨૬૪૬ ૨૫૩૬ | ૨૬૪૨ ૭૦૦૧ | ૯૮૨૫૦ ૧૫૩૭૨ |
| ૧૧. | શ્રી નીતિન ધનજી ગાલા | કોટડા રોહા | સભ્ય | ૨૨૮૬ ૫૪૩૧ | ૨૨૧૨ ૩૨૧૦ | ૯૩૭૬૧ ૧૪૦૨૪ |
| | | | | ૨૨૮૬ ૭૦૬૪ | ૨૨૧૨ ૪૪૭૪ | ૯૩૭૭૨ ૦૯૫૩૦ |
| ૧૨. | શ્રી બચુભાઈ હીરજી રાંભિયા | રામાણિયા | સભ્ય | ૨૨૧૪ ૧૧૯૭ | ૩૨૯૩ ૫૭૭૨ | ૯૨૨૭૨ ૧૩૩૫૧ |
| | | | | ૨૨૧૪ ૯૫૫૦ | | ૯૪૨૮૧ ૧૩૧૯૧ |
| ૧૩. | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ | ભુજ | સભ્ય | ૨૬૭૬ ૩૬૪૮ | ૨૬૩૧ ૪૬૦૫ | ૯૪૨૮૩ ૫૦૦૩૮ |
| ૧૪. | શ્રી પંકજ મેઘજી ગોગરી | ડોણ | સભ્ય | ૨૬૬૪ ૧૬૯૦ | — | ૮૧૬૦૧ ૮૫૫૩૦ |
| ૧૫. | શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી | પલાંસવા | સભ્ય | ૨૬૬૩ ૩૩૨૪ | ૨૬૪૬ ૦૨૩૬ | ૯૮૨૫૧ ૪૨૩૯૭ |
| ૧૬. | શ્રી દિનેશ રતિલાલ મહેતા | ભુજ | સભ્ય | ૨૬૬૭ ૦૨૪૬ | — | ૯૯૨૪૩ ૪૨૬૨૮ |
| ૧૭. | શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ | નલિયા | સભ્ય | ૨૬૬૦ ૭૯૯૦ | — | ૯૭૧૨૯ ૯૮૫૩૫ |
| ૧૮. | શ્રીમતી શિલ્પીબેન પ્રકાશ શાહ | ફતેહગઢ | સભ્ય | ૨૬૬૨ ૦૧૯૯ | — | ૯૩૨૭૦ ૧૪૬૨૫ |
| ૧૯. | શ્રીમતી અમીબેન નીતિનકુમાર શાહ | અંજાર | સભ્ય | ૨૭૪૯ ૯૨૮૮ | — | — |
| ૨૦. | શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા | ફરાદી | સભ્ય | ૨૬૭૬ ૬૨૯૦ | — | ૯૩૨૮૯ ૨૫૬૯૮ |
| ૨૧. | શ્રી પીયૂષ હીરજી સાવલા | ભોજાય | સભ્ય | — | — | ૯૨૭૬૮ ૭૫૩૫૦ |
| | | | | | | ૯૮૭૯૪ ૯૬૧૩૯ |
| ૨૨. | ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ | મુંદ્રા | સભ્ય | ૨૨૯૨ ૫૮૧૨ | ૨૨૯૨ ૦૧૬૮ | ૯૮૨૫૬ ૮૭૭૪૧ |
| ૨૩. | શ્રી નીતિન ભોગીલાલ શાહ | અંજાર | સભ્ય | ૨૭૪૯ ૯૨૮૮ | — | ૯૯૭૯૬ ૫૧૯૨૯ |
| ૨૪. | શ્રી ચૈતન્ય બચુભાઈ રાંભિયા | રામાણિયા | સભ્ય | ૨૨૧૪ ૧૧૯૭ | ૩૨૯૩ ૫૭૭૨ | ૭૭૭૮૮ ૨૫૯૦૦ |
| | | | | ૨૨૧૪ ૧૧૯૭ | | |
| ૨૫. | શ્રી હીરેન અમૃતલાલ શાહ | તલવાણા | સભ્ય | — | — | ૯૮૨૫૪ ૦૩૬૦૦ |
| ૨૬. | શ્રી કીર્તિભાઈ મોરારજી વોરા | ભરૂડિયા | સભ્ય | — | ૨૬૮૨ ૩૭૮૭ | ૯૮૨૫૩ ૮૯૬૮૮ |
| ૨૭. | શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી | લાલા | કો-ઓપ્ટ સભ્ય | ૨૭૬૮ ૦૭૬૧ | — | ૯૮૨૫૩ ૮૨૯૪૧ |
| ૨૮. | શ્રી દેવેશ દિલીપ કુંવરજી દંડ | વરાડિયા | કો-ઓપ્ટ સભ્ય | ૨૭૪૭ ૩૬૭૪ | ૩૨૯૫ ૬૨૯૧ | ૯૩૨૭૯ ૧૮૫૭૭ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ૭૩મા સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી

## દેશના વિકાસમાં સૌ નાગરિકોનો સાથ-સહકાર જરૂરી

ભારત દેશના ૭૩મા સ્વાતંત્ર્ય દિવસની શાનદાર ઉજવણી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ગુરુવાર, તા. ૧૫-૮-૨૦૧૯ના રોજ સવારે ૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પ્રાંગણમાં આયોજિત એક કાર્યક્રમમાં જાણીતા તત્ત્વચિંતક અને જૈન ધર્મના ઊંડા અભ્યાસી સી.એ. શ્રી નૌતમભાઈ રસિકલાલ વકીલના વરદ્ હસ્તે રાષ્ટ્રીય ધ્વજવંદનથી કરવામાં આવી હતી. રાષ્ટ્રધ્વજને સલામી સાથે રાષ્ટ્રગીતનું સમૂહમાં ગૂંજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુખ્ય મહેમાનશ્રીએ પોતાના પ્રવચનની શરૂઆત જયહિંદ અને ભારત માતાકી જયના નારા સાથે કરી હતી. તેમણે સર્વે પરિવારજનોને સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છા આપતા દેશને નવી ઊંચાઈએ લઇ જવા તથા રાષ્ટ્ર નિર્માણ માટે સૌએ પોતાના સ્તરે પ્રયાસ કરવાની અપીલ કરી હતી. કેન્દ્ર સરકાર લોકોની આશાઓ - આકાંક્ષાઓ પૂરી કરવા તેમજ દેશનું નવનિર્માણ કરવા માટે કામ કરી રહી છે પરંતુ માત્ર સરકાર દરેક દિશામાં ઝડપી પ્રગતિ સાધી શકે નહીં. દેશના સર્વાંગી વિકાસ અર્થે સૌ નાગરિકોએ પણ પોતાનો સહયોગ આપવો જરૂરી હોય છે.

આ અવસરે તેમણે કહ્યું, દેશને આઝાદ કરવામાં સ્વાતંત્ર્ય સેનાનીઓએ જે ભોગ આપ્યો છે, તે આપણે યાદ કરવો જોઈએ. પોતાના રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ અને ગૌરવની ભાવના રાખીને સારા નાગરિક તરીકે પોતાની નૈતિક ફરજો અદા કરવા પર તેમણે વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે વધુમાં કહ્યું, ટ્રાફિક નિયમો, દેશના સ્વચ્છતા અભિયાન તથા રાષ્ટ્રની સંપત્તિની જાળવણી તરફ દરેક નાગરિકોએ સજાગ રહેવું જોઈએ અને તે માટે પોતાનો જરૂરી સહયોગ આપવા પણ સૌને અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ૧૩૦ કરોડ ભારતીયો પોતાની પ્રતિભા, કૌશલ્યથી વિકાસની નવી તકોનું સર્જન કરી શકે છે. આ માટે તેમણે વિદેશના નીતિ-નિયમો તથા શિષ્ટતાના ઉદાહરણો ટાંક્યા હતા. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, જળની બચત સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર અને રાજય સરકારની સાથે નાગરિકોની પણ ભૂમિકા ખાસ અગત્યની બની રહેશે. આપણી સંસ્કૃતિ તથા આદર્શથી દેશમાં મૈત્રીભાવ સદાય જાળવીને તથા આપણે આપણા જીવન મૂલ્યોને નજર સમક્ષ રાખીને આગળ વધતા રહીએ અને રાષ્ટ્ર વિકાસમાં આપણો પૂરતો સાથ-સહકાર આપીએ.

શરૂમાં, સંસ્થાના મંત્રીશ્રીએ મુખ્ય મહેમાનશ્રીનો ટૂંક પરિચય આપ્યો હતો. આ અવસરે સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સભ્યો તથા સમાજ પરિવારજનો બહોળી સંખ્યામાં હાજર રહીને પોતાનો રાષ્ટ્રપ્રેમ પ્રગટ કર્યો હતો.

રાષ્ટ્રીય ધ્વજવંદનના કાર્યક્રમ બાદ સમાજ હેઠળની બાળ કલ્યાણ સમિતિ દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણના કાર્યક્રમમાં મુખ્ય મહેમાનશ્રીએ ઉપસ્થિત રહીને સૌ સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

***રજૂઆત : દિનેશ આર. મહેતા***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : મેડિકલ ચેક-અપ સેન્ટર

### બ્રાન્ડેડ જિનેરિક દવાઓ ૩૦થી ૮૦ ટકા ડિસ્કાઉન્ટથી ઉપલબ્ધ

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સ્ટોરમાં કોઈપણ વ્યક્તિને બ્રાન્ડેડ જિનેરિક દવાઓ ૩૦થી ૮૦ ટકાના ડિસ્કાઉન્ટથી ઉપલબ્ધ છે.

**એક નજર....**

★ બ્રાન્ડેડ જિનેરિક દવાઓની અસરકારકતા બ્રાન્ડેડ દવાઓની સમકક્ષ હોય છે.

★ બ્રાન્ડેડ જિનેરિક દવાઓ સસ્તી હોય છે.

★ જિનેરિક દવાઓ પણ સ્ટાન્ડર્ડ કંપનીઓની હોય છે.

***આપની જિનેરિક દવાઓની જરૂરિયાત માટે ઉપરોક્ત મેડિકલ સ્ટોરમાં સંપર્ક કરશો.***

***કન્વીનર - મેડિકલ સેન્ટર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# વયસ્ક સમિતિ

### ● આગામી કાર્યક્રમ ●

સમિતિ તરફથી આગામી તા. ૧૯-૯-૨૦૧૯ તથા તા. ૨૦-૯-૨૦૧૯ના રોજ યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજગૃહી, પાલિતાણા, હસ્તગીરી, રોહિલશાળા – કે જ્યાં મા-ગંગાની આરતી વારાણસીમાં થાય છે તેવી જ ભવ્ય મહા આરતી શત્રુંજય નદીની થાય છે. ખૂબ જ સુંદર ઘાટ અને ભવ્ય નદીના સુંદર વાતાવરણનો અમૂલ લહાવો લેવાનો છે. બીજે દિવસે પ્રાચીન અને અર્વાચીન તીર્થની યાત્રા કરીશું.

સમગ્ર કાર્યક્રમ નીચે પ્રમાણે છે :

**ગુરુવાર, તા. ૧૯-૯-૨૦૧૯**

| | |
|---|---|
| સવારે ૭.૦૦ | પાલડી ભવનથી પ્રસ્થાન. |
| સવારે ૯.૦૦ | નવનિર્મિત સુંદર તીર્થ રાજગૃહી ખાતે દર્શન, નવકારશી. |
| બપોરે ૧૨.૩૦ | પાલિતાણા આગમન, ભોજન, આરામ. |
| બપોરે ૩.૩૦ | હસ્તગીરી અને શત્રુંજય નદીની મહાઆરતી, ચૌવિહાર. |

**શુક્રવાર, તા. ૨૦-૯-૨૦૧૯**

| | |
|---|---|
| સવારે | તળેટી પ્રક્ષાલ, દર્શન, નવકારશી. |
| સવારે ૯.૩૦ | પ્રસ્થાન |
| રાત્રે ૧૧.૦૦ | અમદાવાદ પરત. |

સમગ્ર પ્રવાસ ૨ X ૨ એ.સી. બસ દ્વારા કરવામાં આવશે. સ્થળ પર ઉતરવાની વ્યવસ્થા : ૧ એ.સી. રૂમમાં ચાર વ્યક્તિનો સમાવેશ કરવામાં આવશે.

આપના નામ રૂા. ૧૨૦૦/- સાથે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે નોંધાવવા. સમય અને સંજોગ અનુસાર પ્રવાસમાં ફેરફાર કરવામાં આવશે.

★

જે સભ્યો OCCURA હોસ્પિટલની મુલાકાતે આવેલ હતા તેઓએ પોતાના સ્માર્ટ કાર્ડ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કાઉન્ટર પરથી મેળવી લેવા વિનંતી.

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# લાઈબ્રેરી સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત પુસ્તક લાઈબ્રેરી મે-૨૦૧૯થી ખૂબ સારી રીતે સક્રિય થઈ ગયેલ છે. આ લાઈબ્રેરીમાં હાલ ૨૫૦૦ જેટલા વિવિધ પુસ્તકો વસાવેલા છે. તેમાં તજજ્ઞ લેખકશ્રીઓના કેટલાક નૂતન પુસ્તકો પણ સામેલ કરેલા છે. જેનું લિસ્ટ વાચકવર્ગને મળે એવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પુસ્તક વાંચનમાં રસ ધરાવતા દરેક સભ્યોને લાઈબ્રેરીની એક વખત મુલાકાત લેવા વિનંતી.

*પુસ્તક લાઈબ્રેરીનો સમય* :

સવારના ૧૧.૦૦ વાગ્યાથી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી

*કન્વીનર - લાઇબ્રેરી સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# સરસ્વતી સન્માન

### ધોરણ બાળવર્ગ (K.G.)થી ધોરણ-૯ સુધીના વિદ્યાર્થીઓને ઇનામ વિતરણના કાર્યક્રમની માહિતી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા રવિવાર, તા. ૧૫-૯-૨૦૧૯ના સમાજ દ્વારા આયોજિત સ્વામિવાત્સલ્યના કાર્યક્રમના દિવસે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી ધોરણ બાળ વર્ગ (K.G.)થી ધોરણ-૯ સુધીના વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવશે. ધોરણ-૧૦ અને તેનાથી ઉપરના વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓને ઇનામો આપવાની સાથે તેમને સન્માનિત કરવાનો કાર્યક્રમ અનુકૂળતાએ પાછળથી યોજવામાં આવશે. જેની જાણ સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'માં કરવામાં આવશે.

***ધોરણ બાળવર્ગથી ધોરણ-૯ સુધીના વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને વિનંતી કે તેઓના ઇનામો તા. ૧૫-૦૯-૨૦૧૯ના રોજ સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધીમાં ઉપર જણાવેલ કાર્યક્રમ દરમિયાન મેળવી લેવા. પછીથી ક્ષમા.***

*પંકજ મેઘજી ગોગરી - કન્વીનર, સરસ્વતી સન્માન સમિતિ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરમાં દર બુધવારે બાળ વિભાગની ઓ.પી.ડી.માં સવારે અને સાંજે કન્સલ્ટેશન ફ્રી માં કરવામાં આવે છે.*

*પારકાને પોતાના કરવા એ નહીં પરંતુ પોતાના છે એને વહાલા કરવા એ જીવનક્ષેત્રે મોટામાં મોટો પડકાર છે.*

# યુવા વિકાસ સમિતિ

## યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત સમેત શિખરજી યાત્રા

યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૦૩-૧૨-૨૦૧૯થી તા. ૧૪-૧૨-૨૦૧૯ સુધી શિખરજીની યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. **આ યાત્રાનો ખર્ચ વ્યક્તિ દીઠ રૂા. ૯,૦૦૦/- રાખેલ છે.** આ યાત્રામાં આવવા ઈચ્છતા સભ્યોએ પોતાના નામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે વહેલી તકે નોંધાવી દેવા વિનંતી. ટ્રેનની ટિકિટ અગાઉથી બુક કરાવવાની હોવાથી નામ વહેલા નોંધાવી દેવા વિનંતી. ઉપરાંત આ યાત્રામાં આવવા ઈચ્છતા સભ્યોએ નામ નોંધાવતી વખતે ખર્ચની રકમના ૫૦% (રૂા. ૪,૫૦૦/-) ડિપોઝીટ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે જમા કરાવવા વિનંતી.

આ યાત્રાનું પૂરું આયોજન નીચે મુજબ છે.

### શિખરજી પંચતીર્થી ભાગલપુર સાથે બનારસ યાત્રા કાર્યક્રમ

| દિવસ | તારીખ | સ્થળ | કાર્યક્રમ |
|---|---|---|---|
| ૧ | ૦૩-૧૨-૧૯ | અમદાવાદ | રાત્રે ૧૦.૦૦ કલાકે ટ્રેન નં. ૧૨૯૪૧ દ્વારા પારસનાથ તરફ શુભ પ્રયાણ. |
| ૨ | ૦૪-૧૨-૧૯ | ટ્રેનમાં | ટ્રેનમાં સફરનો આનંદ. અરસપરસ ઓળખાણ. |
| ૩ | ૦૫-૧૨-૧૯ | પારસનાથ<br>શિખરજી | આગમન બાદ બસ દ્વારા શિખરજી તરફ પ્રયાણ (સફર ૩૦ મિનિટ)<br>દર્શન, નવકારશી, સેવાપૂજા, તળેટી દર્શન, ભોજન, ચૌવિહાર, રાત્રિ વિશ્રામ. |
| ૪ | ૦૬-૧૨-૧૯ | શિખરજી | વહેલી સવારે ૪.૦૦ કલાકે ૨૦ તીર્થંકરોની નિર્વાણભૂમિની પહાડયાત્રા. નવકારશી.<br>ભોજન જલમંદિરે, ચૌવિહાર ધર્મશાળામાં, રાત્રિ વિશ્રામ. |
| ૫ | ૦૭-૧૨-૧૯ | શિખરજી<br>ૠજુવાલિકા<br>ભાગલપુર | નવકારશી બાદ ભાગલપુર તરફ પ્રયાણ. (સફર ૧૦-૧૨ કલાક)<br>દર્શન (શ્રી મહાવીર સ્વામિની કેવલજ્ઞાન ભૂમિ)<br>આગમન, ચૌવિહાર, રાત્રિ રોકાણ. |
| ૬ | ૦૮-૧૨-૧૯ | ભાગલપુર<br>લચ્છવાડ | નવકારશી, સેવાપૂજા, ભોજન બાદ લચ્છવાડ તરફ પ્રયાણ. (સફર ૪ કલાક)<br>આગમન, ચૌવિહાર, રાત્રિ રોકાણ. |
| ૭ | ૦૯-૧૨-૧૯ | લચ્છવાડ<br><br>ગુણિયાજી<br>પાવાપુરી | નવકારશી બાદ પહાડયાત્રા, સ્નાન, સેવાપૂજા (શ્રી મહાવીર સ્વામિના ચ્યવન, જન્મ, દીક્ષા કલ્યાણક ભૂમિ). પાછા આવીને ભોજન. ચૌવિહાર બાદ રાજગીરી તરફ પ્રયાણ (સફર ૩ કલાક)<br>દર્શન (શ્રી ગૌતમ સ્વામિની કેવલજ્ઞાન ભૂમિ)<br>આગમન. રાત્રિ વિશ્રામ. |
| ૮ | ૧૦-૧૨-૧૯ | પાવાપુરી<br>રાજગીરી<br><br><br>કુંડલપુર<br>પાવાપુરી | વહેલી સવારે રાજગીરી તરફ પ્રયાણ.<br>આગમન. નવકારશી બાદ ટાંગા દ્વારા ૧લો-૫મો પહાડયાત્રા. રોપ-વે, જાપાનીઝ ટેમ્પલ, ગરમ પાણીના કુંડ, વિરાયતન, જોવાલાયક સ્થળોની મુલાકાત. પાછા આવીને ભોજન - ચૌવિહાર બાદ પાવાપુરી તરફ પ્રયાણ.<br>દર્શન (શ્રી ગૌતમ સ્વામિની જન્મભૂમિ)<br>આગમન, રાત્રિ વિશ્રામ. |
| ૯ | ૧૧-૧૨-૧૯ | પાવાપુરી | આગમન, સેવાપૂજા (શ્રી મહાવીર સ્વામિની નિર્વાણ ભૂમિ). જલમંદિર, સમોવસરણના દર્શન, ભોજન, ચૌવિહાર બાદ બનારસ તરફ પ્રયાણ (સફર ૮-૧૦ કલાક) |
| ૧૦ | ૧૨-૧૨-૧૯ | બનારસ | વહેલી સવારે આગમન. ભેલુપુર (શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચાર કલ્યાણક ભૂમિ)માં નવકારશી, સેવાપૂજા, ભદૈની દર્શન (શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના ચાર કલ્યાણક). ભોજન બાદ ચંદ્રપુરી દર્શન (શ્રી ચંદ્રપ્રભ સ્વામિ ભગવાનના ચાર કલ્યાણક ભૂમિ), સિંહપુરી દર્શન (શ્રી શ્રેયાંસનાથ |

| | | | |
|---|---|---|---|
| | | મોગલસરાઇ | ભગવાનના ચાર કલ્યાણક ભૂમિ), ચૌવિહાર બાદ મોગલસરાઇ સ્ટેશન તરફ પ્રયાણ. આગમન. રાત્રે ૧૧.૩૦ કલાકે ટ્રેન નં. ૧૨૯૪૨ દ્વારા અમદાવાદ તરફ પ્રયાણ. |
| ૧૧ | ૧૩-૧૨-૧૯ | ટ્રેનમાં | સફરનો આનંદ |
| ૧૨ | ૧૪-૧૨-૧૯ | અમદાવાદ | વહેલી સવારે આગમન. યાત્રા સમાપ્ત. જય જિનેન્દ્ર. |

**ટૂર ખર્ચ : વ્યક્તિ દીઠ રૂા. ૯,૦૦૦/-**

**ટૂર ખર્ચમાં સામેલ :**

★ પીવા માટે મિનરલ વોટર (પ્રવાસ દરમ્યાન રોજની ૧ બોટલ). (ધર્મશાળામાં ૨૦ લિટરના જાર રહેશે.)

★ રેલવે ટિકિટ સેકન્ડ ક્લાસ.

★ ટ્રેનમાં ભોજન વ્યવસ્થા ટૂર ઓપરેટરની રહેશે.

★ રૂમમાં ૪/૫ જણનો સમાવેશ રહેશે.

★ સ્વતંત્ર રસોડું.

★ બસ ૨ x ૨ પુશ બેક.

**ટૂર ખર્ચમાં સામેલ નથી :**

★ એન્ટ્રી ફી, રોપ-વે, ડોલી ખર્ચ.

★ સ્ટેશન પર કૂલી ખર્ચ.

★ ટાંગા, રીક્ષા, ટેક્ષી, ટેલિફોન, લોન્ડ્રી વગેરે.

**વધુ પૂછપરછ :**

*ડૉ. કેતન શાહ : ૯૮૨૫૬ ૮૭૭૪૧, ૮૭૩૪૦ ૮૮૭૩૯*

---

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## યુવા વિકાસ સમિતિ

**આગામી કાર્યક્રમ : નવરાત્રી રાસ-ગરબા**

યુવા વિકાસ સમિતિ દ્વારા આગામી નવરાત્રિ પ્રસંગે રાસ ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેની વિગત નીચે મુજબ છે.

***તા. ૨-૧૦-૨૦૧૯, બુધવાર***

***સમય : રાત્રે ૮.૩૦ વાગ્યાથી***

***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી***

ઉપરોક્ત રાસ-ગરબાના કાર્યક્રમમાં ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને રમનાર ખેલૈયાઓ જ ઇનામને પાત્ર રહેશે.

**નોંધ :**

★ ખેલૈયાઓ ટ્રેડિશનલ ડ્રેસમાં આવવાનો જ આગ્રહ રાખે.

★ ગરબામાં પ્રથમ ૧થી ૫૦ સુધી કૂપન લેનાર ખેલૈયાઓ માટે ૩ લક્કી ડ્રો ઇનામ રાખવામાં આવેલ છે.

★ વિવિધ વય મર્યાદાની સ્પર્ધાઓને વિજેતાઓને ઇનામનું વિતરણ કરવામાં આવશે.

★ રાસ-ગરબાના ઉપરોક્ત કાર્યક્રમમાં અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

★ આખરી નિર્ણય યુવા વિકાસ સમિતિનો રહેશે.

***ડૉ. કેતન આઈ શાહ***
***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## મેરેજ બ્યુરો સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ઉપરોક્ત સમિતિ, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સમસ્ત જૈન પરિવારોના લગ્નોત્સુક ઉમેદવારો માટે કાર્યરત છે.

આજની આધુનિક ટેકનોલોજીના યુગમાં લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી વેબસાઈટ પર મળી રહે તે માટે નવું પોર્ટલ શરૂ કરી રહ્યા છીએ.

આ પ્રકારની અતિ ઉપયોગી વેબસાઇટનો લાભ લેવા માટે લગ્નોત્સુક યુવક-યુવતીઓએ પોતાના નામનું રજિસ્ટ્રેશન આ સમિતિ સમક્ષ કરાવવું જરૂરી છે. ત્યારબાદ ઉમેદવાર પોતાની પસંદગીના પાત્રની વિગત ઓનલાઈન મેળવી શકશે.

તે સિવાય, રજિસ્ટર્ડ થયેલ ઉમેદવાર તથા તેમના પરિવારના સભ્ય દર શનિવારે બપોરે ૩.૩૦થી ૫.૩૦ દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મેરેજ બ્યુરો સમિતિના સભ્યોની રૂબરૂ મુલાકાત કરીને લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી સંબંધી ડેટા બેંકનો લાભ પણ લઈ શકશે.

***કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ***

*દાનપેટી મંદિરોમાં નહીં પરંતુ હોસ્પિટલો કે સ્કૂલોમાં હોવી જોઈએ કે જેથી જરૂરિયાતવાળાને ઈલાજ અને વિદ્યાર્થીને ભણવામાં આ રકમ કામ લાગે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# મહિલા ઉત્કર્ષ સમિતિ

### સેમિનાર અહેવાલ

"જૈન ધર્મ અને વિજ્ઞાનનો સંબંધ" વિષય ઉપર એક સેમિનાર તા. ૨૦-૦૮-૨૦૧૯ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાઈ ગયો. જેમાં બહોળી સંખ્યામાં (૮૦+) બહેનોએ જિજ્ઞાસાભેર ભાગ લીધો. સાથે અર્થોપાર્જન કરતી બહેનોને પોતાની પ્રોડક્ટ પ્રદર્શિત કરવાનો મોકો મળ્યો. જે માટે બહેનોએ અગાઉથી પોતાના માટે ટેબલની નોંધણી કરાવી હતી.

આગમ શાહ (I.T. Enterpreneur અને જૈન ધર્મના અભ્યાસી) આ સેમિનારના વક્તા હતા. જૈન ધર્મ અને વિજ્ઞાનને ઘણો ઊંડો સંબંધ છે. જૈન ધર્મ આજે પણ એટલો જ વૈજ્ઞાનિક છે અને તેને સંબંધિત છે. ગ્લોબલ વોર્મિંગના મુદ્દે આજે વૈજ્ઞાનિકો વિદેશોમાં જે કાંઇ સંશોધન કરી રહ્યા છે તે જૈન ધર્મના પાયાના સિધ્ધાંતો છે જેવા કે To stop wastage of food, to conserve water, to save environment, to save energy, to save carbon emission વગેરે. આ વિષયની સમજ વિસ્તારથી graphically data સાથે visual presentation ની મદદથી અપાઈ હતી. જે બહેનોને ખૂબ જ સ્પર્શી ગઈ હતી.

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં શહીદ ગૌસેવક અહિંસાદેવી ગીતાબેન રાંભિયાની ૨૫મી શહાદત નિમિત્તે શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. તેમના પતિ શ્રી બચુભાઈ રાંભિયાનું સન્માન કરાયું હતું, જેઓ ગીતાબેનના કાર્યને (ગાયોને કતલખાને જતી બચાવવાનું) આગળ ધપાવી રહ્યા છે. તેઓશ્રી, ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટનું સંચાલન પણ કરી રહ્યા છે.

Once more ની ભાવના સાથે અને ચૌવિહારને માન આપીને સૌ બહેનો છૂટા પડ્યા હતા.




*સેમિનારના વક્તા શ્રી આગમ શાહ*



*સમિતિની બહેનો સાથે શ્રી બચુભાઈ રાંભિયા, શ્રી આગમ શાહ અને પ્રભાબેન કાંતિલાલ સાવલા*



*સેમિનારમાં ઉપસ્થિત બહેનો*



*શહીદ ગૌસેવક અહિંસાદેવી ગીતાબેન રાંભિયાની ૨૫મી શહાદત નિમિત્તે તેમના પતિ શ્રી બચુભાઈ રાંભિયાનું સન્માન કરતા શ્રી આગમ શાહ*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

**● આગામી કાર્યક્રમ ●**

## ન્યૂટ્રિસ્નેક્સ - કુકિંગનું ડેમોન્સ્ટ્રેશન

કુકિંગ વાનગીઓનું ડેમોન્સ્ટ્રેશન કુકિંગ તજજ્ઞ દ્વારા અપાશે. જેનું રિજસ્ટ્રેશન માત્ર ને માત્ર સ્વામિવાત્સલ્યના દિવસે જ થશે, પછી નહીં.

*કાર્યક્રમ* : *'Nutrisnacks'' ડેમોન્સ્ટ્રેશન*
*તારીખ* : *બુધવાર, તા. ૨૫-૦૯-૨૦૧૯*
*સમય* : *બપોરના ૨.૩૦ વાગ્યાથી*
*સ્થળ* : *શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*
*રજિસ્ટ્રેશન* : *સ્વામિવાત્સલ્યના દિવસે અને સ્થળે (વહેલા તે પહેલાના ધોરણે)*
*ફી* : ***Token Rs. 50/-***

★

**● આગામી કાર્યક્રમ ●**

## કેન્સર જાગૃતિ અભિયાન અંતર્ગત મેમોગ્રાફી અને પેપ ટેસ્ટ રજિસ્ટ્રેશન કેમ્પ સ્વામિવાત્સલ્યના દિવસે

આપણે સૌ જાણીએ છીએ કે ગર્ભાશય અને સ્તન કેન્સર ભયજનક રીતે વધી ગયેલ છે. ઘણી બહેનો આ જીવલેણ બીમારીનો ભોગ પણ બની ચૂકી છે. જેને નિવારવા શક્ય તેટલી જાગૃતિ ફેલાવવી ખૂબ જરૂરી છે, તેમ જ તેના રોકથામ માટે કેટલીક અગમચેતી રાખવી અનિવાર્ય છે – જેવી કે સમયાંતરે કેન્સરના નિદાન માટેના ટેસ્ટ કરાવવા.

*કેમ કે....*

જેટલું નિદાન વહેલું, તેટલી સારવાર સહેલી. જો કેન્સરનું નિદાન Zero Stageમાં જ થઈ જાય તો ૧૦૦% તેને અટકાવી શકાય. ગર્ભાશયના મુખના કેન્સરના નિદાન માટેનો ટેસ્ટ – **પેપ ટેસ્ટ** અને સ્તન કેન્સરના નિદાન માટે – **મેમોગ્રાફી.**

આ બંને ટેસ્ટ માટેનું રજિસ્ટ્રેશન માત્ર ને માત્ર સ્વામિવાત્સલ્યના દિવસે જ કરાવી શકાશે. બહેનો પોતાના અનુકૂળ દિવસે એપોઇન્ટમેન્ટ લઈને કરાવી શકશે.

***આ ટેસ્ટ કરાવવા માટેના સ્થળ નીચે પ્રમાણે :***

*મેમોગ્રાફી ટેસ્ટ* : સાયન્ટિફિક લેબ, સેન્ટર પોઇન્ટ કોર્નર, પંચવટી.
*પેપ ટેસ્ટ* : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.

★

*કાર્યક્રમ* : *મેમોગ્રાફી અને પેપ ટેસ્ટ રજિસ્ટ્રેશન કેમ્પ.*
*તારીખ* : *રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯ (સ્વામિવાત્સલ્યના દિવસે)*
*રજિસ્ટ્રેશન સ્થળ* : *શ્રી કચ્છી જૈન ભવન - પાલડી*
*રજિસ્ટ્રેશન ફી* : *મેમોગ્રાફી – રૂા. ૨૫૦/- ફક્ત*
*પેપ ટેસ્ટ – રૂા. ૫૦/- ફક્ત*

**આટલા ખર્ચાળ ટેસ્ટ નજીવા દરે....**

- **ખાસ નોંધ :**

૧. *બંને ટેસ્ટ કરાવવાના સ્થળ અલગ છે, જેની ખાસ નોંધ લેવી.*
૨. *મેમોગ્રાફી : આ ટેસ્ટ દર બે વર્ષે ૪૦ વર્ષથી ઉપરની દરેક બહેન માટે જરૂરી.*
*પેપ ટેસ્ટ : આ ટેસ્ટ ૩૦ વર્ષથી ઉપરની દરેક બહેન માટે જરૂરી.*
૩. *આ બંને ટેસ્ટ કરાવવાનો ખર્ચ અન્યત્ર રૂા. ૩,૦૦૦/- થી વધારે થાય.*
૪. *વધુ માહિતી રજિસ્ટ્રેશન વખતે મળી રહેશે.*

**કેન્સર એટલે કેન્સલ નહીં**
**થોડી અગમચેતી સાથે**

***સુલુ જલદીપ શાહ, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

*એક વખત સ્વર્ગમાં દરબાર ભરાયો હતો. દરવાજા પાસે બે માણસો આવીને ઊભા રહ્યા. દરવાને એક માણસને દાખલ કર્યો કે તરત જ બીજા માણસે વાંધો ઉઠાવ્યો. તેણે કહ્યું : 'આ માણસ ભિખારી છે. અમારી દુનિયામાં તે ભીખ માગતો હતો.'*

*દરવાને પૂછ્યું : 'ત્યારે તમે શું કરતા હતા?' જવાબ મળ્યો : 'હું તો મોટો કરોડપતિ છું.'*

*દરવાને જવાબ આપ્યો : 'માફ કરજો સાહેબ, અહીંના ચોપડામાં તમારા નામે જમા થયેલી એક પાઈ પણ નથી. આ ભિખારીએ બહુ જ દુઃખી સ્થિતિમાં બીજા એક ભિખારીને બે આનાની મદદ કરી હતી. એના બે આના અહીં જમા કરવામાં આવ્યા છે. માફ કરજો, હું તમને દરબારમાં દાખલ નહીં કરી શકું.'*

## ઊડતી નજરે....

**માસ જુલાઈ-૨૦૧૯ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** ............ | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ | ૧૩,૭૯૦ |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............ ૬૨૩ | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ............ ૭૩ | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............ ૧૭ | |
| | ● | સોનોગ્રાફી ............ ૧,૫૯૭ | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ............ ૯૩ | |
| | ● | બોડી ચેક-અપ ............ ૫૧૫ | |
| | ● | અન્ય ............ ૧૦,૮૭૨ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ | ૭૩૬ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ ૧,૯૮૨ | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ ૫૦૦ | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... ૫૦૩ | ૨,૯૮૫ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ | ૩૮૨ |
| | | *માસ જુલાઈ-૨૦૧૯ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ........* | ૧૭,૮૯૩ |

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂ.૧૦/- | ૫. વૉકર | રૂ. ૨/- | ૯. બેડ પાન | રૂ. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂ. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂ. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂ.૧૦/- |
| ૩. ઑક્સિજન સિલિન્ડર (નાનો) | રૂ. ૫/- | ૭. કમોડ ચેર | રૂ. ૩/- | ૧૧. ટેબલ ટૉપ (ફાઉલર બેડ માટે) | રૂ. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂ. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂ. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઑક્સિજન મશીન | રૂ.૫૦/- |
| | | | | ૧૩. સક્શન મશીન | રૂ.૨૦/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે.
**(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

*પ્રદીપ એસ. મહેતા* - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબેન કાનજીભાઇ રવજી (નાની ખાખરવાલા))
**શ્રી કચ્છી જૈન સેવા ભવન**
એસ.ટી. સ્ટેન્ડ પાસે, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુમીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
પાલડી, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
**શ્રી કચ્છી વિશ્રામ ગૃહ**
શાહીબાગ, અમદાવાદ.




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
**શ્રી નવનીત ભવન (આવાસ યોજના)**
બહેરામપુરા, અમદાવાદ.


વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Punjab
Uttara khand
Delhi
Rajasthan
Uttar Pradesh
Assam
Bihar
Ahmedabad
Gujarat
Madhya Pradesh
Jharkhand
West Bengal
Kolkata
Chhattisgarh
Maharashtra
Odisha
Mumbai
Pune
Telangana
Hyderabad
Goa
Karnataka
Andhra Pradesh
Bangalore
Chennai
Kerala
Tamil Nadu
V-TRANS
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ નેટવર્ક
બુકિંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
V-Logis
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

મંગલ મંદિર ● સપ્ટેમ્બર-૨૦૧૯ ● ૬૭



"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ગુરૂવાર, તા. ૧૫-૦૮-૨૦૧૯ ★ ૭૩મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં ધ્વજવંદન કરાવતા
જાણીતા તત્વચિંતક અને સી.એ. શ્રી નીતમભાઈ રસિકલાલ વકીલ



ધ્વજવંદન બાદ પ્રાસંગિક પ્રવચન આપતા
જાણીતા તત્વચિંતક અને સી.એ. શ્રી નીતમભાઈ રસિકલાલ વકીલ



ધ્વજવંદન બાદ પ્રાસંગિક પ્રવચન આપતા
સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રદીપ એસ. મહેતા





ધ્વજ વંદન સમયે ઉપસ્થિત સંસ્થાના હોદ્દેદારો તથા સમાજ પરિવારજનો